




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માતૃસત્તા વિશેષાંક ( ઉત્તરાર્ધ )

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ભલે ટૂંકું, પણ શ્રેષ્ઠ જીવન | ૧ |
| ૨. | સફળ સંવેદનાઓનું મૂળ-માતૃતત્ત્વ | ૨ |
| ૩. | બાલ્યકાળના લીલા પ્રસંગો | ૪ |
| ૪. | માતૃત્ત્વનો પાલવ વધતો જ ગયો | ૬ |
| ૫. | દિવ્ય સાધના-સ્થળની પસંદગી | ૯ |
| ૬. | સિદ્ધિદાત્રી 'મા'ની પ્રગાઢ થતી સાધના | ૧૨ |
| ૭. | ગુરુદેવનું પુનરાગમન અને પ્રાણ પ્રત્યાવર્તન | ૧૪ |
| ૮. | સંતાનો પર પ્રેમ અને આશિષ વરસાવનાર મા | ૧૬ |
| ૯. | મહાશક્તિમાં સમાઈ જવાનો શિવ-સંકલ્પ | ૧૯ |
| ૧૦. | ભાવ-વિહ્વળ, વિયોગનું મહાતપ કરનાર 'મા' | ૨૨ |
| ૧૧. | મહાશક્તિનો મહિમા પ્રગટ થયો | ૨૪ |
| ૧૨. | સંસ્કૃતિ-સંવેદનાએ પામ્યો રાષ્ટ્રવ્યાપી વિસ્તાર | ૨૭ |
| ૧૩. | પોતાના સંતાનોને 'મા' નું આશ્વાસન | ૩૦ |
| ૧૪. | દુશ્મનને પણ પ્રેમ કરવાનું શીખો ગુરુદેવ અને માતાજી પાસેથી | ૩૩ |
| ૧૫. | યુગ ગીતા-૩૬ | ૩૫ |
| ૧૬. | ચેતનાની શિખરયાત્રા | ૩૬ |
| ૧૭. | વંદનીયા માતાજીનો વિભૂતિવાનોને સંદેશ | ૪૩ |
| ૧૮. | અપનો સે અપની બાત | ૪૬ |


## સુવર્ણ જયંતી-શપથ સમારોહમાં આવનાર પરિજનો માટે કંઈક અનુશાસન તથા સાવધાની

(૧) ઓક્ટોબર મહિનામાં હલકી ઠંડી રાત્રે લાગશે. તેથી પોતાની સાથે કામળો, શાલ તથા નાનો બિસ્તરો પોતાની સાથે લાવવા જરૂરી છે.

(૨) આ સમારોહનું ક્ષેત્ર લગભગ ૨કિ.મી.ની પરિધિનું હશે, જેમાં ટેન્ટોમાં વસેલ નગર, યજ્ઞશાળા, સંસ્કાર શાળા, પ્રવચનમંચ, ભોજનાલય, સાહિત્ય-સ્ટોલ તથા પ્રદર્શની સામેલ છે.

(૩) અનુદાન નિર્ધારિત દાન પાત્રોમાં જ નાંખશો અથવા અનુદાન કાઉન્ટર પર દાન આપી રસીદ પ્રાપ્ત કરી લેશો.

(૪) બધા પરિજનોએ યથાસંભવ પીળા-ઝભ્ભા, ધોતીયા તથા મહિલાઓ પીળી સાડી કે પીળા વસ્ત્ર પહેરીને આવે.

(૫) કોઈ વસ્તુ કે વ્યક્તિ ખોવાયાની સૂચના ખોયા-પાયા બૂથ કે કેન્દ્રીય કાર્યાલયને આપે. કેન્દ્રીય કાર્યાલય ગાયત્રી તપોભૂમિના મુખ્ય દ્વારના સામે સીતારામ આશ્રમમાં રહેશે.

(૬) આટલા મોટા આયોજનોમાં ચોર-ઉઠાવગીર પણ સામેલ થઈ જાય છે. સુરક્ષાની દૃષ્ટિએ મહિલાઓ આભૂષણ પહેરીને ન આવે. કોઈ અપરિચિત વ્યક્તિ દ્વારા અપાયેલ પ્રસાદ કે કોઈ ચીજ ગ્રહણ ન કરશો. પરિજન પોતાનું ધન સંભાળીને રાખે અથવા અમાનત કાઉન્ટર પર જમાવી કરાવી દે.

(૭) આયોજનમાં સ્વયં સેવક ગાયત્રી પરિવારના પરિજન છે. તેમના નિવેદન સાંભળો અને સ્વીકાર કરો. મુશ્કેલીઓ માટે આવાસ સ્થળ પર બનેલ કાર્યાલય પર સંપર્ક કરો.

(૮) બધા પરિજન પરિચય પત્ર લગાવી રાખે. અસમર્થ વૃધ્ધજનો તથા નાના બાળકોને સાથે ન લાવશો.

(૯) આકસ્મિક ઉપચાર માટે ચિકિત્સા કેન્દ્ર પર સંપર્ક કરો.

(૧૦) પોતાના વાહનથી આવતાં મથુરા શહેર શરૂ થતાં પૂર્વ રોડ ઉપર માર્ગદર્શન કેન્દ્ર હશે ત્યાંથી માહિતી મેળવી કાર્યક્રમ સ્થળે પહોંચશો.

## આસો નવરાત્રિ ગાયત્રી સાધકો માટે તપનું મહાપર્વ છે

ગાયત્રીના ચોવીસ લાખના મહાપુરશ્ચરણનું સુફળ આસો નવરાત્રીના નવ દિવસોમાં ભાવપૂર્વક કરાયેલ ૨૪ હજારના લઘુ અનુષ્ઠાનથી જ મળી જાય છે. આ વિશેષ દિવસોમાં કરાયેલ લઘુ અનુષ્ઠાનથી જ દુષ્કર-દુર્યોગ અનાયાસે દૂર થઈ જાય છે અને અનેક શુભ સુફળોની પ્રાપ્તિ થાય છે.

પોતાની બધી વ્યસ્તતાઓ અને વિવશતાઓને એક બાજુ રાખી આ નવ દિવસોમાં ખૂબ જ શ્રધ્ધા ભાવના સાથે ગાયત્રી મહામંત્ર ૨૪,૦૦૦ જપનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ. ૨૪૦૦ મંત્રલેખનથી પણ આ લઘુ અનુષ્ઠાન પૂર્ણ થાય છે.

નવરાત્રિની પૂર્વ સંધ્યા પર અનુષ્ઠાનનો સંકલ્પ કરી દરરોજના ૨૭ માળાના જપ કરવા જોઈએ, જપ સાથે તપના વિશેષ નિયમ જ સામાન્ય સાધનાનાં અનુષ્ઠાનનું સ્વરૂપ પ્રદાન કરે છે. તપના ક્રમમાં (૧) ભૂમિ કે પાટ પર શયન, (૨) બ્રહ્મચર્ય પાલન, (૩) એક સમયનું ભોજન, (૪) વાણી પર અનિવાર્ય નિયંત્રણ, સંભવ હોય તો મૌન પાલન, (૫) કોઈનાથી પણ પોતાને માટે સેવા ન લેવાનો નિયમ. આદ્યશક્તિ માતા ગાયત્રીની કૃપા અવતરણ માટે આ જ સુપાત્રતા, સત્પાત્રતાની કસોટી છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૧૦
પ્રકાશન તિથિ ૨૫-૯-૨૦૦૨
ઓક્ટોબર - ૨૦૦૨
એક અંક : રૂા. ૫-૦૦

## ભલે ટૂંકું, પણ શ્રેષ્ઠ જીવન

જેમનો દૃષ્ટિકોણ ઉત્કૃષ્ટ હોય, તેમના હાથમાં જઈને નકામી વસ્તુ પણ સુંદર બની જાય છે. તેઓ પોતાની અભિરુચિ પ્રમાણે તેને પણ ઢાળે છે. સંત ઈમર્સનનો દાવો હતો કે તેઓ નરકમાં જઈને ત્યાં પણ સ્વર્ગનું વાતાવરણ ઉત્પન્ન કરી શકે છે.

સુરુચિનો જાદૂ સામાન્ય અને તુચ્છ વસ્તુઓ તથા વ્યક્તિઓને પણ સુંદર બનાવી દે છે, પરંતુ જો દૃષ્ટિકોણ દૂષિત હશે તો ભલાઈ પણ ધીમે ધીમે બૂરાઈમાં બદલાઈ જશે. સાપના પેટમાં જઈને દૂધ પણ ઝેર બની જાય છે. કુસંસ્કારી વ્યક્તિ પોતાના સંપર્કમાં આવનારી વ્યક્તિઓ અને પદાર્થોને પણ ગંદાં બનાવી દે છે. દૃષ્ટિકોણની શ્રેષ્ઠતા જ વાસ્તવમાં માનવજીવનની શ્રેષ્ઠતા છે.

ઉત્કૃષ્ટતાનું ગૌરવ હંમેશાં ટકી રહે છે. છેતરપિંડી અને લુચ્ચાઈ ગમે તેટલી વધી જાય, સજ્જનતાનો માર્ગ તેના કારણે ભલે ગમે તેટલો કષ્ટદાયક થઈ જાય, છતાં પણ અંતે તો ઉત્કૃષ્ટતાને જ સ્થિરતા અને સફળતાનું શ્રેય મળે છે. પરીક્ષામાં સારા નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓની માંગ દરેક ક્ષેત્રમાં રહે છે, જ્યારે ઊતરતી શ્રેણીમાં પાસ થનારાઓની પ્રગતિ મર્યાદિત થઈ જાય છે.

જીવન એક પરીક્ષા છે. તેને ઉત્કૃષ્ટતાની કસોટી પર જ દરેક જગ્યાએ ચકાસવામાં આવે છે. જો તે સાચું સાબિત ન થઈ શકે તો સમજવું જોઈએ કે પ્રગતિનાં દ્વાર અવરોધાયેલાં જ છે.

-ઋષિચિંતનના સાંનિધ્યમાં ગ્રંથમાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સકળ સંવેદનાઓનું મૂળ - માતૃતત્ત્વ

માતૃતત્ત્વ, જીવન અને જગતની સમસ્ત સંવેદનાઓ અને સંભાવનાઓનું મૂળ છે. સર્જનનાં બધાં સંવેદનો આની જ ફળદ્રુપતામાં અંકુરિત થાય છે. વિશ્વની બધી સંભાવનાઓ અહીંથી જ અભિવ્યક્ત થાય છે. આ જ તે પરમ પૂર્ણતા છે જેના એક અંશમાત્રમાંથી જગતનો વિસ્તાર થયો છે. આ સત્યને વૈદિક ઋષિઓએ 'એકાંશેન સ્થિતિ જગત્' કહીને પરિભાષિત કર્યું છે. તે સૃષ્ટિની કૂખ છે જેમાંથી જીવનમાં વિવિધ રૂપો જન્મ્યાં છે. દાર્શનિકોએ આને જ જીવન અને જગતનાં બધાં અનિવાર્ય તત્ત્વોને ધારણ અને પોષણ કરનાર મૂળ પ્રકૃતિ કહી છે. આ જ ઋગ્વેદમાં વર્ણવેલ આદિમાતા અદિતિ છે, જે સ્વયં અનાદિ, અનંત અને અવિભાજ્ય રહીને પણ બધા લોકોને જન્મ અને જીવન પ્રદાન કરે છે. અંતમાં બધા જ તેમાં જ વિલીન થઈ જાય છે. વિશ્વ-બ્રહ્માંડનું સંચાલન કરનાર આદિશક્તિ આ જ માતૃત્વનો પરિચય અને પર્યાય છે.

માતૃતત્ત્વનું જ્ઞાન સમસ્ત યોગસાધનાઓની ચરમ પરિણતી છે. યોગનાં વિભિન્ન તત્ત્વો અને પ્રકાર, વિધિ અને અનુશાસન આ જ પરમ પૂર્ણતાને જાણવા અને પ્રાપ્ત કરવા માટે છે. ચિત્તવૃત્તિના નિરોધથી માતૃતત્ત્વની ચિત્શક્તિ જ પ્રકાશિત અને પ્રગટ થાય છે. આમાં જ સાધકને પોતાના સ્વરૂપનું જ્ઞાન થવાની સાથે અનેક યૌગિક વિભૂતિઓની પ્રાપ્તિ થાય છે. સાધકોની સાધના અને સિદ્ધિની આધારભૂમિ આ જ છે. આ જ યોગીઓની કુંડલિની શક્તિ પણ છે, જેની જાગૃતિ માત્રથી યોગસાધકોમાં મહાશક્તિની અભિવ્યક્તિનાં અનેક સ્રોત ખૂલી જાય છે. માતૃતત્ત્વની કૃપાથી જ યોગસાધક સક્ષમ અને સમર્થ બને છે. અનેકાનેક સિદ્ધિઓ અને વિભૂતિઓ તેનું અનુગમન અને અનુસરણ કરે છે. તેમાં કૈવલ્યનું તેજ પ્રગટ થાય છે.

પોતાની સંપૂર્ણતામાં યોગગમ્ય, ધ્યાનગમ્ય અને જ્ઞાનગમ્ય માતૃતત્ત્વનો સામાન્ય પરિચય જીવને જન્મતાંની સાથે જ થઈ જાય છે. પ્રત્યેક પ્રાણી માતૃતત્ત્વની સજલ ભાવાનુભૂતિઓમાં જીવનને પ્રાપ્ત કરે છે. તેની માતા જ તેને માટે સર્વસ્વ છે. તેના હૃદયમાંથી પહેલો પોકાર મા માટેનો જ હોય છે. હોઠમાંથી પહેલો શબ્દ મા જ નીકળે છે. બધા સગાઈ-સંબંધો, બધા સંબંધો-સંવેદનાઓ માતૃતત્ત્વની આસપાસ પોતાનું અસ્તિત્ત્વ વણે છે. બધાના કેન્દ્રમાં મા જ હોય છે. જે માતાની નિકટ હોય છે તેનાથી જ ઘનિષ્ઠતાની અનુભૂતિ થાય છે. માતાના સંવેદના-વિસ્તારમાં જીવનની સંવેદનાઓ વિસ્તાર પામે છે. જન્મકાળમાં કેવળ આ જ એક જીવન-સત્ય પોતાની સંપૂર્ણ તીવ્રતામાં, સમગ્ર અસ્તિત્વમાં સ્પંદિત થાય છે. આ સમજવામાં કોઈને પણ જરા જેટલીય વાર નહિ લાગે કે પ્રત્યેક શિશુનું જીવન માતૃમય હોય છે. માતૃતત્ત્વ જ તેને માટે સુખ, સુરક્ષા, આનંદ અને પ્રેમનો પર્યાય છે.

આ ભાવાનુભૂતિઓ સ્થાયી રહી શકતી નથી. જેમ જેમ જીવનચેતના બહિર્મુખી થતી જાય છે તેમ ધીમે ધીમે તે વિલીન થતી જાય છે. અહંતા સુદૃઢ બનતાં જ આ બધી સંબંધ-સંવેદનાઓ દુર્બળ બનતી જાય છે, જે ક્યારેક માતાના ગર્ભમાં પોતાના જીવનને મજબૂતાઈથી બાંધનારી હતી. અહંતા અને બૌદ્ધિકતા જીવનને જન્મ આપનાર માતાથી વિયોગ કરાવે છે. અંશ પોતાને પરમ પૂર્ણ સમજી લેવાનો દંભ પોષે છે. વિસ્મૃતિની અચેતનતાથી જીવનચેતના ખરાબ રીતે ઘેરાઈ જાય છે. વિદ્યાઃ સમસ્તાસ્તવ દેવિ ભેદાઃ સ્ત્રિયાઃ સમસ્તાઃ સકલા જગત્સુ અર્થાત્ 'હે માતા, વિશ્વની બધી જ વિદ્યાઓ અને જગતની બધી સ્ત્રીઓ તમારું જ સ્વરૂપ છે.' આ સૂત્ર ખોવાઈ જાય છે. માતૃતત્ત્વથી વિમુખ થઈને જીવન અણજાણ અંધકારમાં ભટકવા માંડે છે.

આ ભ્રમણમાંથી ઊગરવાનો એક જ ઉપાય છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માતૃતત્ત્વ પ્રત્યે સાચી અભીપ્સા. જગત અને જીવનને જન્મ આપનાર માતા પ્રત્યે અવિરલ-અનુરાગ. આ જ તે મહાયોગનું આરંભબિંદુ છે, જે જીવનની અપૂર્ણતાને પરમ પૂર્ણતા પ્રતિ લઈ જાય છે અને પોતાની અંતિમ પરિણતિમાં તેને પૂર્ણતાનું વરદાન બક્ષે છે. વૈદિક ઋષિઓથી માંડીને મહાયોગી શ્રી અરવિંદે આ જ પંથનું અનુસરણ કર્યું છે. આ માર્ગ પર ચાલીને જ તેઓ પૂર્ણતાના વરદાનથી લાભ પામ્યા. ઋગ્વેદના અગણિત મંત્રોની સાથે શ્રી અરવિંદના મંત્ર કાવ્ય-સાવિત્રીની અનેક પંક્તિઓ આ સમાધિ-સત્યની સાક્ષી છે. મહાયોગી શ્રી અરવિંદે મંત્ર કાવ્ય સાવિત્રીના ત્રીજા પર્વને 'ભગવતી શ્રી માતાનું પર્વ' કહ્યું છે. તેમાં માતૃતત્ત્વની બહુ જ માર્મિક અને અનુભૂતિપૂર્ણ વ્યાખ્યા છે.

પરમપૂજ્ય ગુરુદેવની અનુભૂતિ પણ કંઈક આવી જ છે. તેમણે કોઈ એકાદ નહિ, અનેક સ્થાનોએ કહ્યું છે કે માતૃતત્ત્વની સાધના જ જીવનને સંસ્કારી અને પરિષ્કૃત કરે છે. આનાથી જ જીવન સમર્થ અને શક્તિવાન બને છે. આ વિશે તેમણે સમયે સમયે કેટલીક વિશેષ વાતો પણ કહી. તેમણે કહ્યું કે કાલપ્રવાહમાં સામાન્ય અને અસામાન્ય ક્ષણો પ્રવાહિત થતી રહે છે. સામાન્ય ક્ષણોમાં મનુષ્ય માતૃતત્ત્વની અભિલાષા સેવે છે. માતાની પરમ પૂર્ણતાનું જ્ઞાન પામવા માટે યોગ સાધનામાં નિમગ્ન રહે છે. ધ્યાન અને જ્ઞાનની સાધના કરીને આદિમાતા પાસે પોતાના જીવનની પૂર્ણતાનું વરદાન પામવાની પ્રાર્થના કરે છે.

અસામાન્ય ક્ષણોમાં પોતાની કૂખથી જીવન અને જગતનો પ્રસવ કરનારી માતા ખુદ યત્નશીલ હોય છે. સૃષ્ટિને સુસંસ્કારી બનાવવા માટે તે સ્વયં યુગશક્તિ બનીને અવતરિત થયેલ છે. તે પોતાના ગુમરાહ સંતાનોને રાહ બતાવવા માટે આવી છે. તેની દૈવી ચેતના માનવીય દેહથી અભિવ્યક્ત થાય છે. મહાદેવી સ્વયં માનવી બનીને પોતાનાં અસંખ્ય સંતાનોને લાડ-પ્યાર કરે છે. આદિશક્તિ, યુગશક્તિનું રૂપ ધારણ કરીને સત્પંથનું પ્રવર્તન કરે છે. જગન્માતા કોઈ સંકેત, ઈંગિત અથવા આદેશથી નહીં, પરંતુ સ્વયં જીવનના બધા આયામોને જીવીને તત્ત્વ અને સત્યનું જ્ઞાન આપે છે. પોતાનાં બાળકોને આંગળી પકડીને જીવન જીવવાની કળા પ્રબોધે છે.

સૃષ્ટિના ઈતિહાસમાં આ ક્ષણો ખૂબ જ મહિમામય હોય છે. અગણિત આકુલ ક્ષણોના પોકારનો ઉત્તર આપવા માટે, કરુણામયી માતા અવતાર લેવા માટે સંકલ્પબદ્ધ થાય છે. એ દેશ ખૂબ જ ભાગ્યશાળી છે, ધરતીનો એ પાલવ જેને આદિમાતા પોતાની લીલાભૂમિરૂપે પસંદ કરે છે. એ લોકો પણ ખૂબ જ પુણ્યશાળી છે જેઓ કોઈપણ રૂપે તેમના સ્વજનો અને પરિજનો બને છે. આ બધાય કરતાં કંઈ ગણા વધારે ધન્ય તો તેઓ છે જે ભક્તિભાવથી ઊભરાતાં તેમનાં હૃદયોને માતાનાં ચરણોમાં ધરીને માતૃતત્ત્વનું અર્ચન-વંદન કરે છે. તેઓ પણ ઓછા પુણ્યશાળી નથી જેઓ દિવ્ય જનનીની લીલા-કથાનું સ્મરણ-ચિંતન અને અવગાહન કરતાં કરતાં તેમની જ્યોતિર્મય ચેતનાથી એકાત્મ બનવાની સાધના કરે છે.

સાધનાના ભાવપૂર્ણ સ્વરોનો ઉત્તર આપવા માટે જ તો ભાવમયી માતા ભગવતી અવતાર ધારણ કરે છે. એટલા માટે તો માતૃતત્ત્વની વિશુદ્ધ ચેતના ઘનીભૂત બનીને સ્થૂળ રૂપે પ્રકટ થાય છે. મનુષ્યની જન્મ-જન્માંતરની આધ્યાત્મિક અભીપ્સાઓનો ઉત્તર આપવા માટે જ માતૃતત્ત્વની દિવ્ય જ્યોત જન્મ લે છે. તેના પ્રકાશથી લોકોના બાહ્ય આવરણ જ નહિ, જીવોનાં અંતઃકરણો પણ પ્રકાશિત બને છે. યુગશક્તિના અવતરણથી હવામાં અલૌકિક સુગંધ ફેલાવા લાગે છે. જાગૃત આત્માઓ પોતાનાં અંતઃકરણોમાં ખૂબ જ અદ્ભુત સ્પંદનોનો અનુભવ કરે છે. આદિશક્તિની દિવ્ય જ્યોતિના જન્મનો મહોત્સવ મનાવવા માટે ઋષિ, દેવતા અને સિદ્ધગણ સક્રિય થવા માંડે છે. સૃષ્ટિની સમસ્ત દિવ્ય શક્તિઓમાં એક અનોખું ચૈતન્ય વ્યાપ્ત થાય છે. આદિશક્તિના અવતરણ સમયે કંઈક આવો જ આભાસ થતો હતો.

❖ ❖ ❖



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બાલ્યકાળના લીલા પ્રસંગો

સ્વજનોની સાથે વીતતી બાલ્યકાળની એ પળોમાં ખૂબ જ મીઠાશ હતી. ક્યારેક ક્યારેક તેમના અનોખાપણમાંથી- અલૌકિકતાની ઝાંખી ઊઠતી. ભગવતી પોતાની માતા સાથે બધા ભાઈબહેનોની લાડલી બની ગઈ હતી. રંગ-રૂપ સામાન્ય હોવા છતાં પણ તેનામાં એક દૈવી મોહિની હતી. અડોશ-પડોશના લોકો, સગાંસંબંધી, પરિચિત જ્ઞાતિજનો બધા આ દૈવી સમ્મોહનમાં અનાયાસે જ બંધાઈ જતા. તે બધાની પ્રિય ‘લાલી’ હતી. વ્રજભૂમિ ક્ષેત્રમાં આ શબ્દ બહુ જ પ્યારી, લાડકી, નાની બાલિકાઓ માટે પ્રયોજાય છે. કથા અને લોક્વાયકા તો એવી પણ છે કે આ શબ્દ સૌથી પહેલાં બરસાનામાં, રાધારાણીને સાદ દેવા પ્રયોજવામાં આવ્યો. વૃષભાનુનંદિની પોતાનાં માતા-પિતા અને ભાઈ શ્રીદામાની સાથે સમગ્ર બરસાતાની લાલી હતી. પરમપુરુષની આહ્લાદિની શક્તિને બધાં પ્યારથી “લાલી” કહીને બોલાવતા હતા.

ભગવતીને પણ આ જ સંબોધન મળ્યું હતું. જન્મદાતા માતા રામપ્યારી, પિતા જશવંતરાય, બન્ને ભાઈઓ દીનદયાલ અને સુનહરીલાલ તથા મોટી બહેન ઓમવતી - બધાં તેને ‘લાલી’ જ કહેતા હતાં. પડોશીઓની જીભ પર પણ આ જ સંબોધન લખાઈ ગયું હતું. લાલી બધાની પોતાની હતી. બધાનો પ્યાર તેના પર એકધારો વરસતો હતો. બચપણમાં જેવી રીતે અન્ય બાળકો તોફાની,ચંચળ અને નટખટ હોય છે, એવું તો તેનામાં કાંઈ ન હતું. ભોળપણ અને નિર્દોષતાને લીધે તેની ગજબની શાંત પ્રવૃત્તિ હતી. નાનાં નાનાં કદમો માંડતાં જયારે તે ચાલતાં શીખી અને વાણી દ્વારા બોલ પ્રગટ થવા માંડ્યા તો તેણે પોતાની માતાને અમ્મા અને પિતાને દાદ કહેવાનું શીખી લીધું. નાનકડાં કદમોથી ધીમે ધીમે ચાલતી પોતાની આ પ્યારી ‘લાલી’ને જશવંતરાય પ્રેમવિભોર થઈને ગોદમાં ઊઠાવી લેતા. પોતાની લાડકવાયીની દરેક ઈચ્છાને તે પોતાનું સૌભાગ્ય માનીને પૂરી કરતા. તે તેમને પોતાની દિવ્ય અનુભૂતિઓનું સાકાર રૂપ લાગતી.

કાળના રથ પર આરૂઢ ભગવતીનો બાલ્યકાળ પોતાની ચતુર્દિક વાતાવરણમાં જીવનના મધુર સંગીતની સૃષ્ટિ ખડી કરતાં કરતાં આગળ ધપી રહ્યો હતો. ત્યારે જ આ મધુરતામાં અનાયાસ શોક-વિષાદનો સૂર ગૂંજી ઊઠ્યો. જન્મદાત્રી માતા પોતાની લાડકવાયી “લાલી”ને કેવળ ચાર વર્ષની વયે છોડીને પરલોકવાસી બની. બીમારી દૈવની આ ક્રૂરતાનું નિમિત્ત બની. ભગવતીનાં બાળનેત્રોમાં આંસુ છલકાયાં. તેના નાનકડા દિલમાં ભાવનાઓની ભરતી ચડી. માતૃવિયોગની પળો તેને માટે દારુણ પળો હતી.ચાર વર્ષની નાનકડી બાલિકાને માટે તો ‘મા’ જ સર્વસ્વ હોય છે. એ જ મા જીવિત ન હોય તો ? પરંતુ જે હકીકત હતી તે તો હતી જ. પોતાની માતાની યાદમાં તે દિવસોમાં તે ખૂબ રોઈ પરંતુ આ કરુણ દશામાં પણ તેની આંતરિક ચેતના જાગૃત, સક્રિય અને સચેતન બની રહી. મોટી બહેન અને ભાઈઓને એ બાબતનું ભારે આશ્ચર્ય થતું કે નાનકડી ‘લાલી’ ક્યારેક ક્યારેક તેમને પણ સમજાવતી.

ક્યારેક ક્યારેક તે ગુમસુમ ચૂપચાપ પલાઠી વાળીને બેસી જતી. તેને આવી ભાવમગ્ન દશામાં બેઠેલી જોઈને ઘરના સભ્યોને અચરજ થતું. તેઓ બધા તેની અંતર્દશાથી અપરિચિત હતા. તેઓમાંથી કોઈ એવું વિચારી પણ શકતું ન હતું કે આ નાનકડી બાળા આ રીતે એકાંતમાં શાંત બનીને શા માટે બેસી રહી છે ? એક દિવસ મોટાભાઈ દીનદયાળે તેને આ રીતે બેઠેલી જોઈને પૂછયું ‘‘લાલી, તું આવી રીતે ચૂપચાપ શાંત કેમ બેઠી છે ? બાળકોની સાથે ખેલતી કૂદતી કેમ નથી ? તને જોઈને તો એમ લાગે છે કે તારા મસ્તક પર જાણે આખી દુનિયાનો ભાર છે?’’ પ્રશ્નના ઉત્તરમાં તેણે બહુ જ શાંત નયને મોટાભાઈ ભણી જોયું, પછી ખૂબ જ ગંભીર સ્વરે બોલી, ‘‘હા, તે તો છે જ. આખી દુનિયાનો ભાર મારા પર નહિ તો બીજા કોના પર હોય ?’’ તેની આ વાતોની દીનદયાળને કાંઈ સમજ ન પડી, પરંતુ તેના શબ્દોમાં એ સત્ય તો છુપાયેલું હતું જ કે તે બચપણથી જ પોતાની ભાવિ જવાબદારીઓ પ્રત્યે જાગરૂક હતી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ જ વર્ષોમાં દીનદયાળનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં. તેમની પત્ની એટલે કે બાલિકા ભગવતીનાં મોટાં ભાભી ખૂબ જ સ્નેહાળ સ્વભાવનાં પ્રેમપૂર્ણ હૃદયનાં હતાં. તેમણે પોતાની આ નણંદની ખૂબ જ યત્નપૂર્વક સારસંભાળ લીધી. વારંવાર તેમનું મન બોલી ઊઠતું કે તેમની આ નાનકડી નણંદ કોઈ દેવી છે. તેની પારદર્શક આંખોમાં તેમને પારલૌકિક અને અલૌકિક તેજ છલકાતું જોવા મળતું. જ્યારે - ત્યારે તેમની નણંદ કંઈક એવી વાતો કહી દેતી કે જેનાથી તેમનો આ વિશ્વાસ વધુ મજબૂત બની જતો. આવી જ એક ઘટનામાં એક વાર તેમને તેમના પિતાજી તેડવા આવવાના હતા. પંદર-વીસ દિવસ પહેલાં આ મતલબનો પત્ર પણ આવ્યો હતો. તેમાં તેમના આવવાની ચોક્કસ તિથિ-વાર લખ્યાં હતાં, પરંતુ તે તારીખે તેઓ આવી ન શક્યા કે કોઈ ખબર પણ ન આવી.

આથી તેમને ચિંતા થઈ. તેમણે કોઈને કશું કહ્યું તો નહિ, પરંતુ તેઓ ઉદાસ રહેવા લાગ્યાં. ઘરનાં કામો અને જવાબદારીઓ નિભાવતાં તે હરપળ, હરક્ષણ બેચેન રહેતાં. મનની ગભરામણ ચહેરા પર પણ છતી થતી. એક દિવસ ભગવતીએ તેમને ધીરેથી પૂછી જ લીધું "શું વાત છે ભાભી ? આજકાલ તમે આટલાં બધાં પરેશાન કેમ રહો છો?" તેમણે જવાબ આપ્યો, "કંઈ નહિ લાલી, એવી કોઈ ખાસ વાત નથી." ભગવતીએ હળવી મુસ્કાન સાથે કહ્યું, "વાત તો છે જ, કહો તો કહી બતાવું." પછી ધીરા ગંભીર સ્વરે કહ્યું, "આપ એટલા માટે પરેશાન છો ને કે આપના પિતાજી તેડવા નથી આવ્યા, પરંતુ હવે આપ વધુ પરેશાન ન થશો, તે એટલા માટે આવી ન શક્યા કેમ કે તેમને ખૂબ જ તાવ હતો. પત્ર તો તેમણે પાઠવ્યો હતો પરંતુ તે પત્ર સમયસર અહીં પહોંચી શક્યો નથી, પરંતુ આજે તેઓ નીકળવાની તૈયારી કરી રહ્યા છે. કાલે અહીં આવી પહોંચશે. જ્યાં સુધી પત્રનો સવાલ છે, તો તે પત્ર આજે તમને મળી જશે." પોતાની આ નાની નણદીની વાતો સાંભળીને તેને ખૂબ જ આશ્ચર્ય થયું, કેમ કે તેમણે તો ઘરમાં કોઈને પોતાના મનની વાત કહી ન હતી. જ્યારે સાચેસાચ જ દિવસ દરમિયાન ટપાલી આવીને પત્ર આપી ગયો ત્યારે આ આશ્ચર્ય ખૂબ જ વધી ગયું. પત્રમાં એ જ બધી વાતો લખેલી હતી જે તેમની લાલીએ તેમને જણાવી હતી. બીજા દિવસે તેમના પિતાજી તેમને તેડવા માટે આવી પહોંચ્યા. પિતાજીએ ઘર વિશે, કુટુંબ વિશે અને પોતાના સ્વાસ્થ્ય અંગે જે સમાચાર જણાવ્યા તે બધા તે જ હતા, જે તેમને તેમની આ પ્યારી નણદી પહેલેથી જણાવી ચૂકી હતી. તેમને પણ પોતાના સસરાની જેમ એ વાત પર પાકો વિશ્વાસ બંધાઈ ગયો કે તેમની નણંદમાં સાચેસાચ કોઈ દૈવી શક્તિ છે. તેમનાં હૃદયમાં તેમની આ નણંદ માટે પ્રેમ પહેલેથી હતો જ, હવે તેમાં સમ્માન અને શ્રદ્ધાનો ભાવ પણ જાગી ઊઠ્યો.

ભગવતીના મનમાં પોતાની ભાભી માટે વિશેષ લગાવ હતો. પોતાની અવસ્થાને અનુરૂપ તે તેમને ઘરનાં નાનાં - મોટાં કામોમાં મદદ કરતી હતી. ક્યારેક ક્યારેક ભાભી અને મોટી બહેનની સાથે ઢીંગલા-ઢીંગલીની રમત પણ રમતી. આ તેની પ્રિય રમત હતી. ઢીંગલા-ઢીંગલીને તૈયાર કરવાં, તેમના શણગાર કરવાની જવાબદારી ભાભીની હતી. તેમને માટે તે હંમેશા રંગબેરંગી કપડાં તૈયાર કરતી રહેતી, જેથી તે પોતાની લાલીનાં ઢીંગલા-ઢીંગલીને શણગારી શકે. જ્યારે કદીક ઢીંગલો માંદો પડી જતો ત્યારે વૈદ્યને બોલાવવામાં આવતા, જડીબુટ્ટીઓ લસોટવામાં આવતી. તે ખાઈને પથ્ય-પરેજ પાળીને ઢીંગલા મહાશય સ્વસ્થ બની જતા. આ સાથે જ બાલિકા ભગવતીનું હાસ્ય ખીલી ઊઠતું. ઢીંગલા-ઢીંગલીની આ રમત તેના શૈશવકાળની સાચી સાથી હતી. તેમાં ઘરના બધા સભ્યોને કોઈ ને કોઈ પ્રકારે તેના સહભાગી બનવું પડતું. ક્યારેક ઢીંગલીનાં લગ્ન તો ક્યારેક ઢીંગલાની બીમારી, તો ક્યારેક તેમને માટે નવા ઘર-મકાનની જોગવાઈ - આ પ્રકારનાં અનેક કામો અને વ્યવસ્થા હતાં, જે તેના બાલ્યકાળને ક્રીડામય અને ઉલ્લાસભર્યો બનાવતાં. મહાશક્તિની આ લીલાઓમાં તેમની દિવ્ય ક્રીડા પણ ક્યારેક ક્યારેક ઉજાગર બનતી. રમત-રમતમાં જ અનેક દિવ્ય ભાવો જાગતા, પોષાતા અને સૃષ્ટિના આંગણે વિખરાઈ જતા. ક્રીડામયી આ બધું શાંતભાવે જોતી રહેતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માતૃત્વનો પાલવ વધતો જ ગયો

માતૃત્વના વિસ્તારની સજલ સંવેદનાના સ્પર્શથી આવતા-જતા લોકો અનાયાસે જ અભિભૂત-ધન્ય થઈ જતા હતા. અખંડ જ્યોતિ સંસ્થાનમાં આવીને એમને હંમેશાં એવું લાગતું જાણે તેઓ સગી મા પાસે આવ્યા છે. એમાંથી કેટલાયને માતાજી તેમની સગી માતા કરતાં ક્યાંય વધારે પોતાના લાગતાં. તેઓ અનુભવતા કે સગી માતા તો ક્યારેક થાક, પરેશાની કે કામકાજમાં વધારે વ્યસ્ત રહેવાના કારણે પોતાના બાળકો તરફ ધ્યાન ન આપી શકે, પરંતુ માતાજીનો સ્નેહ ક્યારેય ઓછો થતો ન હતો. સગી માતા બાળકો મોટા થયા બાદ તેમનું એટલું ધ્યાન રાખતી નથી, પરંતુ માતાજી માટે બાળકો ફક્ત બાળકો છે, પછી તેઓ નાના હોય કે મોટા. તેઓ જાણે પોતાના બાળકોની સારસંભાળ માટે જ અવતરિત થયાં છે.

ઘર-પરિવારની જવાબદારી અને કાર્યાલયના કામકાજની વ્યસ્તતા ગમે તેટલી કેમ ન હોય, પરંતુ માતાજીના માતૃત્વનો પાલવ ક્યારેય નાનો ન થતો. દિવસે-દિવસે તેનો વિસ્તાર વ્યાપક થઈ રહ્યો હતો. એ જ સમય દરમિયાન એમણે ઓમપ્રકાશ અને દયાના જીવનની સંભાળ લીધી. સતીશ (મૃત્યુંજય શર્મા) અને શૈલો (શૈલબાલા) પણ મોટાં થઈ રહ્યાં હતાં. તેમના ભણતરનું ધ્યાન પણ એમને જ રાખવું પડતું. સ્વાભાવિક રીતે બાળકોમાં ચંચળતા અને નટખટપણાનું પ્રમાણ વધારે હોય છે. એમના આ બાળકો પણ એવા જ હતાં, પરંતુ બાળકોને મારવા પર માતાજીનો જરાય વિશ્વાસ ન હતો. તેઓ માનતા હતા કે બાળકોને થાક્યા વગર પ્રેમથી સમજાવતા રહેવું જોઈએ. જે દિવસે તેમને ઔચિત્ય સમજાઈ જાય છે ત્યારથી તેઓ પરેશાન કરવાનું છોડી દે છે.

જોકે આ સ્થિતિ કહેવામાં જેટલી સરળ અને સામાન્ય લાગે છે, તે કરવામાં તેટલી જ જટિલ અને મુશ્કેલી પેદા કરનારી છે. એમાં ખૂબ ધીરજ અને મમતાની જરૂર હોય છે અને ક્યારેક મુશ્કેલ ક્ષણો પાર કરવી પડે છે. માતાજીના માતૃત્વને પણ આવી ક્ષણોનો સામનો કરવો પડ્યો. એ માર્ચ ૧૯૫૧નો સમય હતો. ઓમપ્રકાશની ઈન્ટરની પરીક્ષા ચાલી રહી હતી. અંગ્રેજીનો બીજો પેપર બીજી મીટિંગમાં હતો. તેઓ કમરામાં બેસીને વાંચી રહ્યા હતા. સવારના લગભગ સાડા સાત વાગ્યા હશે. અબ્દુલ લતીફ ટ્રેડલ મશીન ચલાવી રહ્યો હતો. માતાજીના સંબંધીઓમાંથી એક જણ 'ચંદા' કંપોઝ કરી રહ્યા હતા. એટલામાં સતીશ ઉપરથી આવ્યા અને તેમણે પોતાનો હાથ અચાનક મશીનનાં દાતામાં નાંખી દીધો.

ભૈય્યા ! ચંદાએ ખૂબ જોરથી બૂમ પાડી. ઓમપ્રકાશ દોડતા આવ્યા. એમણે જોયું, સતીશ ચૂપ છે. સતીશને ઉઠાવીને ગોદમાં લઈ લીધો અને માથા પર હાથ ફેરવ્યો. એમને એવું લાગ્યું કે કદાચ માથામાં વાગ્યું છે. તે જ સમયે ચંદાએ લગભગ હિબકા ભરતાં કહ્યું, ભૈય્યા ! હાથ !! હાથ જોવાથી ખબર પડી કે અડધી હથેળી લૂલી થઈ ગઈ છે, આંગળીઓ લટકી રહી છે. આ હૃદય વિદારક દૃશ્યને જોઈ તેમણે તાઈજી અને માતાજીને સાદ પાડ્યો. બન્ને દોડતાં આવ્યા. આટલી વારમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઓમપ્રકાશની નીકર અને બનિયાન બન્ને લોહીથી ભીંજાઈ ગયા હતા. મથુરાના સિવિલ સર્જન એસ. કે. મુખર્જીને બતાવવામાં આવ્યા, તેમણે સલાહ આપી કે આગ્રા લઈ જાઓ. મુખર્જી સાહેબે આશંકા પણ વ્યકત કરી કે ક્યાંક હાથ કપાવો ન પડે.

એ જ સમયે પરમપૂજ્ય ગુરુદેવ આવ્યા. એમની સાથે રઘુનાથ અગ્રવાલ, શ્યામલાલ અને કંપાઉંડર જગદીશના ભાઈ લક્ષ્મણ પણ હતા. દવા અને પટ્ટી બંધાઈ ગયા હતા, ઈન્જેક્શન પણ લગાવી દીધું હતું, પરંતુ સતીશ બેહોશ થઈ ગયો હતો. બધા વિચારમાં પડી ગયા હતા કે શું કરવામાં આવે ? તે જ વખતે માતાજીએ ડૉ. મુખર્જીને કહ્યું, ડૉ. સાહેબ આપ ભગવાન પર વિશ્વાસ રાખીને અહીં જ જે કરી શકતા હો તે કરો. પૂજ્ય ગુરુદેવે પણ માતાજીના આ કથનને સંમતિ આપી. ઓપરેશન કરવામાં આવ્યું. માતાજી ધીરજ સાથે ઓપરેશન રુમની બહાર ઊભા રહ્યાં. થોડા સમય બાદ ઓપરેશન પુરું થયું. દર્દીને વોર્ડમાં લઈ જવામાં આવ્યો. ઘણા દિવસો પછી સ્થિતિમાં સુધારો થયો. આ ઘટનાના ચિહ્નો આજે પણ મૃત્યુંજય શર્માના હાથ પર છે, પરંતુ માતાજીની મમતા વધતી જ ગઈ. તેઓ ખૂબ ધીરજથી બાળકોનાં વ્યક્તિત્વને ઘડતા રહ્યાં.

એ દિવસોમાં પણ માતાજીની મમતાના આ પરિઘમાં અસંખ્ય હતા. એમના માટે જેટલા સતીશ અને શૈલો વહાલાં હતાં, તેટલો જ અબ્દુલ લતીફ પ્રિય હતો. આ મુસલમાન યુવક અખંડજ્યોતિ સંસ્થાનમાં મશીનમેન હતો. તે સામયિકના છાપકામનું કામકાજ સંભાળતો હતો. માતાજી પોતાના પરિવારના સભ્યોની સાથે એના જમવાની પણ વ્યવસ્થા કરતા હતાં. તેઓ નિયમિતપણે વચ્ચે-વચ્ચે ચા-નાસ્તા માટે પૂછી લેતાં. તેમનો આ વ્યવહાર ક્યારેક આવનાર સંબંધીઓને ખૂંચવા લાગતો. એમનામાંથી કોઈ કોઈ ક્યારેક કહી પણ દેતા કે અબ્દુલ લતીફની જમવાની વ્યવસ્થા કરવાનું ખોટું નથી, પરંતુ કમ-સે-કમ આપે તેનાં વાસણ તો જુદાં રાખવાં જ જોઈએ. અમે પણ બ્રાહ્મણ છીએ, કેટલાંક આચાર-વિચાર તો આપે માનવાં જ જોઈએ. સંબંધીઓના આ પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહેતાં, આચાર-વિચારનો અર્થ અસ્પૃશ્યતા થતો નથી. એનો અર્થ એ છે કે આપણે પોતાના વિચારો અને કાર્યોમાં કેટલા પવિત્ર અને નિર્દોષ છીએ ?

તેમની આ વાતો કોઈની સમજમાં આવતી ન હતી. તેમના ઘણું સમજાવ્યા છતાં સંબંધીઓનો આગ્રહ યથાવત્ બની રહ્યો. તેઓ પોતાની રૂઢિવાદી-પુરાતન માન્યતાઓ તેમના પર થોપવાના જયારે-ત્યારે પ્રયત્નો કરતા રહેતા. સંબંધીઓના આ વધતા આગ્રહના કારણે એક દિવસ એમને ત્યાં કામ કરતી 'એ જૂ'એ પણ માતાજીને સમજાવ્યું કે આખરે આપ બધાની વાતો કેમ માની લેતાં નથી ? એ બધાં ઠીક જ કહી રહ્યા છે, જે કંઈ હોય, પણ છે તો એ મુસલમાન જ. તેના માટે વાસણો અલગ રાખવામાં ખોટું શું છે ? 'એ જૂ'ની આ વાતોએ માતાજીને વ્યથિત કરી દીધાં. તેઓ ઊઠીને બીજા રૂમમાં ગયાં, જ્યાં અત્યાર સુધી અબ્દુલ લતીફના જૂઠાં વાસણો મૂક્યા હતા. તેમણે એ વાસણો પોતાના હાથે ઉઠાવીને વાસણ માંજવાના સ્થળે લઈ આવ્યા. 'એ જૂ' કંઈ સમજે તે પહેલાં તેને સંબોધતાં માતાજીએ કહ્યું, ''આટલા દિવસ તું મારી પાસે રહી, પરંતુ તું મને સમજી ન શકી. અરે હું ફકત મા છું, હિંદુની પણ મા અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુસલમાનની પણ મા. મારા માટે જેવા ઓમપ્રકાશ અને સતીશ છે, જેવો જ આ અબ્દુલ લતીફ છે.''

માતાજીની આ વાતો સાંભળીને 'એ જૂ' આશ્ચર્યચકિત થઈ ગઈ. તે થોડીવાર સુધી સમજી જ ન શકી કે તે શું કહે. જ્યાં સુધી એ કંઈ કહે તેટલી વારમાં તો માતાજીએ અબ્દુલ લતીફના જૂઠાં વાસણો પોતાના હાથે સાફ કરી નાખ્યા. 'એ જૂ'ને એવું લાગ્યું જાણે તેઓ કોઈ માનવી નહિ, દેવી હોય. થોડા દિવસ બાદ કોણ જાણે કેમ આ વાતની અબ્દુલ લતીફને પણ જાણ થઈ. બધું સાંભળીને તેની આંખમાં આંસુ આવી ગયાં. તેણે આંસુઓથી છલકાતી આંખો સાથે માતાજીને હાથ જોડીને પ્રણામ કરતાં કહ્યું, ''મા, આપ સાચે જ મા છો. આપનો દરજ્જો ફરિશ્તાઓ કરતાં પણ વધુ બુલંદ છે. આપ ફાતિમા બીબી જેમ મુકદ્દસ છો.'' તે હાથ જોડીને આવી ન જાણે કેટલીય વાતો તેમની સામે ભાવવિહ્વળ સ્વરે કહતો રહ્યો. જ્યારે માતાજી ત્યાંથી ચાલ્યા ગયાં ત્યારે તે સ્થળની ધૂળ તેણે પોતાના માથે ચઢાવી અને ત્યાં દંડવત્ પ્રણામ કર્યા.

માતૃત્વના આ અનંત વિસ્તારનો પરિચય કોઈ વિલક્ષણ પળોમાં તેઓ સ્વયં પણ આપી દેતાં હતાં. એક વખતે એક પ્રખર ગાયત્રી સાધક રામસજીવન અખંડ જ્યોતિ સંસ્થાનમાં આવ્યા. પાછલા કેટલાક વર્ષોથી તેઓ ઘણા કઠોર વ્રતોનું પાલન કરતા રહી ગાયત્રી અનુષ્ઠાન કરી રહ્યા હતા. અખંડ જ્યોતિ સંસ્થાન આવ્યા ત્યારે તેમને માતાજી દ્વારા પીરસેલું ભોજન જમવાનું સૌભાગ્ય મળ્યું. ભોજન કરતી વખતે માતાજીની એક ઝલક પ્રાપ્ત થતાં તેઓ પોતાની અનુભૂતિઓમાં ડૂબી ગયા. અચાનક કોણ જાણે કેમ તેમના મુખમાંથી શબ્દ નીકળ્યાં, મા તમે કેવાં મા છો ? આ પ્રશ્નના ઉત્તરમાં માતાજીએ કહ્યું, ''બેટા, મા આવી કે તેવી હોતી નથી. મા ફક્ત મા હોય છે.'' પછી તેઓ ધીમેથી બોલ્યાં, ''હું સાચી મા છું. બેટા, ગુરુદેવની પત્નીના રૂપમાં મા નહિ, ફક્ત સતીશ અને શૈલોની મા નહિ, હું સૌની મા છું.'' માતાજીના આ વચનો સાંભળીને ગાયત્રીના પ્રખર સાધક રામસજીવનને લાગ્યું જાણે આજે તેઓ ગાયત્રીના તત્ત્વ અને સત્યનો સાક્ષાત્કાર કરી રહ્યા છે. ગાયત્રી માતા પ્રત્યક્ષ તેમની સામે ઊભાં છે. પછી તેમની જ સક્રિય પ્રેરણાથી ગાયત્રી તપોભૂમિનું નિર્માણ થયું.

## અમને ઘરે ઘરે પહોંચાડો

**-પરમપૂજ્ય ગુરુદેવ**

*પરમપૂજ્ય ગુરુદેવના મૂર્તિમાન સ્વરૂપ વાઙ્મયને ઘરે ઘરે પહોંચાડવા નિષ્ઠાવાન પરિજનોની જરૂરિયાત છે. જે ભાઈ આ કાર્ય માટે પોતાને યોગ્ય સમજતા હોય તેઓ નિમ્નલિખિત વિવરણ સહિત અખંડ જ્યોતિ સંસ્થાન, મથુરાનો સંપર્ક કરે. સમયદાનની અવધિ બે માસની રહેશે. ટોળીઓ દરેક માસની ૧ તથા ૧૫ તારીખે નીકળશે.*

*વિવરણ - નામ, સરનામું, ફોન નં. (એસ.ટી.ડી.કોડ સાથે) શૈક્ષણિક લાયકાત, ઉંમર, મિશનમાં ક્યારે જોડાયા, મિશન વિશે યોગ્યતા, પદ વ્યવસાય, ક્યાંથી ક્યાં સુધીનો સમય ફાળવી શકશે વગેરે.*

*વ્યવસ્થાપક*
*અખંડજ્યોતિ સંસ્થાન, મથુરા*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દિવ્ય સાધના-સ્થળની પસંદગી

મહાશક્તિના દિવ્ય સાધના-સ્થળ રૂપે શાંતિકુંજના નિર્માણની પરિકલ્પના પરમપૂજ્ય ગુરુદેવની બીજી હિમાલયયાત્રા વખતે તૈયાર થઈ ગઈ હતી. તેમની માર્ગદર્શક સત્તાએ આની આવશ્યકતા અને આ પ્રકારના નિર્માણની સ્પષ્ટ રૂપરેખાથી તેમને આ વિશિષ્ટ સમયે અવગત કરી દીધા હતા. હિમાલયની ગહનતાઓમાં યુગોથી તપ કરી રહેલા દિવ્ય દેહધારી ઋષિઓની સંમતિ પણ આ જ હતી. ગુરુદેવની આ બીજી હિમાલયયાત્રા (૧૯૬૦-૬૧) પહેલી યાત્રાની સરખામણીમાં અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતી. આ વખતે તેમણે પોતાના માર્ગદર્શકની સાથે હિમાલયની દિવ્ય ઋષિસત્તાઓનું કેવળ દર્શન જ ન કર્યું પરંતુ તેમની સાથે ચર્ચાવિચારણા કરવાનો વિશેષ અવસર પણ મળ્યો. વિશ્વ-વસુધાનાં વિભિન્ન ઘટનાચક્રો અને તેની ભાવિ નિયતિ પર વિશેષ ચર્ચા થઈ. ભારતભૂમિના સંકટગ્રસ્ત વર્તમાન અને તેના દીર્ઘકાલીન ઉજ્જવળ ભવિષ્યનાં દર્શન તેમને કરાવવામાં આવ્યાં. સાથોસાથ આ સંબંધમાં તેમની ભૂમિકા નિર્ધારિત કરવામાં આવી.

તે સમયે એ પણ નક્કી કરવામાં આવ્યું કે આગામી દિવસોમાં ગુરુદેવની આ ભૂમિકા પૂર્ણતઃ પરોક્ષ રહેશે. જીવનનાં ૬૦ વર્ષો પૂરાં થયા પછી તેઓ હિમાલયના ઋષિતંત્રની સાથે મળીને ગહન આધ્યાત્મિક પ્રયોગો કરતાં કરતાં ધરતીના નવભાગ્ય અને ભવિષ્યના નિર્માણના ઉદ્દેશથી પ્રયત્નશીલ રહેશે. પ્રત્યક્ષ જવાબદારી મહાશક્તિ રૂપે માતાજી પોતે સંભાળશે. આ પ્રત્યક્ષ દાયિત્વને પૂરેપૂરી રીતે સંભાળવાથી જ તેમના અવતાર-કાર્યનો આરંભ અને વિસ્તાર થશે. તેમના આ કાર્ય માટે મથુરા બહુ યોગ્ય સ્થાન નથી. મહાશક્તિએ પોતાની દરેક અવતારલીલામાં હિમાલયની જ સુરમ્ય છાયા અને ગંગાતટને જ તપઃસ્થળ રૂપે પસંદ કર્યું છે. આ વખતે પણ આ જ યોગ્ય રહેશે. તે જે ભૂમિને પોતાના દિવ્ય સાધના-સ્થળ રૂપે પસંદ કરશે, તે જ સ્થાન ભવિષ્યમાં સંપૂર્ણ વિશ્વ માટે ઊર્જા અનુદાનનું કેન્દ્ર બનશે. પોતાના આ નિર્ધારમાં ઋષિતંત્રએ તે પણ સ્પષ્ટ કર્યું, આ યુગને માટે વિધિએ જે યુગ-પ્રત્યાવર્તનનું વિધાન રચ્યું છે, તેમાં કેન્દ્રીય ભૂમિકા મહાશક્તિ સ્વંય નિભાવશે. ઋષિગણ અને દિવ્યલોકોની દેવશક્તિઓ તેમને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે સહયોગ કરશે.

હિમાલયના ઋષિતંત્રના નિર્ધારણને અનુરૂપ ગુરુદેવે આવશ્યક કાર્યયોજના બનાવતાં પોતાની તપશ્ચર્યાનો સમયગાળો પૂરો કર્યો અને એ દિવ્ય વિભૂતિઓ પાસેથી પરવાનગી મેળવીને તેઓ મથુરા પાછા ફર્યા. આગામી હિમાલય યાત્રા પહેલાં તેમને અહીંનાં ઘણાં બધાં કામો પૂરાં કરવાનાં હતાં. ઘર-પરિવારની જવાબદારીઓની સાથે ગાયત્રી તપોભૂમિની વ્યવસ્થાને પણ મજબૂત બનાવવાની હતી. પાછા ફર્યા બાદ તે માતાજીને કંઈક વધારે વિસ્તારપૂર્વક જણાવે તે પહેલાં જ તેમણે કહી દીધું કે મને આપનો અને હિમાલયમાં તપસ્યાલીન પૂજ્ય ઋષિઓનો પ્રત્યેક આદેશ માન્ય છે. ગુરુદેવ જાણતા હતા કે માતાજી તેમની અંતર્ચેતનામાં બનતી પ્રત્યેક હલચલ અને સ્પંદન પોતાના અંતઃકરણમાં અનુભવતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે, તેથી જણાવ્યા વિના પણ માતાજીના બધું જ સમજી લેવાના સામર્થ્ય પર તેમને જરા પણ આશ્ચર્ય ન થયું, પરંતુ એ બાબતની નવાઈ તેમને અવશ્ય લાગી કે તેઓ મથુરામાં ફેલાયેલા પોતાના મમતાના સ્નેહસંબંધને આટલી શીઘ્રતાથી સમેટી લેવા કેવી રીતે તૈયાર થયાં.

તેઓ બહુ સારી રીતે જાણતા હતા કે માતાજી મહાશક્તિ છે. તેમનામાં મમતાની શક્તિ છે, તો દઢતાની શક્તિ પણ છે. તેઓ ભાવસ્વરૂપા છે તો સંકલ્પમયી પણ છે. શક્તિનાં જેટલાં પણ સ્વરૂપો છે, તે બધાં તેમની આત્મચેતનામાં સમાવિષ્ટ છે. જીવનનાં વિવિધ રૂપો તે શક્તિમયીનો સ્પર્શ પામીને પોતાની મેળે જ શક્તિસ્રોતમાં ફેરવાઈ જાય છે. મમતામયીની અગાધ મમતામાં દુર્બળતાનું કોઈ નામોનિશાન નથી. ન તો તે પોતે કદી દુર્બળ બને છે, ન કદી પોતાનાં બાળકોને દુર્બળ બનતાં જોવા ઈચ્છે છે. માતાજીના આ સાચા સ્વરૂપથી સુપરિચિત ગુરુદેવે નવી દિશામાં વિચારવાનું શરૂ કરી દીધું. તેમની દૈવી યોજનાઓને પરિપૂર્ણ કરવા માટે દેવશક્તિઓ સ્વયં ઉપયોગી પાત્રોને એકત્રિત કરવા લાગી હતી. ચાર-પાંચ વર્ષોમાં જ ગાયત્રી તપોભૂમિને સંભાળવા અને સારી રીતે ચલાવવા માટે પંડિત લીલાપત શર્મા, વીરેશ્વર ઉપાધ્યાય, દ્વારિકાપ્રસાદ ચૈતન્ય વગેરે સમર્પિત અને સુપાત્ર કાર્યકર્તાઓની ટીમ આવી મળી. આ બધા માણસોને માટે ગુરુદેવ અને માતાજી આરાધ્ય હતાં. તેમની પ્રત્યેક ઈચ્છા કોઈ પણ સ્વરૂપે તેમને સ્વીકાર્ય હતી. વિદાય સંમેલનનું વિરાટ વ્યવસ્થાતંત્ર પણ આ બધાએ સંભાળી લીધું. તે ૧૭ થી ૨૦ જૂન ઈ.સ. ૧૯૭૧માં થવાનું હતું.

અહીંની ભાવિ વ્યવસ્થાનું માળખું બેસાડવા ઉપરાંત હજુ ભવિષ્યના કાર્ય માટે યોગ્ય સ્થાન ખરીદવાનું હજી બાકી હતું. જોકે ધ્યાનસ્થ ભાવદશામાં ગુરુદેવ અને માતાજી બન્નેએ જ દેવભૂમિ હરિદ્વારમાં સ્થિત વિશિષ્ટ સ્થાનને જાણી લીધું હતું. તેમણે બન્નેએ એ પણ જાણી લીધું હતું કે હજારો વર્ષો પૂર્વે આ જ દિવ્યભૂમિમાં ક્યાંક દેવમાતા ગાયત્રી યુગશક્તિ રૂપે તપોનિષ્ઠ મહર્ષિ વિશ્વામિત્રના અંતઃકરણમાં ઉદિત થઈ હતી. માતા ગાયત્રીના આ અવતરણે જ મહર્ષિ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ બનાવ્યા હતા. આ દિવ્ય સ્થળ પર તેમણે અસીમ આધ્યાત્મિક પ્રકાશને પ્રગટતો-પ્રજ્વલિત થતો અને ફેલાતો જોયો હતો, પરંતુ ધ્યાનાવસ્થાની પ્રગાઢતામાં અનેકાનેક આધ્યાત્મિક અનુભૂતિઓને પ્રગટાવનારી આ જગ્યા હરિદ્વારમાં બરાબર કયે સ્થળે છે એ જાણવાનું હજી બાકી હતું.

તે જાણવા માટે ગુરુદેવે પોતાની યાત્રાની તૈયારી કરવા માંડી. માતાજીના અનુરોધ પર તે પોતાના મોટા પુત્ર ઓમપ્રકાશને ગુડગાંવમાં મળીને ગાઝિયાબાદ આવ્યા. ત્યાં તેમના મોટા જમાઈ રામેશ્વર ઉપાધ્યાય રહેતા હતા. ઉપાધ્યાયજીએ પોતાના દેવતુલ્ય સસરાજીને આવતા જોઈને તેમનું આગળ વધી સ્વાગત કર્યું. તે સમયે તેમના હાથમાં એક નાનકડો બિસ્તરો અને લોખંડની પેટી હતાં. ગુરુદેવે પોતાની પેટી ખોલીને તેમને માતાજી દ્વારા મોકલેલ નાની-મોટી ચીજો સોંપી અને આગળના કાર્યક્રમ વિશે વાતો કરી. બધી વાતો સાંભળીને ઉપાધ્યાયજી તેમની સાથે જોડાઈ ગયા. સાંજની ગાડીમાં બન્નેએ હરિદ્વાર જવા માટે પ્રસ્થાન કર્યું. હરિદ્વાર પહોંચીને આ બન્ને જણા હરકી પૌડી અને ભીમગોડાની વચ્ચે ગંગાની સામે આવેલી ધર્મશાળામાં રોકાયા. તે પછી તેમણે અનેક એજન્ટોને મળીને કેટલીય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જગ્યાઓ જોઈ.

આ જગ્યાઓ જોઈ લીધા બાદ ગુરુદેવે આ લોકોને સપ્તસરોવરની પાસેની કોઈ જમીન બતાવવા માટે કહ્યું. તેમની આ વાત પર પહેલાં તો આ એજન્ટોએ હરિદ્વાર શહેરથી આટલી દૂરની જમીન વિશે ઘણી મુશ્કેલીઓ જણાવી. પછીથી દબાણ કરતાં તેઓ તેમને લઈને સપ્ત સરોવરની પાસે પહોંચ્યા. સપ્ત સરોવરથી થોડે દૂર જતાં ગુરુદેવે તે સ્થળને ઓળખી કાઢ્યું, જેને તેમણે માતાજીની સાથે પોતાની સાધનાની પ્રગાઢ અવસ્થામાં અનુભવ્યું હતું. જોકે જમીનની દૃષ્ટિએ આ જગ્યા બરાબર ન હતી. આ ભૂમિ ખૂબ કળણવાળી હતી. એક નાનકડું પહાડી ઝરણું પણ તેની વચ્ચેથી વહી રહ્યું હતું. જ્યારે તેમણે આ જમીન પસંદ કરી તો જમીનને વેચવાનું કામ કરનાર એજન્ટ મોં તાકતો રહી ગયો. તેણે તેમને સમજાવવાની ઘણી કોશિશ કરી, પરંતુ ગુરુદેવે તેની કોઈ વાત ધ્યાનથી સાંભળી નહિ, કેમ કે તે સમયે પણ તેઓ પોતાની દિવ્ય દૃષ્ટિથી આ ભૂમિમાં સઘનતાથી છવાયેલ આધ્યાત્મિક પ્રકાશને જોતા હતા. તેમણે એજન્ટને કેવળ એટલું જ કહ્યું કે અમારે આ જ જમીન લેવી છે, તમે તે માટેની જરૂરી વ્યવસ્થા કરો.

તેમના આ રીતે ભાર દેવા પર નિશ્ચિત સમય જુલાઈ ૧૯૬૮માં અહીંની દોઢ એકર જમીન ૧૯ હજાર રૂપિયામાં ખરીદવામાં આવી. અહીં જ પાછળથી મહાશક્તિના દિવ્ય સાધનાસ્થળ ગાયત્રી તીર્થે અવતરિત થવાનું હતું. જમીન ખરીદ્યા પછી થોડા સમય બાદ અહીં પ્રારંભિક નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું. ગુરુદેવ વચ્ચે-વચ્ચે આવીને અહીંની વ્યવસ્થા જોઈ જતા હતા. સાથોસાથે તે માતાજીની સાથે મથુરાની વ્યવસ્થાઓને પણ અંતિમ રૂપ આપી રહ્યા હતા. ઘર-પરિવારની બધી જવાબદારીઓ પણ આ સમયે અદા કરવામાં આવતી હતી. આ ક્રમમાં તેમણે સૌથી પહેલાં પુત્ર સતીશ (મૃત્યુંજય શર્મા)નાં લગ્ન કર્યાં. તેને 'અખંડ જ્યોતિ' સંસ્થાનનો કાર્યભાર ક્રમે ક્રમે સોંપવાનું શરૂ કરી દીધું. સતીશનાં પત્ની નિર્મળે આવીને માતાજીના ગૃહકાર્યમાં સહયોગ આપવાનું શરૂ કર્યું. માતાજી તેને ઘરની બધી જવાબદારી સોંપવા લાગ્યાં. સઘળી વ્યવસ્થાઓ અને સમસ્ત જવાબદારીઓના અંતિમ ચરણમાં પુત્રી શૈલો (શૈલબાળા)ને માટે તેમણે સુયોગ્ય, સંસ્કારી વરની ખોજ કરી લીધી. આ તલાશની પાછળ ગુરુદેવ-માતાજીની ગહન ભવિષ્યદૃષ્ટિ રહેલી હતી. નિયતિના લેખમાં માતાજીની પુત્રીનાં લગ્ન અને તેમના શાંતિકુંજના દિવસોની શરૂઆત લગભગ એક જ સમયે બનવાનું લખ્યું હતું. કદાચ આની પાછળ મહાશક્તિનો સ્વસંકલ્પ પણ ક્રિયાશીલ હતો.

❀❀❀

**સન્ ૧૯૬૦માં પ્રાચીન ભારતના સાચા પૂજારી, વેદોના મહાન પંડિત પં. દામોદર સાતવલેકર, અરવિંદ આશ્રમમાં આવ્યા. આશ્રમમાં આવ્યા પછી તેઓ શ્રી માતાજીને મળ્યા. પોતાની આ મુલાકાતમાં તેમણે શ્રી-માને પૂછ્યું, "માતાજી, સાધનાની સરળતમ વિધિ કઈ છે? મા મલકાતાં બોલ્યાં, પોતાના હૃદયમાં શિશુવત્ સરળતાનો અનુભવ કરતાં જગન્માતાને પોકારવાં. મા, મા, પોકારવાથી વધુ સરળ અને પ્રભાવકારક અન્ય કોઈ સાધના નથી. આ રીતે વ્યક્તિ પોતે સ્વયં જગન્માતાની કૃપા અને કરુણાની અધિકારી બની રહે છે."**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સિદ્ધિદાત્રી 'મા'ની પ્રગાઢ થતી સાધના

પરમપૂજ્ય ગુરુદેવના હિમાલય-પ્રસ્થાન પછી માતાજીના સંપૂર્ણ જીવનમાં તપની સઘનતા છવાઈ ગઈ. આ તપની ઊર્જાનાં સ્પંદનોથી શાંતિકુંજનો કણેકણ અલૌકિક દિવ્યતાથી પ્રકાશિત થઈ રહ્યો. ભગવાન મહાશિવજીની જેમ ગુરુદેવ, હિમાલયની ગહનાઓમાં પોતાની આત્મચેતનાના કૈલાસ શિખર પર તપમગ્ન હતા. શાંતિકુંજની દિવ્યભૂમિમાં ભગવતી આદિશક્તિની જેમ માતાજી પોતાની અંશભૂત શક્તિઓ સાથે સાધનાલીન હતાં. ધન્ય છે તે લોકો, જેમણે તે દિવસોમાં ભલે થોડીક ક્ષણોને માટે પણ શાંતિકુંજમાં આવીને અથવા શાંતિકુંજમાં રહીને માતાજીને નિહાળ્યાં- તેમની સાથે થોડીક પળો અથવા થોડા દિવસો વિતાવ્યા ! બડભાગી તે લોકો પણ છે, જેઓ પોતાની ભાવનાઓની ઊંડાઈમાં આ પળોમાં એ અલૌકિકતાનો સાક્ષાત્કાર કરી રહ્યા છે.

સાચે જ એ બધું અલૌકિક હતું, આજના દિવસોમાં તો લગભગ અકલ્પનીય ગણાય તેવું. ત્યારે શાંતિકુંજની આસપાસ ક્યાંય પણ મનુષ્યોની ભીડ અને વાહનો, મોટરગાડીઓની જમાવટ જોવા મળતાં નહોતાં. બધી બાજુ એક ઘેરી આધ્યાત્મિક શાંતિ પ્રસરેલી રહેતી. શાંતિકુંજની અંદર પણ આજનાં જેવાં ભવનોનો વિસ્તાર અને કાર્યકર્તાઓની મોટી સંખ્યા જેવી કોઈ બાબત ન હતી. બસ ગણીને ત્રણ કાર્યકર્તાઓ હતા. શારદા અને રુક્મિણી નામની બે મહિલાઓ ભોજન વગેરેમાં સહાય કરવા માટે હતી. આ શરૂઆતનો તબક્કામાં માતાજીની સાથે રહેનારી છ બાલિકાઓ પણ હતી, જેની સંખ્યા પછીથી વધીને બાર થઈ ગઈ હતી. તેમની પવિત્રતા, સરળતા અને ગાયત્રી સાધના પ્રત્યે તેમનો સમર્પણ ભાવ જોઈને એવું લાગતું હતું જાણે માતાજીએ સ્વયં પોતાની પ્રાણશક્તિને વિભાજિત કરીને કૌમારી સ્વરૂપ બનાવ્યું છે. આ બાલિકાઓના શિક્ષણ, ખાણી-પીણી, સાર-સંભાળ વગેરેની બધી વ્યવસ્થા તેઓ પોતાની મેળે કરી લેતાં હતાં. આ બાલિકાઓ તેમના નિર્દેશનમાં પોતાનાં દૈનિક કામકાજ ઉપરાંત અખંડ દીપની સિદ્ધ જ્યોતિના સાંનિધ્યમાં સાધના પણ કરતી હતી.

ત્રણ-ચાર ઓરડાવાળું આ શાંતિકુંજ એક નજરે જ પ્રાચીન ઋષિઓનું તપોવન લાગતું હતું. મનને સહજ રીતે પસંદ આવનારી હરિયાળી, લીલીછમ કુંજોની છાયા, ભલે બહુ થોડાં પણ ફળદાયી અને છાયાદાર વૃક્ષો- આ બધું મળીને અહીંના વાતાવરણમાં ખૂબ જ નિર્મળ સૌંદર્યની સૃષ્ટિનું સર્જન કરતાં હતાં. ઘોંઘાટ જેવી કોઈ બાબત અહીં હતી જ નહીં. અવાજના નામે યા તો ક્યારેક માતાજીના સાંનિધ્યમાં રહેનારી બાલિકાઓનું હળવું, મૃદુ મંદ હાસ્ય રેલાતું અથવા જ્યારે-ત્યારે ગાયનો ભાંભરવાનો અવાજ - પરંતુ આ બધું વાતાવરણની શાંતિમાં માધુર્ય જ ઘોળતું. ત્યારે દિવસ દરમિયાન પણ સંભળાતો ગંગામાતાના પ્રવાહનો કલકલ નાદ આશ્રમના વાતાવરણને સ્વર્ગીય સંગીતથી મધુમય બનાવતો. આગંતુકો ઘણું કરીને હતા જ નહિ. ક્યારેક-ક્યારેક મહિનામાં કોઈ એકાદ વ્યક્તિ આવી ચડે તો બસ. આશ્રમમાં માતાજી અને ત્યાંના થોડા નિવાસીઓ માટે રોજબરોજની જરૂરી ચીજ-વસ્તુઓ જેવી કે શાકભાજી-કરિયાણું આદિની વ્યવસ્થા કાર્યકર્તાઓ હરિદ્વાર શહેરમાંથી અથવા જ્વાલાપુર જઈને કરતા. જવાનું મોટેભાગે પગપાળા જ થતું. હા, ક્યારેક ક્યારેક થોડે દૂર સુધી બસની સગવડ મળી રહેતી.

માતાજીની દિનચર્યામાં તપ-સાધના ઉપરાંત પોતાના પરિજનોના પત્રોના પ્રત્યુત્તર પાઠવવા, 'અખંડજ્યોતિ' પત્રિકાના સંપાદનની વ્યવસ્થા કરવી, બધાના ભોજન માટેની યોગ્ય વ્યવસ્થા કરવી વગેરે કામો હતાં. આ બધાં કામોની સાથે તેઓ પોતાની સાથે રહેનારી બાલિકાઓને માટે કંઈક એવી વ્યવસ્થા પણ કરતાં જેનાથી તેમને પોતાના ઘરનો અથવા માતાપિતાનો અભાવ ન સાલે. આ વ્યવસ્થામાં કોઈ કોઈ નવી વિશેષ વાનગીઓ પોતાના હાથે બનાવીને ખવડાવવી વગેરે બાબતો સામેલ હતી. આ બધા દૈનિક કાર્યોમાં માતાજી ખૂબ જ વ્યસ્ત રહેતાં હતાં. તેમની આ વ્યસ્તતાને જોઈને આસપાસમાં રહેનારા લોકો એ સમજી જ ન શકતા કે તેઓ સાધના ક્યારે કરે છે ! સાધના કરે છે કે નહીં અને જો કરે છે તો શું કરે છે ! જો કે અંતઃકરણને ખૂંચતા આ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સવાલોની ભ્રમણામાં પડનારા લોકો પણ તેમની આધ્યાત્મિક શક્તિ અને સિદ્ધિઓથી પરિચિત હતા, આમ છતાં પોતાની ઉહાપોહભરી ભ્રાંતિમાં તેઓ સત્યને સમજવાની બાબતમાં અસમર્થ હતા.

એક દિવસ આવા જ એક પરિજને, જે અત્યારે પણ હયાત છે, પરંતુ જેમને પોતાનું નામ જણાવવામાં સંકોચ છે, તેણે ખૂબ જ સંકોચ સાથે માતાજીને પૂછ્યું, ‘‘માતાજી, આપ તો સ્વયં સિદ્ધિદાત્રી છો, પછી આપને સાધના કરવાની જરૂર શી છે ?’’ આ સવાલ પૂછ્યા પછી થોડીવારે ડરતાં ડરતાં તેમણે એ પણ પૂછી લીધું કે આપ આપની સાધના ક્યારે કરો છો ? એ બાબતની જાણ જ થતી નથી. અંતર્યામી માતાજી પહેલાં તો તેમની આ વાતો સાંભળી મલકાયાં, પછી હળવેથી હસી પડ્યાં. પછી થોડુંક અટકીને બોલ્યા, ‘‘શું કરશો આ બધું જાણીને.’’ પરંતુ તેને થોડો નિરાશ અને ઉદાસ થયેલો જોઈને તે સમજાવવા લાગ્યા. ‘‘જો બેટા ! તું આ બધી બાબતોને અત્યારે સારી રીતે સમજી નહિ શકે. તારી આંખો અત્યારે ઘણી નબળી છે. તે અમારી સાધનાને નિહાળી શકતી નથી. આમ છતાં તું જિદ કરે છે તો ચાલ ત્યારે થોડું ઘણું જણાવી જ દઉં.’’

જો, આ છોકરીઓ અને હું બધાં મળીને સાધના કરીએ છીએ. આ છોકરીઓની સાધના સ્થૂળ છે અને મારી સૂક્ષ્મ. હું જે પણ કાંઈ કરું છું તે સૂક્ષ્મ શરીરથી, સૂક્ષ્મ લોકમાં કરું છું. સાધારણ લોકોને તે દેખાય નહિ કે સમજાય નહિ, પરંતુ આ પ્રકારે બ્રહ્માંડમાં ફેલાયેલ શક્તિ પ્રવાહોમાંથી અનંત શક્તિનું ઉપાર્જન થાય છે. આ સૂક્ષ્મ શરીરની એવી સાધના છે, જેની ચર્ચા સાધનાના કોઈ પુસ્તકમાં નથી. પરંતુ આ રીતે કરવામાં આવતી શક્તિ-ઉપાર્જનની સાર્થકતા ત્યારે જ છે, જ્યારે તેના અવતરણને માટે ઉચિત આધાર-ભૂમિ હોય. આ આધાર-ભૂમિનું નિર્માણ આ છોકરીઓ દ્વારા મારી દેખરેખ નીચે કરવામાં આવી રહેલ ગાયત્રી પુરશ્ચરણોની શૃંખલાથી થઈ રહ્યું છે. તારી સમજમાં આ બધી વાતો કેટલા પ્રમાણમાં ઊતરશે, ખબર નથી, પરંતુ તું એટલું જાણી લે કે આ દિવસોમાં અહીં અદ્ભુત બની રહ્યું છે. આ પવિત્ર ભૂમિની પાત્રતાનો વિસ્તાર કરીને તેને આધ્યાત્મિક ઊર્જાનો ભંડાર બનાવાઈ રહી છે. તેનો આગળ ચાલતાં ઉપયોગ થશે.

પોતાની વાતો સમજાવતાં માતાજી થોડાંક થોભ્યાં, પછી કહેવા લાગ્યાં, તેં એક બાબત બીજી પણ પૂછી હતી, ‘‘માતાજી આપને સાધનાની શી આવશ્યકતા છે ? તો બેટા, સાધના મારા માટે આવશ્યકતા જ નહિ, મારો સ્વભાવ છે. તેની આવશ્યકતા મને નહીં, તમને બધાં બાળકોને છે. બાળકો તો બાળકો જ છે, જાણ્યે અજાણ્યે તેમનાથી કેટલાં પાપ-તાપ થઈ જાય છે ! અને જ્યારે તેનાં પરિણામો સામે આવે છે તો કહે છે - માતાજી બચાવો. હવે બાળકો તો ધૂળ-માટી, મળ-મૂત્રથી ખરડાયેલાં હોય કે ચોખ્ખાં હોય-મારે મન તો તે બધાં બચ્ચાં જ છે. હું તેમની મા છું. તેઓ જેવાં પણ છે, મને તો બહુ જ વહાલાં છે. પોતાનાં આ બાળકોને આફત-મુસીબતમાંથી બચાવવા માટે મારે ઘણું બધું કરવું પડે છે. ભૂલો બાળકો કરે છે અને તેમની મા હોવાના કારણે પ્રાયશ્ચિત્ત મારે કરવું પડે છે. આ જ કારણસર મારે નિરંતર સાધના કરતા રહેવું પડે છે.’’

સાંભળનારની આંખો માતાજીની વાતો સાંભળીને ભરાઈ આવી. તે તેમના વાત્સલ્યનો અનંત વિસ્તાર જોઈને હતપ્રભ થઈ ગયો. માતાજી પોતાના ભાવમાં ડૂબીને કહેતાં રહ્યાં - બેટા, હું તો આ જમીન, અને અહીં આસપાસની ઘણી જમીનની કાયાપલટ કરવાના કામમાં લાગેલી છું. જ્યાં સુધી મારા સંકલ્પનો વિસ્તાર છે, આ જમીન આધ્યાત્મિક ઊર્જાનો અક્ષયકોષ બની જશે. આગળ વધતાં અહીં વિસ્તાર થશે. અહીંથી બહુ મોટાં મોટાં કામો થશે. તે સમયે જોનારા લોકો આશ્ચર્યચકિત રહી જશે કે એ શાંતિકુંજનાં બધાં કામો પોતાની રીતે કેવી રીતે સંપન્ન થાય છે. શાંતિકુંજ જે કામ પોતાના હાથમાં લે છે, તે પોતાની જાતે જ જાણે થતાં જાય છે. વાસ્તવમાં તે બધાં એમને એમ થતાં નથી, તે આધ્યાત્મિક ઊર્જાના એક અંશથી થશે, જે હું આજે જમા કરી રહી છું. અહીં જે લોકો આવશે અને ભાવભરી શ્રદ્ધા સાથે અહીં રહીને સાધના કરશે, અનાયાસે જ તેમના પ્રાણ પ્રત્યાવર્તિત થઈ જશે. ભવિષ્યના દિવસોમાં અહીં આવનારા શ્રદ્ધાવાન સાધકો પોતાના પ્રત્યાવર્તિત પ્રાણોનો અનુભવ કરશે. પોતાની સાધનાની રહસ્યકથાના આ કેટલાક અંશોને પ્રકાશમાં લાવતાં માતાજી અચાનક ઊઠીને ઊભાં થયાં. કદાચ, તેમને પોતાનાં ભવિષ્યનાં કાર્યોને ગતિશીલ બનાવવાં હતાં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવનું પુનરાગમન અને પ્રાણ પ્રત્યાવર્તન

પ્રત્યાવર્તિત થતા પ્રાણોથી માતાજી અને ગુરુદેવની વચ્ચે ભાવસંદેશાનું આદાન-પ્રદાન થતું રહેતું. શુભ્ર-ધવલ હિમ શિખરોવાળા હિમાલયની ગહનતાઓમાં તપોલીન ગુરુદેવ અને હરિદ્વારના દિવ્ય સાધના સ્થળ શાંતિકુંજમાં સાધનાલીન માતાજી એકબીજાની પરિસ્થિતિ અને ભાવદશાને પોતાના હૃદયની ઊંડાઇઓમાં સતત અનુભવતાં હતાં. બન્નેનાં કર્તવ્યો કઠોર હતાં. બન્નેની સાધના કઠિન હતી. માતાજી, ગાયત્રી પરિવારનાં પોતાનાં બાળકોને લાડ-પ્યાર આપવા, તેમનાં કષ્ટો અને મુશ્કેલીઓમાં ભાગીદાર રહેવાની સાથે શાંતિકુંજના ભવિષ્યને માટે આધ્યાત્મિક ઊર્જાનો અક્ષય ભંડાર એકઠો કરવાના કાર્યમાં સંલગ્ન હતાં. ગુરુદેવ એ દિવસોમાં એ આસુરી શક્તિઓને પ્રચંડ ટક્કર આપવાના કાર્યમાં વ્યસ્ત હતા જે પડોશી દેશની કુટિલ ગતિવિધિઓનું મહોરું પહેરીને આપણા દેશ પર ચડી આવી હતી.

સન્ ૧૯૭૧ના શિયાળાની શરૂઆત દેશને ભારે પડતી હતી. સેના સરહદો પર અલગ અલગ મોરચામાં રહીને દુશ્મનો સામે ઝઝૂમી રહી હતી. પૂર્વ પાકિસ્તાનમાં થઈ રહેલા અમાનવીય અત્યાચારોને કારણે ત્યાંથી હિજરત કરી ભારતમાં ભાગી આવેલા શરણાર્થીઓને યોગ્ય સહાય કરવા માટે દેશના બહાદુર સિપાઇઓ પ્રતિબદ્ધ હતા. સમગ્ર રાષ્ટ્ર માટે આ બહુ કઠણ સમય હતો. સમસ્યાઓના આ જટિલ ચક્રવ્યૂહનાં અનેક ચક્રો હતાં. રાષ્ટ્રના સૂત્રધારોને કૂટનીતિના મોરચે ઘેરી લેવાની કોશિશો થઈ રહી હતી. આજે દુનિયાનો સૌથી વધુ શક્તિશાળી ગણાતો દેશ તે દિવસોમાં દુશ્મનોને દરેક પ્રકારે સહાય પહોંચાડવામાં કાર્યરત હતો. એટલે સુધી કે તેનો સર્વશક્તિમાન મનાતો સાતમો કાફલો પણ આગળ ધપી રહ્યો હતો. નાના-મોટા જે બધા તે સમયે યુદ્ધની ખબરો સાંભળતા તેઓ પરસ્પર એકબીજાને પૂછતા અને વિચારતા હવે શું થશે?

અચાનક ઘટનાચક્રોમાં કંઈક એવાં ચમત્કારી પરિવર્તનો થયાં કે બાજી એકદમ જ પલટાઈ ગઈ. નવો ઈતિહાસ જ નહિ, નવી ભૂગોળ પણ રચાઈ ગઈ. દુનિયાના ઈતિહાસમાં કદાચ પહેલીવાર ૯૩૦૦૦ની હથિયારબંધ સેનાએ પોતાના જનરલની સાથે શરણાગતિ સ્વીકારીને આત્મસમર્પણ કરી દીધું. વિશ્વના નકશામાં નવી રેખાઓ ખેંચાઈ, ભૂગોળમાં એક નવા દેશના નકશાએ આકાર ધારણ કર્યો. ભારતે વિજયી દિન મનાવ્યો અને બાંગ્લાદેશે પોતાનો જન્મદિન. દેશના સૂત્રધારોથી માંડીને સામાન્ય નાગરિક સુધ્ધાંએ એ અનુભવ કર્યો કે આ બધું તો ચમત્કાર જેવું જ બની ગયું. 'સાતમો કાફલો' કેમ પાછો ફર્યો ? દુશ્મનની આટલી મોટી ફોજે કઈ રીતે આત્મસમર્પણ કર્યું ? આ સવાલોના જવાબો શોધવામાં સામાન્ય બુદ્ધિ અસમર્થ હતી. બસ, બધાએ કહ્યું કે આ તો ભારતની આધ્યાત્મિક દિવ્ય શક્તિનો ચમત્કાર છે.

જે દિવસોમાં આ બધું બન્યું, તે જ દિવસોમાં એક પરિજન ડૉ. અમલકુમાર દત્તા, જે હવે શાંતિકુંજના વરિષ્ઠ કાર્યકર્તા છે અને બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનમાં રહે છે - તેઓ માતાજીને મળવા આવ્યા. તેમણે માતાજીને કહ્યું, "માતાજી, આપે સાંભળ્યું - ભારતે યુદ્ધ જીતી લીધું" ઉત્તરમાં માતાજી બહુ ધીરેથી બોલ્યાં 'હા બેટા, સાંભળ્યું પણ ખરું અને જોઈ પણ લીધું.' પરિજનને થોડું આશ્ચર્ય થયું કે આ સાંભળ્યું હોવાની વાત તો બરાબર, પણ જોઈ લીધાની વાતનો શો મતલબ ? તેમણે માતાજી સમક્ષ બધી વાતનો ખુલાસો કરવાની જિદ પકડી. તેમની આ જિદ પર તે કહેવા લાગ્યાં, "હમણાં આ જે લડાઈ થઈ તે બે રીતે લડવામાં આવી. એક તો આપણી ફોજોએ મોરચા પર જાનની બાજી લગાવી. ફોજોની આ બહાદુરીની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી, પરંતુ આ લડાઈમાં હિમાલયની ઋષિસત્તાઓએ પણ જબરદસ્ત અને પ્રચંડ રૂપે ભાગ લીધો. તેમાં ગુરુદેવની મુખ્ય ભૂમિકા હતી. તેમણે પોતાની તપશક્તિથી દુશ્મનની ષડયંત્રકારી યોજનાઓને ચૂર-ચૂર કરી નાખી. મેં આ બધું પ્રત્યક્ષ મારી પોતાની આંખે જોયું."

તે દિવસોનાં અનેક સંસ્મરણોમાં એક સંસ્મરણ ઓર છે, જે પાછળથી માતાજીએ સ્વમુખે સંભળાવ્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ સંસ્મરણથી મમતામયી માનું વાત્સલ્ય પ્રગટ થાય છે. તેમણે વાતચીતના ક્રમમાં પોતાની સ્મૃતિઓને ઢંઢોળતાં કહ્યું, "જ્યારે ગુરુજી ૧૯૭૧માં હિમાલય ગયા હતા, ત્યારે ધારણા એવી જ હતી કે હવે તેઓ કદાચ પાછા ન ફરે. બાંગ્લાદેશવાળી લડાઈ પછી તેમની પોતાની યોજના પણ કંઈક આવી જ હતી. પરંતુ અહીં તો બધા લોકો ભારે પરેશાન હતા. 'ગુરુજી ક્યારે પાછા ફરશે ? જે પણ લખતા, તે આ જ સવાલ પૂછતા 'ગુરુજી પાછા ક્યારે ફરશે ?' અમને બધાને ક્યારે મળશે ?' બાળકોની આ વ્યાકુળતાએ મને ખૂબ બેચેન અને વ્યાકુળ બનાવી દીધી. મારા કષ્ટની તો મને ક્યારેય ચિંતા હોતી નથી - પછી તે ભલે ગમે તેટલું મોટું કષ્ટ કેમ ન હોય, પરંતુ મારાં બાળકોનું કષ્ટ મારાથી સહેવાતું નથી. તેમને દુઃખી અને પરેશાન થતાં હું જોઈ શકતી નથી. છેવટે હું મા છું ને ! બાળકોની આ પરેશાનીના કારણે મારી બેચેની એટલી વધી ગઈ કે ગુરુજીને પ્રાર્થના કરતાં મારાથી ચીસ નીકળી ગઈ. આ ચીસને કારણે કેટલાક લોકોએ માની લીધું કે માતાજી બીમાર છે. જો કે ગુરુજી સાચી વાત સમજ્યા અને તેઓ પાછા ફર્યા. તેમણે મારી પ્રાર્થનાનો સ્વીકાર કરીને પોતાની યોજના બદલી નાખી."

પાછા ફર્યા પછી ગુરુદેવ સૌથી પહેલાં દૂર દૂર વસનાર પ્રવાસી પરિજનોના પોકારનો ઉત્તર આપવા માટે આફ્રિકા ગયા. સન્ ૧૯૭૨માં ગુરુદેવે પોતાની આ યાત્રા જહાજમાં કરી. તેમનો આ પ્રવાસ ઉપરછલ્લી રીતે સાધારણ રહેવા છતાં આંતરિક રૂપે કેટલીય અસાધારણ અનુભૂતિઓથી સભર રહ્યો. ત્યાંથી પાછા ફર્યા બાદ તેમણે સન્ ૧૯૭૩માં પાંચ દિવસીય પ્રાણ પ્રત્યાવર્તન સત્રનું આયોજન કર્યું. શાંતિકુંજમાં આયોજિત થનાર આ સૌથી પહેલું સાધનાસત્ર હતું. તેમાં દેશભરના પરિજનોએ ભાગ લીધો અને પોતાના પ્રાણોના પ્રત્યાવર્તનનો અનુભવ કર્યો. આ પરિજનોમાંથી અનેક આજે શાંતિકુંજ અને બ્રહ્મવર્ચસ્‌માં વરિષ્ઠ કાર્યકર્તાઓ છે. જેઓ શાંતિકુંજમાં આવીને ન વસી શક્યા તેઓ પણ પોતપોતાનાં ક્ષેત્રોમાં મનપ્રાણથી મિશનની ગતિવિધિઓમાં પરોવાયેલા છે.

પ્રાણોનું આ પ્રત્યાવર્તન બધી રીતે અજોડ હતું. આમાં પાંચ દિવસોના એકાંતવાસમાં સાધકો ગુરુદેવ દ્વારા બતાવવામાં આવેલ કેટલાય પ્રકારની સરળ, પરંતુ પ્રભાવકારક સાધનાઓ કરતા. આ સાધનાઓનો ઉદ્દેશ સાધકોના પ્રાણોને ઉચ્ચસ્તરીય આધ્યાત્મિક તત્ત્વો માટે ગ્રહણશીલ બનાવવાનો હતો. જેથી ગુરુદેવના મહાપ્રાણના કોઈ લઘુઅંશને ગ્રહણ અથવા ધારણ કરવા સમર્થ નીવડી શકે. સાધનાના આ સમયગાળામાં પ્રત્યેક સાધકને ગુરુદેવના સાંનિધ્ય તથા ચર્ચાવિચારણાની ભરપૂર તક મળતી. આ સાધનામાં સાધકોને ભોજન અને ઔષધિકલ્પના માધ્યમથી માતાજીની પ્રાણસુધાનું પાન કરવા મળતું હતું. તેઓ પોતાનાં બાળકોને આ જ માધ્યમોથી પોતાના તપના મહત્ત્વપૂર્ણ અંશો આપીને અનુગ્રહી બનાવતાં હતાં.

આ પ્રત્યાવર્તન શિબિરોથી શરૂ કરીને લગભગ ૧૦ વર્ષ શાંતિકુંજમાં અનેક પ્રકારનાં સાધના સત્રોનું આયોજન-સંચાલન થયું. આમાં ભાગ લેનાર દેશભરના હજારો સાધકોએ પૂજ્ય ગુરુદેવની સાથે માતાજીની તપશક્તિ અને યોગ વિભૂતિઓનો સાક્ષાત્કાર કર્યો. તે બધા સર્વસિદ્ધિદાત્રી મા દ્વારા આપવામાં આવેલ વિવિધ અનુદાનોથી લાભાન્વિત બન્યા. આ અવધિ શાંતિકુંજના સુવર્ણકાળમાંની એક હતી. આ જ સમય દરમિયાન ૧૯૭૮માં માતાજીને સહયોગ-સાથ આપવા માટે શૈલ દીદી અને ડૉ. પ્રણવ પંડ્યાનું આગમન થયું. અધ્યાત્મના વૈજ્ઞાનિક આયામને પ્રતિષ્ઠિત કરવા માટે બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનની સ્થાપના થઈ. તેની સાથે આદિશક્તિ જગદંબાને યુગશક્તિ રૂપે પ્રતિષ્ઠિત કરવા માટે પરમપૂજ્ય ગુરુદેવે એક નવું અભિયાન શરૂ કર્યું. આ એ સત્યની ઉદ્‌ઘોષણા હતી કે યુગનિર્માણ મિશનની સૂત્રસંચાલિકા આદિશક્તિ સ્વયં છે. આ અભિયાનને વેગ આપવા માટે ગુરુદેવે સ્વયં દેશભરમાં પ્રવાસ કર્યા. પહેલા ચરણમાં સમગ્ર દેશમાંથી પસંદ કરેલાં પવિત્ર તીર્થસ્થાનો પર ચોવીસ શક્તિપીઠોની સ્થાપના થઈ. પછીથી તેની સંખ્યા વધતી ગઈ. ગુરુદેવના આ પ્રવાસકાળમાં માતાજીએ મિશનની અને શાંતિકુંજની સૂત્રસંચાલિકા તરીકે જવાબદારી સંભાળી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંતાનો પર પ્રેમ અને આશિષ વરસાવનાર મા

માતાજીના આશીર્વાદની વર્ષા પરમપૂજ્ય ગુરુદેવના એકાંત સાધનામાં પ્રયાણ બાદ અતિશય સઘન બની ગઈ. સન્ ૧૯૮૪ની રામનવમીથી ગુરુદેવનું સર્વ સામાન્યને મળવાનું બંધ થઈ ગયું હતું. આ વિશિષ્ટ સાધનાકાળમાં તેમણે મોટેભાગે કેવળ બે જ વ્યક્તિઓને પોતાની આસપાસ રહેવા અને નિરંતર હળતા-મળતા રહેવાની અનુમતિ આપી હતી. તેમાં પ્રથમ સ્વયં વંદનીય માતાજી હતાં, જે તેમનાથી સર્વ રીતે અભિન્ન હતાં. જેમનાં પ્રાણ ગુરુદેવની સૂક્ષ્મીકરણની સાધનામાં મળી ગયા હતા, જે સાધના સમયે ગુરુદેવના સ્થૂળ શરીરને પોતાની દિવ્ય શક્તિઓથી સુરક્ષિત અને સંરક્ષિત કરતાં હતાં. બીજી વ્યક્તિ ડૉ. પ્રણવ પંડ્યા હતા, જેઓ તે દિવસોમાં ગુરુદેવના મુખ્ય સેવક, અંગત સચિવ અને તેમના લેખનકાર્યમાં એકમાત્ર સહયોગીનું કર્તવ્ય નિભાવતા. આ ગુરુતર સેવાધર્મમાં પ્રતિપળ તેમનાં મન-પ્રાણ તલ્લીન રહેતાં. ‘સબ તે સેવક ધરમ કઠોરા’ -કહેલા સેવાધર્મને તેમના હૃદયમાં છલકાતી ભક્તિસંવેદનાએ એકદમ સરળ બનાવી દીધો. સૂક્ષ્મીકરણ સાધના સમયે તેઓ મોટેભાગે આખો દિવસ ગુરુદેવની પાસે જ રહેતા.

દિવસના આ સમયે વંદનીય માતાજી પોતાનાં બાળકોને વહાલ-પ્રેમ વહેંચ્યા કરતા. તેમના પર પોતાના આશીર્વાદ વરસાવતાં. ગુરુદેવના એકાંતવાસમાં જવાને કારણે શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ્ અને ગાયત્રી તપોભૂમિમાં રહેનાર કાર્યકર્તાઓ જ નહિ, દેશભરમાં રહેનાર ગાયત્રી પરિજન મન મારીને રહેતા હતા. ગુરુદેવને મળવાનું નહોતું, એ બાબતનું દુઃખ બધાને હતું. શરૂઆતના દિવસોમાં એક ઘેરો અવસાદ બધાને ઘેરી વળ્યો હતો, પરંતુ માતાજીના પ્યારભર્યા આશીર્વાદોએ બધાનું હાસ્ય પાછું મેળવી આપ્યું. હંમેશાં પોતાને પરોક્ષ રાખનાર સર્વેશ્વરી મા આ દિવસોમાં પોતાનાં સંતાનો સાથે તેમનાં દુઃખો હરવામાં અને તેમને સુખમાં તરબોળ કરવાના કામમાં લાગેલાં હતાં. આ સમયની અનેક ઘટનાઓ અને અનેક સંસ્મરણ શાંતિકુંજના અને યુગનિર્માણ મિશનના ઈતિહાસના સોનેરી પૃષ્ઠો પર અંકિત થયેલ છે. આજે પણ તેનું સ્મરણ કરતાં મન, માના પ્રેમથી ભીંજાઈ જાય છે. તેમના પ્રત્યે શ્રદ્ધાથી હૃદય વિભોર થઈ ઊઠે છે.

તે દિવસોમાં માતાજીને મળનારા અને તેમની સાથે મેળાપ કરાવનારાઓને આજે પણ તેમની યાદ ભાવવિભોર બનાવી દે છે. આવી જ કાંઈક યાદો આ સમયે ભાવનાઓની શાહીમાં ભીંજાવા માટે આતુર છે. તેમાંથી એક યાદ એ પરિજનની છે, જે અત્યારે રાજસ્થાન પ્રદેશના બારા જનપદમાં વરિષ્ઠ ચિકિત્સા અધિકારી છે. ગુરુદેવના સૂક્ષ્મીકરણમાં ગયા પછી તેઓ પોતાના પરિવાર સાથે શાંતિકુંજ આવ્યા. તેમના મનના કોઈક ખૂણે સંશય હતો કે આ વખતે ગુરુદેવને મળવાનું નહીં બની શકે. પોતાના મનના ઉહાપોહને લઈને જયારે તે માતાજીની પાસે પહોંચ્યા તો તેમને પહેલું અચરજ તો એ થયું કે માતાજીએ તેમને તેમનું નામ દઈને બોલાવ્યા અને કહ્યું, ફૂલસિંહ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બેટા, તું ક્યારે આવ્યો? પછી પત્ની અને બાળકોમાંના એકે એકનું નામ દઈને તેમણે બધાના કુશળ સમાચાર પૂછ્યા. પ્રવાસ કેવો રહ્યો તે પણ પૂછ્યું. ડૉ. ફૂલસિંહ યાદવને માતાજીની આ વાતોથી આશ્ચર્ય એ વાતનું થયું કે તેઓ પહેલાં કદી તેમને ઘનિષ્ઠતાપૂર્વક મળ્યા ન હતા. પહેલાંના સમયમાં તો તેમનું ગુરુદેવ સાથે જ મિલન થતું. આથી જ આજે માતાજીની વાતોએ તેમને આશ્ચર્યચકિત કરી દીધા.

તેઓ હજુ તો ઝાઝું કંઈ વિચારે તે પહેલાં માતાજી બોલી ઊઠયાં, શું વિચારે છે ? માને તેનાં બાળકોની ઓળખાણ થોડી જ કરાવવી પડે ? અને હા, ગુરુજી ન મળી શકે તો શું થઈ ગયું, મને તારા પ્રમોશનનો ખ્યાલ છે. તું કોઈ જાતની ચિંતા ન કરીશ. હું તારું પ્રમોશન કરાવીશ. અંતર્યામી માતાજીની વાતો સાંભળીને ડૉ. ફૂલસિંહની આંખો ભરાઈ આવી. તેઓ પ્રણામ કરીને નીચે ઊતર્યા અને એ જ વિચારતા રહ્યા - માતાજી પોતાનો પરચો ન કરાવે તો ભલા, તેમને કોણ ઓળખે? ગુરુજી કૃપાળુ છે, પરંતુ માતાજી તો તેમનાથી હજારગણાં વધારે કૃપાળુ છે. એ ઠીક વાત છે કે દયાના સાગર ગુરુદેવ માગણી કરતા કદી નિરાશ નથી કરતા, પરંતુ માતાજી તો માગ્યા વિના પણ બધું જ આપી દે છે અને આપ્યા પછી પણ એવું જ વિચારે છે કે બાળકને કાંઈક ઓછું આપ્યું. માની કૃપા અને પ્રેમનો કોઈ અંત નથી. આજે પણ ડૉ. ફૂલસિંહના મનને માતાજીની યાદો આર્દ્ર બનાવી દે છે અને તેઓ એટલું જ કહે છે કે જે મા શક્તિપીઠમાં પ્રતિષ્ઠિત છે, તે જ માએ પોતાનાં બાળકો પર કૃપા કરવા માટે અવતાર લીધો હતો.

આવી યાદો એકાદ-બે નથી, અસંખ્ય છે. માતાજી સાથે પરિજનોનો મેળાપ કરાવનાર શિવપ્રસાદ મિશ્ર વગેરે કાર્યકર્તાગણ રોજ તેમને આશિષની વર્ષા કરતાં નિહાળતા. મળનારા પરિજનો કહ્યા વિના માતાજી તેની સમસ્યા તેને કહી દેતાં અને તેનું સાર્થક સમાધાન કરાવવાનો વિશ્વાસ બંધાવતાં. અસાધ્ય બીમારી, ઘર-પરિવારની જટિલ સમસ્યાઓ, વર્ષોથી વિલંબમાં પડેલા મુકદ્દમા, દીકરીનાં લગ્ન અને કોણ જાણે કેટલાય પ્રકારની સમસ્યાઓ માતાજી પોતાની તપશક્તિથી પળમાત્રમાં હલ કરી દેતાં. તેમની પાસે લોકો રોતાં રોતાં આવતા અને હસતા હસતાં વિદાય લેતા. આ પ્રભાવ ક્ષણિક નહિ, દીર્ઘકાલીન રહેતો. જ્યારે આ લોકો પોતાના ઘરે પહોંચતા તો તેમને પોતાની પરિસ્થિતિ બદલાઈ ગયેલી લાગતી. આ પરિસ્થિતિ બદલાયાના ખબર તેઓ પત્રો દ્વારા આપતા અને ક્યારેક ક્યારેક તો આનંદમાં સ્વયં દોડી આવતા. આવીને કહેતા, ‘માતાજી, આપની કૃપાથી બધું એકદમ બરાબર થઈ ગયું. ઉત્તરમાં તેઓ કહેતાં, ‘‘હા બેટા, એ તો બરાબર , સારું, પરંતુ તું તારી એક બાબતમાં સુધારો કર. મા પોતાના બાળકો પર કૃપા નથી કરતી, તેમને પ્યાર કરે છે. તે જે પણ કાંઈ કરે છે, બાળકો પ્રત્યેના પ્રેમથી વિવશ બનીને જ કરે છે.’’

પ્રેમાળ માના આ પ્રેમનો કોઈ અંત નહોતો. પછી ભલે શાંતિકુંજમાં, બ્રહ્મવર્ચસ્‌માં રહેનારા લોકો હોય કે પછી બહારથી આવનારા - બધા પર તેમનો પ્રેમ નિરંતર વરસતો રહેતો. પોતાનાં બાળકોને તેમની પસંદગીની ચીજો બનાવીને ખવરાવવી એ તેમનું ખૂબ જ મનપસંદ કાર્ય હતું. તે કોઈના પણ જણાવ્યા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિના, એ બાબતનું બરાબર ધ્યાન રાખતાં કે કોને વેસણનો હલવો પસંદ છે, કોને ગાજરનો હલવો વધારે ભાવે છે, તલના લાડુ, કારેલાનું શાક, ચણાની દાળ અને એવી કોણ જાણે કેટલા પ્રકારની ચીજોનું તે પ્રત્યેકની પસંદ અનુસાર ધ્યાન રાખતાં હતાં. કોઈ પ્રકારની જાણ કે પૂર્વસૂચના વિના અવારનવાર તે કોઈ ચીજ સ્વયં બનાવી લેતાં અથવા સાથે રહેનારી છોકરીઓ પાસે બનાવડાવતાં. આગંતુક પરિજન જ્યારે તેમને મળવા આવતા તો તેઓ તેમને પોતાની સામે બેસાડીને ખૂબ જ પ્રેમથી ખવડાવતાં. ખાનારને આશ્ચર્ય થતું કે માતાજીને કઈ રીતે ખબર પડી કે મને આ ચીજ સૌથી વધુ પસંદ છે અને આજે હું આવનાર છું, પરંતુ આ નવાઈ બહુ લાંબો સમય ન ટકતી, કેમ કે લગાતાર અનુભવોએ તેમને વિશ્વાસ બંધાવી દીધો હતો કે તેમની મા (માતાજી) અંતર્યામી હોવાની સાથોસાથ યોગની દિવ્ય વિભૂતિઓથી સંપન્ન છે.

આખો દિવસ સંતાનો પર પ્રેમ અને આશિષ વરસાવ્યા બાદ માતાજી સાંજ પડતાં પડતાં ગુરુદેવની પાસે ઉપર ચાલ્યાં જતાં. ત્યાં તેઓ તેમની સાથે સૂક્ષ્મીકરણના ઉચ્ચસ્તરીય પ્રયોગોમાં સહભાગી થતાં. ગુરુદેવ દ્વારા સંપન્ન વિશ્વકુંડલિની જાગૃતિ અને પાંચ વીરભદ્રોના નિર્માણ જેવી ક્રિયાઓ માતાજીની દિવ્ય શક્તિઓના સંરક્ષણમાં ચાલતી હતી. આ સાધના ઉપરાંત તેમાંથી બહાર નીકળતાં ગુરુદેવે આ વિશિષ્ટ સમયની ચર્ચા કરતાં એકવાર વાતચીતમાં કહ્યું હતું, ''તમને એકલાને માતાજીના આશીર્વાદ નથી મળતા, અમને પણ મળે છે.'' પછી હસતાં હસતાં તેઓ બોલ્યા, ''માતાજી, માના પેટમાંથી માતાજી બનીને જ પેદા થઈ છે. તે એક સાથે બધાની જ મા છે.'' થોડો સમય થંભીને પોતાના શરીર પ્રત્યે સંકેત કરતાં તેમણે કહ્યું, આ શરીર હજી સુધી તેમની દેખભાળના કારણે ટકી રહ્યું છે. મારા જીવનના બધા જટિલ પ્રયોગો તેમના માતૃત્વના સંરક્ષણબળે જ સંભવી શક્યા છે. સૂક્ષ્મીકરણની સફળતા પણ તેમના દિવ્ય સંરક્ષણનું જ પરિણામ છે. સાધનાકાળમાં તે જો પોતાની દિવ્યશક્તિઓ વડે સતત મારું રક્ષણ ન કરતાં હોત, તો કોણ જાણે આ શરીર ટક્યું હોત કે નહિ. ગુરુદેવની આ સૂક્ષ્મીકરણની સાધના પછી વીતેલાં વર્ષોની સાથે અનેક ઘટનાચક્રો ઝડપથી બદલાયાં અને એ સમય પણ આવી પહોંચ્યો જ્યારે શિવ-મહાશક્તિમાં સમાઈ જવાની તૈયારી કરવા લાગ્યા.

*સાધુનાં દર્શન માટે ગામમાં ભીડ ઊમટી પડી. લોકો આવતા, સાધુના ચરણોમાં ભેટ ચડાવતા અને તેમના વચનામૃતનું પાન કરવા બેસી જતા.*

*સાધુ કહી રહ્યા હતા, સાંસારિક પ્રેમ મિથ્યા છે. સ્ત્રી, પુત્ર વગેરેના લૌકિક સ્નેહ છોડીને માણસે આત્મકલ્યાણની વાત વિચારવી જોઈએ. ભગવાન પ્રત્યેનો પ્રેમ જ સાચો પ્રેમ છે.*

*એક નાનકડો બાળક સાધુની વાતો ખૂબ જ ધ્યાનથી સાંભળતો હતો. તેણે એક નાનકડો પ્રશ્ન પૂછ્યો, 'મહાત્માજી હું કોણ છું ?' 'આત્મા'- સાધુએ સંક્ષેપમાં ઉત્તર આપ્યો. મહારાજ મારા પિતા, મારી માતા દિવસભર મારા કલ્યાણની વાતો વિચારે છે, તે શું આત્મકલ્યાણ ન થયું ? સર્વત્ર ફેલાયેલ વિશ્વાત્મા સાથેનો પ્રેમ શું ઈશ્વરપ્રેમ નથી ? જે તેના માટે સંસારનો ત્યાગ કરવો પડે ? સાધુ ચૂપ રહ્યા. તેમનાથી કોઈ ઉત્તર આપી ન શકાયો.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાશક્તિમાં સમાઈ જવાનો શિવ-સંકલ્પ

સૂક્ષ્મીકરણ સાધના પછીથી જ પરમપૂજ્ય ગુરુદેવ શાંતિકુંજ સહિત સંપૂર્ણ યુગનિર્માણ મિશનને સર્વથા નવા આયામમાં પહોંચાડવામાં લાગી ગયા હતા. તેને માટે તેમણે તેમનું લેખન, સાધના આદિ નિયમિત કાર્યોની સાથે કાર્યકર્તાઓને વિવિધ રીતે પ્રશિક્ષિત કરવાનું શરૂ કરી દીધું હતું. આખો દિવસ એક પછી એક જ્ઞાનચર્ચા ચાલતી રહેતી. આ ગોષ્ઠિઓમાં તેઓ ભવિષ્યમાં કરવાનાં કાર્યોની સ્પષ્ટતા કરતા, નવી યોજનાઓ બનાવતા અને સમજાવતા. એ પણ જણાવતા કે તેમની અનુપસ્થિતિમાં મિશનનો કઈ રીતે વિસ્તાર થશે. તે કેવી રીતે અને ક્યા પ્રકારે ચાલુ રહેશે. બધાં કામો કરતા કરતા તે આ દિવસોમાં નવાં નવાં પુસ્તકો રૂપે ક્રાંતિધર્મી સાહિત્યનું સર્જન પણ કરતા રહેતા. આ ભાવસ્પર્શી સાહિત્યનું સર્જન તેમના નિયમિત લેખનથી અલગ હતું. આ વર્ષોમાં ગુરુદેવની સમસ્ત ગતિવિધિઓ તીવ્રથી તીવ્રતર બનતી રહી હતી. આ ઉત્તરોત્તર વધતી જતી તીવ્રતાને જોઈને ભક્તિ-સંવેદનાથી સ્પંદિત હૃદયોને સહજ જ અનુમાન થઈ જતું કે ભગવાન શિવ પોતાની લોકલીલાનું સંવરણ કરતાં કરતાં મહાસમાધિમાં લીન થવાની તૈયારી કરી રહ્યા છે.

શક્તિસ્વરૂપા માતાજી ગુરુદેવના શિવસંકલ્પથી માહિતગાર હતાં. તેમને સારી રીતે જાણ હતી કે સત્યના મૂર્તિમાન સ્વરૂપ ગુરુદેવના સંકલ્પો અને યોજનાઓ કદી પણ મિથ્યા ન હોઈ શકે. તેઓ સ્વયં પણ તેમની યોજનાઓ પ્રત્યે પૂર્ણતઃ સમર્પિત હતાં. તો પણ તેમને આટલો કઠિન પરિશ્રમ કરતા જોઈને તેમનું માતૃહૃદય વ્યાકુળ થઈ ઊઠતું. એક દિવસ આવી જ રીતે ગુરુદેવ સવારનું લેખનકાર્ય અને ત્યારબાદ કાર્યકર્તાઓ સાથે ગોષ્ઠિ કર્યા પછી બપોરે ફરીથી લખવા બેસી ગયા. લગાતાર વિભિન્ન કાર્યોની સાથે લેખનકાર્ય કરતાં તેમની આંખો લાલ થઈ ગઈ. શારીરિક કષ્ટો તો બધાને હોય છે પછી ભલે તે અવતારી સત્તા કેમ ન હોય. તે દિવસે અતિ અધિક અને લગાતાર લેખનકાર્ય કરવાને કારણે ગુરુદેવની આંખો એકદમ લાલ દેખાવા માંડી હતી. આમ છતાં પણ તે દેહબોધથી રહિત, પરમહંસ મહાયોગીની જેમ સાંજ સુધી એકધારું લેખન કરતા રહ્યા. સાંજે જ્યારે માતાજી પોતાનાં દિવસભરનાં બધાં કામો પતાવીને નીચેથી ઉપર પહોંચ્યાં તો ગુરુદેવની આ દશા જોઈને વિહ્વળ બની ગયાં.

ભાવ-બિંદુઓથી સભર આંખો સાથે તેમણે ગુરુદેવના બધા કાગળો સમેટીને એક સાથે એક જગ્યાએ મૂક્યા. તેમને પોતાના હાથે એક પ્યાલો પાણી પાયું અને તેમને પૂછવા લાગ્યાં, 'આપ આટલો બધો શ્રમ શા માટે કરો છો ?' આ પ્રશ્નના ઉત્તરમાં ગુરુદેવ થોડો સમય તો ચૂપ રહ્યા પછી થોડું હસીને બોલ્યા, ''વાસ્તવમાં અમે અમારા ચાલી જતાં પહેલાં મિશનની ગાડીને ખૂબ જોરપૂર્વકનો ધક્કો લગાવી દેવા ઈચ્છીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે આ ધક્કો એટલા જોરથી લાગે કે મિશન સેંકડો વર્ષો સુધી આરામથી ચાલતું રહે. તેમાં કોઈપણ અવરોધ કે વિઘ્ન ન આવે. આપણા છોકરાઓ કેવળ તેમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બેસીને સ્ટિયરીંગ સંભાળતા રહે. તેમને ખાસ કાંઈ કરવું ન પડે. બધું જ પોતાની મેળે સરળતાથી થતું રહે.'' તે દિવસની આ વાતથી માતાજીને જ નહીં, ગુરુદેવના અન્ય નિકટના માણસોને એ સ્પષ્ટ આભાસ મળી ગયો કે તેમના ભાવમય ભગવાન પોતાની લોકલીલાને પૂરેપૂરી રીતે સમેટી લેવાને માટે સંકલ્પબદ્ધ છે.

આ સત્ય જાણતાં માતાજી આ દિવસોમાં મિશનના સામાન્ય કામકાજની સાથે પોતાના ઘર-પરિવારની જવાબદારીઓ પણ સંભાળવામાં પ્રયત્નશીલ હતાં. તેમની સુપૌત્રી 'ગુડિયા' (મંદાકિની) હવે મોટી થઈ ગઈ હતી. તેને માટે તે સુયોગ્ય વરની શોધમાં હતાં. 'ગુડિયા' (મંદાકિની) અને ચીનુ (ચિન્મય) આ બન્ને બાળકો પોતાના બાલ્યકાળથી માતાજીની સાથે રહેતાં હતાં. તેમણે મોટેભાગે પોતાનું સમગ્ર બચપણ માતાજીની ગોદમાં અને ગુરુદેવની આજુબાજુ રમીને વિતાવ્યું હતું. ગુડિયા (મંદાકિની) તેમના શાંતિકુંજમાં આગમનના થોડાક જ સમય પછી મથુરાથી તેમની પાસે આવી ગઈ હતી અને ચીનુ (ચિન્મય)નું આગમન શૈલ દીદી અને ડૉ. સાહેબ સાથે જ થયું હતું. તેમણે પોતાની સાથે પોતાના બાળકને પણ માતાજી અને ગુરુદેવને સોંપી દીધું હતું. આ બાળકોનો સમગ્ર ઉછેર માતાજીની વત્સલ છાયામાં જ થયો હતો. તેમને પાળીપોષીને મોટાં કરવાની તથા સંસ્કારી બનાવવાની જવાબદારી તેમણે પોતે નિભાવી. મોટા થતાં ગુડિયાને માટે વરની શોધ પણ તેમણે જ કરી. ડૉ. સાહેબે સ્નેહાળ અભિભાવકની જેમ આ કાર્યમાં માતાજીને સહયોગ આપ્યો. સંવત ૧૯૮૯ની માઘ માસની પૂર્ણિમા (૨૦ ફેબ્રુઆરી)ને દિવસે ગુડિયા (મંદાકિની) સાદગીપૂર્ણ પરંતુ ભાવવિભોર વાતાવરણમાં માતાજીને ગળે વળગીને પોતાને શ્વસુરગૃહે જવા વિદાય થઈ.

તે પછી ઈ.સ. ૧૯૮૯ના શેષ મહિનાઓમાં ગુરુદેવનાં કાર્યોની તીવ્રતા યથાવત્ બની રહી. આ વર્ષના અંત સુધી મોટાભાગનું સંપૂર્ણ ક્રાંતિધર્મી સાહિત્ય પ્રકાશમાં આવી ગયું. આ દિવસોમાં વાતચીતના ક્રમમાં તેઓ તે જણાવ્યા કરતા કે તેઓ સૂક્ષ્મ જગતની શુદ્ધિ માટે હવે પૂરેપૂરી રીતે સૂક્ષ્મલોકમાં ડેરો નાખશે. આવા જ વર્ષ ૧૯૮૯ના અંતિમ મહિનાઓમાં એક દિવસ તેઓ પોતાના પલંગ પર સૂતા હતા. સૂતાં સૂતાં વાતચીતના ક્રમમાં તેમણે કહ્યું, ''જેવી રીતે લોકો પોતાનો ઝભ્ભો ઉતારે છે, તેવી જ રીતે આ સ્થૂળ શરીર ઉતારીને હું ફેંકી દઈશ.'' તે પછી તેઓ ક્યાં જશે? એ જિજ્ઞાસાના ઉત્તરમાં તેમણે કહ્યું, ''બીજે ક્યાં? બધું કામ કરતાં કરતાં હું એક અંશથી માતાજીની અંદર જ રહીશ.'' તેમની આ રહસ્યભરી વાતોમાં એક રહસ્યપૂર્ણ સત્ય છુપાયેલું હતું.

સન્ ૧૯૯૦ની વસંતપંચમીના અવસરે પરમપૂજ્ય ગુરુદેવે એક પત્રક લખ્યું. 'વસંતપંચમીના અવસર પર મહાકાળનો સંદેશ'. આ પત્રકમાં તેમણે પોતાના ભાવિ ક્રિયા-કલાપોને સ્પષ્ટ કર્યા હતા. પોતાની આ યોજનાને અનુરૂપ તેઓ વસંતપંચમીના દિવસે જ પ્રણામ પછી ફરીથી પરિપૂર્ણ એકાંતમાં ચાલ્યા ગયા. હવે તેઓ વધારે દિવસો સ્થૂળ દેહમાં નહિ રહે તેવી પ્રતીતિ મોટેભાગે બધા સંવેદનશીલ હૃદયોને થઈ ગઈ હતી. બધા વ્યાકુળ પરંતુ લાચાર હતા. ભાવમયી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માતાજીનું સમર્પણ અડગ હતું. ગુરુદેવના ભૌતિક જીવન પ્રત્યે પણ અવિરલ અને અસીમ અનુરાગ હોવા છતાં પણ તે પોતાના સંકલ્પ પ્રત્યે સમર્પિત હતાં. તેમના આરાધ્યની ઈચ્છા એ જ તેમની પોતાની ઈચ્છા હતી. પોતાની અસહ્ય આંતરિક વ્યાકુળતાને કોઈ પ્રકારે દબાવી દઈને તે દૈનિક કામકાજમાં ડૂબેલાં રહેતાં હતાં.

એપ્રિલ મહિનાના અંતિમ દિવસોમાં તેમણે શાંતિકુંજ ખાતેની ગોષ્ઠિમાં ગુરુદેવ દ્વારા કરાયેલા સ્થૂળ દેહત્યાગના શિવ સંકલ્પને સંકેતોમાં, પરંતુ સ્પષ્ટ રીતે સમજાવ્યો. સાથે સાથે તેમણે એ પણ જણાવ્યું કે ગુરુદેવે તેમને એ પણ કહ્યું છે, ''મારા દેહત્યાગ કર્યા પછી તમે સૌભાગ્ય-સિંદૂરનો ત્યાગ ન કરશો.'' માતાજીએ એ જણાવતાં સ્પષ્ટ કર્યું કે ગુરુદેવે મને કહ્યું છે કે તમે બરાબર આ જ રીતે તમારા સૌભાગ્ય-સિંદૂરને ધારણ કરતા રહેશો જેમ આગલી વખતે તમે શારદામણિ રૂપે ધારણ કર્યું હતું. એ જ રીતે છોકરાઓની સંભાળ રાખતાં રહેશો. થોડાં જ વર્ષોમાં છોકરાઓ સક્ષમ બની જશે ત્યારે તમે પણ દેહની ઝંઝટ ઉતારીને ફેંકી દેજો. માતાજીની આ વાતોને સાંભળીને સાંભળનારાઓનાં દિલ વ્યાકુળ થઈ ઊઠયાં. ત્યાં બેઠેલા લોકોમાંથી કોઈ કશું બોલ્યું નહિ. એક ઊંડી ચૂપકીદી છવાઈ ગઈ.

તે દિવસ વીત્યો અને તે પછી ઘણા દિવસો વીત્યા. પોતે જાતે નિશ્ચિત કરેલી તિથિ અને નિર્ધારિત કરેલા સમય અનુસાર ગાયત્રી જયંતી ૨ જૂન ૧૯૯૦ને સવારે લગભગ ૮ વાગે ગુરુદેવે દેહત્યાગ કર્યો. તેમની અંતર્ચેતના મહાશક્તિમાં લીન થઈ ગઈ. માતાજી તે સમયે તેમના દ્વારા અપાયેલ આદેશ અનુસાર પ્રવચન મંચ પર હતાં. સંપૂર્ણ સત્ય જાણતાં હોવા છતાં પણ તેમણે દિવસનાં બધાં કાર્યો પૂર્ણતઃ સંતુલન જાળવીને નિર્ધારિત ક્રમ મુજબ પૂરાં કર્યાં. સાંજે સૂર્યાસ્ત થતાં પહેલાં મહાયોગી ગુરુદેવનો તપઃપૂત દેહ તેમના જીવન-યજ્ઞની પૂર્ણાહુતિ રૂપે અગ્નિને સમર્પિત થયો. દેહ ભસ્મીભૂત થઈ જવાની સાથે અગ્નિનું તેજ અને અગ્નિનો તાપ, પૂજ્ય ગુરુદેવના પરમ તેજની સાથે વંદનીય માતાજીમાં સમાઈ ગયો. તે અવિચળ ભાવે પોતાના પ્રભુથી થયેલા ભૌતિક વિયોગને સહેતાં સહેતાં મહાતપને માટે પ્રવૃત્ત થયાં.

*ગૌરી મા, શ્રીરામકૃષ્ણ દેવનાં શિષ્યા હતાં. તેઓ ઉચ્ચકોટિની સાધિકા હોવાને કારણે ઠાકુરના શિષ્યોમાં તેમનું ખૂબ માન હતું. એક વખત તેઓ પોતાના આશ્રમમાં બાલિકાઓને ભણાવી રહ્યાં હતાં. કોઈ અવરોધ પેદા ન કરે તે માટે દરવાજા પર ઊભા રહેનાર સેવકને કહેવડાવી દીધું કે કોઈ મને મળવા આવે તો કહી દેજો, ગૌરીમા જગદંબાની ઉપાસના કરી રહ્યાં છે. સંજોગોવશાત્ થોડીવાર પછી સ્વામી વિવેકાનંદ તેમને મળવા આવી પહોંચ્યા. સેવકે તેમને પણ એ જ પોતાને પઢાવેલો જવાબ સંભળાવી દીધો, પરંતુ તેઓ મળવા માટે અંદર ગયા. અંદર જઈને તેમણે જોયું, ગૌરીમા પૂરેપૂરી તન્મયતાની સાથે કન્યાઓને ભણાવી રહ્યાં હતાં. તેઓ લાંબા સમય સુધી એમ જ ઊભા રહ્યા. ત્યાર પછી જ્યારે ગૌરીમાની નજર તેમના પર પડી તો તેમણે કહ્યું, તે સેવકે મને સાચું જ જણાવ્યું હતું, આ જ જગન્માતાની સાચી ઉપાસના છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભાવ-વિહ્વળ, વિયોગનું મહાતપ કરનાર 'મા'

અત્યાર સુધી જે કાંઈ તપશ્ચર્યા અને યોગ સાધના કરવામાં આવી હતી, તે બધી પોતાના પ્રભુના આદેશ મુજબ અને તેમના સાંનિધ્યમાં થઈ હતી. વચ્ચે જે વિયોગની પળો આવી હતી તે સીમિત હતી. એક વિશ્વાસ હતો કે પ્રભુ ગયા છે તો પાછા આવવાના જ છે. તેમના પાછા ફરવાનો સમય મોટેભાગે નિશ્ચિત હતો. પોતાના આરાધ્યના સાંનિધ્યમાં અથવા તેમના પાછા ફરવાની આશામાં સહેલું મહાકષ્ટ પણ વંદનીય માતાજી માટે આનંદદાયક હતું. મહાકંટકોને પણ તેમણે સુકોમળ પુષ્પો જેવાં ગણ્યાં હતાં. અસહ્ય વેદના પણ પરમપૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં ભળી જઈને તેમને માટે આહ્લાદકારક બનતી ગઈ હતી. વીતી ગયેલા જીવનકાળની લાંબી અવધિમાં તેમણે ઘણું બધું સહન કર્યું હતું. જીવનમાં કેટલાય પ્રકારના સંકટોને સહન કરતાં તેમણે કઠોર તપ-સાધના કરી હતી. તેમની સહનશક્તિ એટલી અગાધ અને અસીમ હતી કે ગુરુદેવ તેમને 'સર્વસહા' કહેવા લાગ્યા હતા. તેઓ કહ્યા કરતા કે માતાજી સર્વકષ્ટ સહિષ્ણુ છે. તેઓ બધા કષ્ટો-સંકટોને ખૂબ જ સરળતાથી હસતાં હસતાં સહી લે છે. આ 'સર્વસહા'ને પણ ભૌતિક વિયોગનું આ મહાતપ અસહ્ય લાગવા માંડ્યું હતું.

આ અસહ્યને પણ તેઓ હસતાં હસતાં સહન કરી રહ્યાં હતાં. તેમને પોતાની જાતને સાંભળવા ઉપરાંત પોતાનાં અસંખ્ય શિષ્ય-સંતાનોને પણ સાંભળવાનાં હતાં. પ્રેમમૂર્તિ ગુરુદેવના જીવિત ન રહેવાનું દુઃખ તો બધાને હતું. બધાંનાં મન આર્દ્ર અને ભારે હતાં. તેઓમાંથી કેટલાક તો એવા હતા, જેમની આંખોમાંથી મહિનાઓ સુધી આંસુઓની ધારાઓ વરસતી રહી. તેમની ભાવુક્તા તેમને હરક્ષણે આર્દ્ર બનાવતી હતી. તેમને તો એ જ સમજાતું નહોતું કે હવે જીવવું કઈ રીતે. બની શકે કે આજે તો આ વાતોમાં કોઈને વિચિત્રતા કે અતિશયોક્તિ લાગે, પરંતુ જેમણે ગુરુદેવને જોયા છે, તેમને સ્પર્શ કર્યો છે, તેમના પ્રેમનું પાન કર્યું છે, તેમના સાંનિધ્યમાં બે-ચાર ઘડી વિતાવી છે, તે બધાને આ વાતોમાં સત્ય અને કેવળ સત્ય સિવાય અન્ય કોઈ તત્ત્વની પ્રતીતિ થશે નહીં. જ્યારે સામાન્ય માણસોની આ સ્થિતિ હતી, તો ભાવમયી માતાજીની વિહ્વળતા અને વ્યાકુળતાની કલ્પના કરવી સામાન્યજનોના મન માટે સર્વથા અકલ્પનીય છે. પોતાની આ અસીમ વેદનાને સહન કરતાં તેઓ આ દિવસોમાં નિયમિત પ્રણામમાં બેસી રહેતાં હતાં. તેમનો મળવાનો ક્રમ પણ પહેલાંની જેમ જ નિશ્ચિત અને નિયમિત હતો. પોતાનાં બાળકો માટે તેમના લાડ-પ્યાર અને તેમના પર આશીર્વાદની અવિરત વર્ષા હવે તો પહેલાં કરતાં પણ વધી ગયાં હતાં.

સતત વિસ્તરતા જતા મિશનની અગણિત જવાબદારીઓને નિભાવતાં આ વિશ્વજનની, વિશ્વકલ્યાણ માટે અહર્નિશ તપ કરી રહ્યાં હતાં. વચ્ચે વચ્ચે તેઓ પોતાના ભાવુક અને નાદાન બાળકોને ધીરજ આપતાં રહેતાં. તેમને સ્નેહ અને વ્હાલ આપતાં. પિતાની ગેરહાજરીમાં માનો પોતાનાં સંતાનો પ્રત્યેનો પ્રેમ વધુ સઘન અને સજલ બની ગયો હતો. તેમને પ્યાર કરતાં કરતાં તે અવારનવાર પોતાનું દૃષ્ટાંત આપીને એ પણ સમજાવતાં કે જુઓ, સહન કેવી રીતે કરી શકાય તે. સહિષ્ણુતા શું છે અને તે જીવનને માટે કેટલી આવશ્યક છે. તેઓ કહેતાં કે ઉચ્ચસ્તરીય જીવનના ઉદ્દેશો માટે કષ્ટો સહન કરવાં તેનું બીજું નામ તપશ્ચર્યા. જે સહિષ્ણુ છે તે જ તપસ્વી બની શકે છે. જે સાચો તપસ્વી છે, સહિષ્ણુતા આપોઆપ જ તેનો સ્વભાવ બની જશે. તે દિવસોમાં ક્યારેક ક્યારેક તો તેઓ એવું પણ કહેતાં, જેણે સહન કરવાની કલા જાણી લીધી, તેણે જીવન જીવવાનું શીખી લીધું. તેમની આ વાતોમાં તેમના પોતાના જીવનની અનુભૂતિ ઘોળાયેલી હતી.

પોતાની અનુભૂતિનું અમૃત પિવડાવવા માટે માતાજી ક્યારેક ક્યારેક તે કાર્યકર્તાઓને પોતાની પાસે થોડા સમય માટે બોલાવી લેતાં હતાં, જે આ દિવસોમાં ખૂબ જ વ્યાકુળ અને બેચેન રહેતા હતા. આવા જ એક કાર્યકર્તાને તેમણે ગુરુદેવના ગયા પછી બે મહિના બાદ પોતાની પાસે બોલાવ્યા. તે આ બે મહિનાથી સારી રીતે ઊંઘી શક્યો પણ ન હતો. તેના જીવનનાં દૈનિક કામો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવ્યવસ્થિત થઈ ગયાં હતાં. ગુરુદેવનો અભાવ તેને માટે અસહ્ય હતો. હવે શું થશે ? તેની જિંદગીની સાર-સંભાળ કોણ લેશે - જેવા પ્રશ્નકંટકો તેને ખૂબ ડંખી રહ્યા હતા. વિકલ વેદનાથી ભરેલા આ દિવસોમાં તેણે એક રાત્રે અર્ધનિદ્રામાં સ્વપ્નમાં જોયું કે તે સૂતેલો છે અને વંદનીય માતાજી પોતાની ગોદમાં તેનું મસ્તક રાખી બેઠાં છે. તેઓ પોતાના સ્નેહાળ હાથે તેના મસ્તક પર પંપાળતાં તેને કહી રહ્યાં છે - પરેશાન ન થઈશ. સમય આવતાં જ હું તને મારી પાસે બોલાવી લઈશ. સ્વપ્નની આ પળો આટલી જ હતી પરંતુ એ પળો કોણ જાણે કેવી જાદૂભરી હતી કે સ્વપ્ન જોનારને બે મહિનાઓમાં કદાચ આ પહેલીવાર સારી ઊંઘ આવી. સ્વપ્ન પૂરું થયા પછી પણ તેની અનુભૂતિ યથાવત્ રહી.

એક દિવસ બપોરે વંદનીય માતાજીએ સાચેસાચ તેને પોતાની પાસે બોલાવી લીધો. જ્યારે તેમણે સ્વપ્નની ભાષા યથાવત્ કહી સંભળાવી ત્યારે તેને આશ્ચર્ય થયું. પોતાની વાતોના ક્રમમાં તેઓ કહેવા લાગ્યાં, બેટા ! પોતાનાં બાળકોને દિલાસો આપવા માટે મા તેની પાસે નહિ જાય તો ભલા બીજું કોણ જશે ? પછી તેમણે કહ્યું, પ્રેમ બહુ મોટી વસ્તુ છે, પરંતુ તેનાથી પણ મોટી એક બીજી ચીજ છે - કર્તવ્ય. જેમને આપણે પ્યાર કરીએ છીએ, જેના પ્રત્યે આપણને ઊંડી શ્રદ્ધા છે તેના આદેશને માનીને તેનાથી નીપજેલ વિયોગની પીડાને સહન કરતાં કરતાં જો આપણે તેમણે જણાવેલ કર્તવ્યનું સતત પાલન કરીએ તો તે મહાતપ છે. આવો મહાતપસ્વી કોઈ પણ પ્રકારની પીડા, કષ્ટ, પરેશાની, દુનિયાના લોકોની દુનિયાદારીભરી વાતોથી કોઈપણ રીતે વિચલિત થતો નથી. ક્ષુદ્ર બુદ્ધિના ઉપાલંભ તેને જરા પણ ડગાવી નથી શકતા. માતાજીની આ વાતોમાં તેમના મહાતપની વ્યાખ્યા હતી.

આ વાતોના ક્રમમાં તેમણે જણાવ્યું - ગુરુદેવ સામાન્ય વ્યક્તિની જેમ મર્યા નથી. તેમને પોતાના વિશેષ કામ માટે શરીર છોડીને જવું પડ્યું છે. તેઓ અત્યારે પણ પરમવીર મહાનાયકની જેમ પોતાના મોરચા પર કુશળતાથી ટકી રહ્યા છે. વિનાશકારી આસુરી શક્તિઓને તેઓ સખત ટક્કર આપી રહ્યા છે. આપણે બધાએ પવિત્ર જીવન જીવતાં, તેમના પ્રત્યે પરિપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણભાવ રાખીને આપણા કર્તવ્યને નિભાવવાનું છે. આ જ આપણા સૌની તપસ્યા છે. તેમની આ વાતો સાંભળતાં, સાંભળનારાઓની આંખો સામે એ દૃશ્ય પ્રત્યક્ષ બન્યું, જ્યારે વંદનીય માતાજીએ પરમપૂજ્ય ગુરુદેવના પાર્થિવ શરીરના અંતિમ પ્રણામ કરતાં પોતાના મહાતપનો સંકલ્પ લીધો હતો. તે ખૂબ જ ભાવસભર ક્ષણો હતી. માતાજીના ઓરડાની બાજુના હોલમાં ગુરુદેવના પાર્થિવ શરીરને ઉઠાવવાની તૈયારી થઈ રહી હતી. એક પળ પહેલાં વિલાપ કરી રહેલાં માતાજીના મુખમંડળ પર એકાએક દૃઢતાની અનોખી દીપ્તિ છવાઈ ગઈ. તેઓ ધીમા કદમે ઊઠ્યાં. તેમણે ગુરુદેવના મસ્તક પર તિલક કર્યું અને તેમના ચરણોમાં પ્રણામ કરતાં, ધીમા પરંતુ દૃઢ શબ્દોમાં કહ્યું, "હે પ્રભુ ! હું મારા અંતિમ શ્વાસ સુધી બધું સહન કરીને આપનાં કાર્યો કરતી રહીશ. આપના આદેશનું પાલન કરીશ."

માતાજીની વાતોમાં આજે પણ એ જ દૃઢતા હતી. તેમની વાણીએ સાંભળનારાઓને સચેત કરી દીધા. તે તેની ભાવનાઓથી ઉગરી ગયો. માતાજી તેને સમજાવી રહ્યાં હતાં કે ભક્તિ એ કોરી ભાવુકતા નથી. તે રોતાં-વિલાપ કરતાં નિષ્ક્રિય બનીને પડ્યા રહેવાનું કામ નથી. ભક્તિ પોતાના ભગવાનના આદેશ પર કણ-કણ ઓગાળતાં, ક્ષણેક્ષણ જલતાં - બધું જ સહન કરીને મરી ફીટવાનું કામ છે. આવી ભક્તિ સર્વસમર્થ ભગવાનને પણ વિવશ અને વ્યાકુળ બનાવી દે છે. આ ભક્તિથી વધારે મોટું બીજું કોઈ મહાતપ નથી. આનાથી અપરિમિત અને અમાપ શક્તિ પ્રગટે છે. ભક્તિમયી મા પોતાના સંતાનો સમક્ષ પોતાનો જ આદર્શ પ્રસ્તુત કરી રહ્યાં હતાં. સર્વેશ્વરીનું આ કથન તેમને અનુરૂપ જ હતું. તેમાંથી મહાશક્તિનો મહિમા પ્રગટ થઈ રહ્યો હતો.

**જેને તમે સારું માનો છો તેને જો તમે તમારા આચરણમાં નહીં ઉતારો તો તે તમારી કાયરતા છે. બની શકે કે ભય તમને એમ નહીં કરવા દે, પરંતુ એથી તમારું ચારિત્ર્ય નહિ તો ઉન્નત બને કે નહિ તમને ગૌરવ સાંપડે. મનમાં આવતા સારા વિચારોને દબાવી દઈને તમે વારંવાર જે આત્મહત્યા કરી રહ્યા છો એનાથી આખરે તમને કયો લાભ પ્રાપ્ત થવાનો અંદાજ તમે માંડી રહ્યા છો ?**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાશક્તિનો મહિમા પ્રગટ થયો

શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ્ અને ગાયત્રી તપોભૂમિના કાર્યકર્તાઓ તથા ગાયત્રી પરિવારના પરિજનો તો પહેલેથી જ પોતાની માની મહિમામય શક્તિથી સુપરિચિત હતા, પરંતુ આશંકા બીજાઓને હતી. બહારના અનેક માણસો શંકા-કુશંકાઓથી ઘેરાયેલા હતા. તેઓ વિચારતા હતા કે હવે મિશનનું સંચાલન કેમ કરીને અને કેવી રીતે થશે ? આવી વાતો લોકોના ચકડોળે ચડેલા મનમાંથી ધીરે ધીરે હવામાં ભળી ગઈ. વંદનીય માતાજીની પાસે આવતી, પરંતુ આ બધાની તેમના પર ક્યારેય કોઈ અસર થઈ નહીં. તે તો બ્રહ્મદીપ યજ્ઞ સમાપ્ત થતાં જ પોતાના આરાધ્યદેવના ચરણોમાં ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાની તૈયારીઓમાં લાગી ગયાં હતાં. જેથી તેમની સાથે તેમનાં બધાં સંતાનો પોતાના પ્રભુને પોતાની શ્રદ્ધાસભર ભાવાંજલિ સમર્પી શકે.

બ્રહ્મદીપ યજ્ઞોનો નિર્ણય પરમપૂજ્ય ગુરુદેવે સ્વયં ૨૮ એપ્રિલ ૧૯૯૦ના રોજ કર્યો હતો. પોતાના એકાંતવાસ છતાં તેમણે આ દિવસે કેટલાક નિકટના કાર્યકર્તાઓની વિચાર-ગોષ્ઠિ યોજીને નક્કી કર્યું હતું કે ૭-૮ જૂનના રોજ જયેષ્ઠ પૂર્ણિમાના અવસરે ભોપાલ, કોરબા, મુજફ્ફરપુર, અમદાવાદ, લખનૌ અને જયપુરમાં યજ્ઞનું આયોજન કરવામાં આવે. અનુશાસિત પરિજન પોતાના સદ્ગુરુના આદેશને શિરોધાર્ય ગણીને ૨ જૂન ૧૯૯૦ના રોજ તેમના મહાપ્રયાણના સમાચાર મળવા છતાં તેમને સોંપાયેલ કાર્ય પૂરું કરવાના કામમાં લાગી ગયા. બધાની ભાવનાઓ તરફડી તો ઘણી, પરંતુ ગુરુદેવનો આદેશ સર્વોપરિ હતો. કોઈએ પણ તેનું પાલન કરવામાં બેદરકારી ન દાખવી. જો કે દરેકના મનમાં એ વાત રમતી હતી કે તે શાંતિકુંજ જઈને પોતાના પ્રભુને શ્રદ્ધાંજલિ સમર્પિત કરે. તેમને પોતાનાં ભાવ-પુષ્પો ચઢાવે.

પોતાનાં બાળકોના આ મનોભાવથી માતાજી પરિચિત હતાં. તેમને પોતાનાં સંતાનોની વેદનાની જાણ હતી. તે જ કારણે તેમણે સંકલ્પ શ્રદ્ધાંજલિ સમારોહના આયોજનની ઘોષણા કરી હતી. આની તૈયારીઓ બહુ પડકારભરી હતી. જૂનના પંદર દિવસો અને જુલાઈ, ઓગસ્ટ તથા સપ્ટેમ્બરના મહિનાઓ જ હતા. તેમાં પણ મોટાભાગનો સમય વર્ષાઋતુનો હતો. આટલી સમય મર્યાદામાં કુંભમેળા જેવા આયોજનની પૂરી તૈયારી કરવાની હતી. કુંભમેળા માટે પ્રશાસન પોતાના પૂરા સામર્થ્ય સાથે એક વર્ષ પહેલાંથી તૈયારી શરૂ કરી દે છે, પરંતુ અહીં તો બધું જ કોઈ પ્રકારની સરકારી સહાય વિના કરવાનું હતું. પોતાની માના એક ઈશારા પર તેમનાં સંતાનો શું શું કરી શકે, એનું એક અજોડ ઉદાહરણ પૂરા ઉત્તર ભારતની જનતાને સન્ ૧૯૯૦માં જોવા મળ્યું. શિક્ષક, ખેડૂત, ન્યાયાધીશ, ચિકિત્સક, એન્જિનિયર, આઈ.એ.એસ. અધિકારી - બધા જ આ મિશનમાં જોડાયેલા છે. તેમાં ૨૦ હજારથી અધિક સ્વયંસેવક તરીકે ૧૫ સપ્ટેમ્બરે જ આવી પહોંચ્યા હતા. આવતાંની સાથે તેઓ બધા કોઈ પ્રકારના પદ, શિક્ષણ, જાતિ કે વર્ણના ભેદભાવ વિના એક જૂથ થઈને કાર્યમાં લાગી ગયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈ.પી. ટેન્ટ, શમિયાણા, પાણી, વીજળી આદિની વ્યવસ્થા, ખાડાટેકરાવાળા સ્થાનોની સફાઈ, વિશાળ ભોજન ભઠ્ઠીઓ-ચૂલાનું નિર્માણ વગેરે બધાં કામો આ બધાએ હળીમળીને સાથે રહી પૂરાં કર્યા. આ બધાં કામોનો વિસ્તાર વ્યાપક ક્ષેત્રમાં ફેલાયો હતો. આખા હરિદ્વાર નગરની ૧૫ માઈલની લંબાઈ અને ૮ માઈલ પહોળાઈમાં કનખલથી મોતીચૂર સુધીનાં ૨૪ નગરોને વસાવવાની વ્યવસ્થા કરવામાં આવી. જયારે આ બધાં કામો ચાલી રહ્યાં હતાં ત્યારે વંદનીય માતાજી પોતે પૂરા ક્ષેત્રમાં ગયાં. એકે એક જગ્યાએ તેઓ મોટરમાંથી ઊતર્યાં, કામ કરનારા લોકોનો ઉત્સાહ વધાર્યો. કામ કરનારા કાર્યકર્તાઓ પણ તેમને પોતાની પાસે જોઈને આનંદિત થઈ ગયા. માતાજીનું આ રીતે આ બધી જગ્યાઓએ જવું, એક દિવસ બહુ જ અચાનક રીતે બન્યું હતું. તેના વિશે પૂછતાં પહેલાં તો તેમણે કહ્યું કે બાળકો કામ કરી રહ્યાં છે, હું જઈશ તો તેમના ઉત્સાહમાં વૃદ્ધિ થશે.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે શું માત્ર આટલી જ બાબત છે ? ત્યારે તે કંઈક વિચારતાં વિચારતાં કહેવા લાગ્યાં, જુઓ, જે જગ્યાઓ પર બાળકો કામ કરી રહ્યાં છે ત્યાં કેટલાય ભયાનક વિષધરો (ઝેરી જીવજંતુ) છે, જો તે કરડે તો માણસ પાણી પણ ન માગે. હું ત્યાં તેમને દૂર કરવા ગઈ હતી. મેં આ ઝેરી જીવોને કહી દીધું છે કે તમે લોકો અહીંથી ચાલ્યા જાઓ, અત્યારે અહીં કામ ચાલી રહ્યું છે. ઘણા બધા લોકો અહીં આવશે. એવે વખતે તમારા બધાનું અહીં રહેવું યોગ્ય નથી. તેમને બધાને આ વાત સમજાઈ ગઈ છે, હવે તેઓ ત્યાંથી ચાલ્યા જશે. પ્રશ્ન પૂછનારને કદાચ માતાજીની વાતો બરાબર ન સમજાઈ. તેણે કહ્યું, માતાજી, આ ઝેરી જીવોને મારી પણ નાખી શકાય છે. આ વાત સાંભળતાં જ તેમનો સ્વર ખૂબ તીખો બની ગયો. 'કેમ મારી નાખી શકાય ?'- શું બગાડ્યું છે તેમણે તમારા લોકોનું ? એક તો તમે તેમની રહેવાની જગ્યાઓને નષ્ટભ્રષ્ટ કરી રહ્યા છો, ઉપરથી તેમને મારી નાખશો ? શું તે બધાં મારાં સંતાનો નથી ? માતાજીની આ વાતોથી સાંભળનારનું ચિત્ત ખળભળી ઊઠ્યું. તે આ વિચારવા માટે વિવશ બની ગયો કે માતાજી મનુષ્યોનાં જ નહીં, પ્રાણી, વનસ્પતિ, પશુ-

*પાણીનું ટીપું સમુદ્રના અગાધ જળમાં મળી જવા લાગ્યું, ત્યારે તેણે કહ્યું, મારા અસ્તિત્વને સમાપ્ત કરવાનું મારા માટે સંભવિત નહિ બને. હું મારી સત્તા ખોઈ દેવા રાજી નથી.*

*સમુદ્રએ તેને સમજાવ્યું - તારા જેવાં અસંખ્ય ટીપાંનો સમન્વય માત્ર તો હું છું. તું તારાં ભાઈબહેનોની સાથે જ તો હળી-ભળી રહ્યું છો. તેમાં તારી સત્તા ક્યાં ઓછી થઈ ? તે તો ઓર અધિક વધી ગઈ છે. ટીપાંને સંતોષ ન થયો. તે પોતાની અલગ સત્તા બનાવી રાખવાનો આગ્રહ કરતું રહ્યું.*

*સમુદ્રએ સૂર્યકિરણોના સહારે તેને બાષ્પ બનાવીને વાદળોમાં પહોંચાડી દીધું અને વરસીને ફરીથી તે પાણીનું ટીપું બની ગયું. ફરીથી વહેતું વહેતું સમુદ્રના દ્વાર સુધી પહોંચ્યું તો તેણે હસતાં હસતાં કહ્યું 'બેટા, અલગ સત્તા બનાવી રહીને પણ તું તારા પોતાના સ્વતંત્ર અસ્તિત્વની રક્ષા ક્યાં કરી શક્યું? પોતાના ઉદ્‌ગમસ્થાનને સમજ. તું સમષ્ટિમાંથી ઉત્પન્ન થયું હતું અને તેની જ ગોદમાં તને શાંતિ મળશે.'*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પક્ષીઓ આદિ બધાયના 'મા' છે. તેથી જ તો તેમની વાતોને બધા સમજે છે અને બધાની વાતો તેઓ સમજે છે.

આવી મમતામયી માના મમત્વથી ભીંજાયેલા હજારો લોકો શ્રદ્ધાંજલિ સમારોહની તૈયારીઓમાં લાગી ગયા હતા. આ તૈયારીઓના પ્રત્યેક ચરણમાં તેમનો મહિમા પ્રગટ થતો હતો. જો કે કેટલાક શંકાશીલ લોકો હજી પણ એવું વિચારી રહ્યા હતા કે જેટલા વ્યાપક સ્તરે આ તૈયારીઓ કરવામાં આવી હતી, એટલા લોકો શું આવશે ? આ લોકોનું આ પ્રમાણે વિચારવું કેટલેક અંશે સાચું પણ હતું, કેમ કે તે સમયે અયોધ્યા પ્રકરણ અને મંડલ પંચની પ્રતિક્રિયા સ્વરૂપે દેશવ્યાપી આંદોલન ભડકી ઊઠયું હતું. બસો, ટ્રેનો એટલે સુધી કે ફાયરબ્રિગેડની ગાડીઓ પણ સળગાવી મૂકવામાં આવતી હતી. સડકો અને પ્લેટફોર્મો પર એક અજબ પ્રકારનો સૂનકાર છવાયેલો હતો, પરંતુ મહાશક્તિના મહિમાએ આવા વાતાવરણમાં પણ કમાલ કરી દીધી. શ્રદ્ધાંજલિ સમારંભમાં જેટલી વ્યક્તિઓને આવવાનું હતું તે બધા જ આવ્યા. આ લાખો લોકોને અહીં આવવામાં માર્ગમાં ન કોઈ ઉપદ્રવ નડયો કે ન જાનની કે ધનની હાનિ પહોંચી. જે લોકોએ ૧ ઓકટોબરથી ૪ ઓકટોબર સુધી બધા કાર્યક્રમોમાં નિયમિત રૂપે ભાગ લીધો તેમની સંખ્યા પાંચ લાખથી વધારે હતી. એક લાખથી વધારે તો એવા લોકો હતા જે નિયમિત આવ-જા કરતા. આખું હરિદ્વાર પીળાં વસ્ત્રો પહેરનારા અને પીળા દુપટ્ટાધારી સ્ત્રીપુરુષોથી ભરાઈ ગયું.

નગર અને પ્રાંતના પત્રકારો, દૂરદર્શન અને આકાશવાણીના પ્રતિનિધિઓ બધા સમારંભની વ્યવસ્થા નિહાળીને ચકિત થઈ ગયા. ઉત્તર પ્રદેશના તત્કાલીન રાજ્યપાલ મહામહિમ સત્યનારાયણ રેડ્ડી પણ આ કાર્યક્રમમાં પધાર્યા હતા. તેમણે બધું જોઈને પોતાની મુખરિત અભિવ્યક્તિ પ્રગટ કરી કે આ બધું જ દૈવી અને દિવ્ય છે. શરદપૂર્ણિમાની સાંજે આ દિવ્યતા ઓર દીપી ઊઠી. સાંજે ૬-૩૦ કલાકે દીપયજ્ઞનો આરંભ થતાં પૂર્વે આખું વિશાળ સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું. વિરાટ સવા લાખ દીપકોનો મહાયજ્ઞ આરંભાયો. 'ચન્મંડલમ્ દીપ્તિકરં વિશાલમ્'ની ધૂનની વચ્ચે બધા દીવડાઓ પ્રગટી ઊઠ્યા. આ દૃશ્ય જોયા વિના તેનો ખ્યાલ આવે તેમ નથી. શરદપૂર્ણિમાની રાત હતી, પરંતુ પૂર્ણિમાનો ચન્દ્ર પણ નાના નાના દીવડાઓના સમન્વિત પ્રકાશ-ઊર્જાની તુલનામાં મંદ તેજવાળો લાગી રહ્યો હતો. મહાશક્તિનો મહિમા, આ અગણિત દીપકોનાં કોટિ-કોટિ જ્યોતિ-કિરણોમાંથી પ્રગટ થઈ રહ્યો હતો.

૪ ઓકટોબર ૧૯૯૦ના રોજ જ્યારે વિદાયવેળા આવી ત્યારે બધાનાં હૃદયો ભાવભીનાં અને આર્દ્ર બનેલાં હતાં. તેમની મહાશક્તિના અનેક ચમત્કારો આ દિવસોમાં જોવા મળ્યા. તેમાંથી એક ચમત્કાર એ પણ હતો કે લાખ્ખો લોકોના નિત્યભોજન કરવા છતાં શાંતિકુંજનો અન્નભંડાર યથાવત્ પરિપૂર્ણ રહ્યો. તેમાંથી ક્યાંય કશું ઓછું ન થયું. ખબર પડતી નથી કે અન્નપૂર્ણાએ કેમ અને કઈ રીતે આ ચમત્કાર કરી દીધો હતો. પોતાનાં માથી વિદાય લેતાં બધા પરિજનો અનુભવી રહ્યા હતા કે માતાજી તેમનાં પોતાનાં મા હોવાની સાથોસાથ સમગ્ર રાષ્ટ્રની પણ માતા છે. તે રાષ્ટ્રની પ્રાણદાયિની શક્તિ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંસ્કૃતિ-સંવેદનાએ પામ્યો રાષ્ટ્રવ્યાપી વિસ્તાર

માતૃસત્તામાં રાષ્ટ્રીય સંવેદનાની સઘનતાની અનુભૂતિ પહેલાં પણ બધાને અવારનવાર થતી રહેતી હતી, પરંતુ શ્રદ્ધાંજલિ સમારંભ પછી રાષ્ટ્રને માટે તેમના પ્રાણોની વ્યાકુળતા કંઈક વધી ગઈ. તેઓ વારંવાર વિચારતાં રહેતાં કે એવું કયું અનુષ્ઠાન કરવામાં આવે જેનાથી રાષ્ટ્રના પ્રાણોને નવી સ્ફૂર્તિ પ્રાપ્ત થાય, દેશની સંસ્કૃતિ-સંવેદના પોતાનો વ્યાપક વિસ્તાર કરી શકે. પોતાના નિકટતમ લોકો સાથેની ચર્ચામાં પણ એ દિવસોમાં તેમનું આ ચિંતન જ પ્રગટ થતું રહેતું. મિશનનાં બધાં કામકાજોના તાણાવાણાને ઉકેલતાં-વણતાં માતાજી આ રાષ્ટ્ર વિશેની ચિંતામાં જ લીન રહેતાં હતાં. આ ચિંતન અને ચર્ચામાં ઘણો સમય વીત્યો. શાંતિકુંજના કાર્યક્રમોમાં કેટલીય નવી કડીઓ પણ આ દરમિયાન જોડાઈ. પરમ વંદનીય માતાજીની દેખરેખ અને તેમના સૂત્ર-સંચાલનમાં પહેલાં કરતાં વધુ સુચારુ વ્યવસ્થા આવી અને તે અધિક ગતિશીલ બની.

આ જ સમયે તેમણે હિમાલયની યાત્રાની યોજના ઘડી. આ યોજના એકાએક જ બની. માતાજી હિમાલય જશે, તે વિચારીને નિકટના માણસોને થોડો ભય પણ લાગ્યો. તેઓ વિચારતા હતા, ક્યાંક એવું તો નથી ને કે માતાજી હિમાલયમાં જ રહેવાની ઈચ્છા કરે. કેટલાકને મનમાં એવી પણ શંકા જાગી કે ક્યાંક તેઓ હિમાલયના હિમશિખરો વચ્ચે મહાસમાધિ તો લેવા નથી ઈચ્છતાં ને ! કેમ કે આમ પણ ગુરુદેવના અભાવમાં તેમનું મન સંસારમાં કોઈપણ રીતે લાગતું ન હતું. અંતર્યામી માતાજીથી પોતાનાં બાળકોના મનની આ હલચલ છૂપી ન રહી. તેમણે હસતાં હસતાં કહ્યું, એ વાત સાચી કે ગુરુજી વિના આ દેહ ટકાવી રાખવો મારા માટે ઘણો મુશ્કેલ છે, પરંતુ મને મારાં બાળકો પણ ઓછાં વહાલાં નથી. હું તમારા માટે હમણાં તો થોડા દિવસો રહીશ અને આ શાંતિકુંજમાં જ રહીશ. જ્યાં સુધી હિમાલયમાં જવાનો સવાલ છે, તો ત્યાં જવા માટેનું કારણ બીજું જ છે. આ બધી બાબતો તમને બધાને મારા ત્યાંથી પાછા ફર્યા બાદ સમજાશે.

બધાને આ રીતે પોતાના પાછા ફરવા બાબતે નિશ્ચિંત કરીને તેઓ હિમાલયમાં ગંગોત્રી જવા માટે નીકળી પડ્યાં. તેમની સાથે શૈલદીદી, ડૉ. પ્રણવ પંડ્યા, ચિન્મય અને કેટલાક અન્ય પરિવાર-સભ્યો પણ હતા. બે-ચાર બીજા નસીબદાર માણસોને પણ તેમની સાથે આ યાત્રામાં જવાની તક મળી. હિમશિખરોની મધ્યમાં પહોંચીને માતાજીના ભાવોમાં એક અનોખું પરિવર્તન ઝળકવા લાગ્યું. તેમને જોનારાઓને એવું લાગ્યું જાણે કોઈ કન્યા પોતાને પિયર આવી છે. જાણે કે તે પોતે પોતાની મેળે નહિ, પિતા હિમવાનના આમંત્રણ પર અહીં આવ્યાં છે. તેમના દેદીપ્યમાન મુખમંડળ પર આનંદની રેખાઓ સઘન બની. કેટલાંય સ્થળે તેઓ રોકાયાં અને ધ્યાનસ્થ બન્યાં. ગંગોત્રીની પાસે ભગીરથ શિલા પર તો તેઓ ઘણો સમય ધ્યાનમગ્ન બની બેસી રહ્યાં. આ જગ્યાએ જ્યારે તેઓ ધ્યાનમાંથી ઊઠયાં ત્યારે તેમના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચહેરા પર કંઈક વિશેષ પામ્યાની પ્રસન્નતાની દીપ્તિ ઝળકી રહી હતી. અહીં તેમણે પોતાની યાત્રાને વિરામ આપ્યો અને શાંતિકુંજમાં પાછાં ફર્યાં.

પાછા ફર્યા પછી તેમણે એક ભવ્ય શપથ-સમારંભમાં રાષ્ટ્રવ્યાપી અશ્વમેધ મહાયજ્ઞોની ઘોષણા કરી. આ ઘોષણા કરતી વખતે તેમણે જણાવ્યું કે હિમાલયે તેમને આ સંદેશ આપ્યો છે. હિમાલયમાં નિવાસ કરનારી દિવ્ય શક્તિઓનો એ આગ્રહ છે કે રાષ્ટ્રને સમર્થ અને સશક્ત બનાવનાર અશ્વમેધ મહાયજ્ઞનું મહાન અનુષ્ઠાન કરવામાં આવે. એ સાથે તેમણે એમ પણ કહ્યું કે આ મહાયજ્ઞોમાં તેઓ પોતે જશે. તેમના આવવાની વાત સાંભળીને પરિજનોનો ઉત્સાહ આકાશે જઈ પહોંચ્યો. બધા પોતપોતાના ક્ષેત્રમાં આ મહાયજ્ઞનું આયોજન કરવા માટે ઉતાવળા બન્યા હતા, પરંતુ આ સૌભાગ્ય કેટલાંક વિશેષ સ્થાનોને જ મળ્યું. માતાજીએ પોતાની દેખરેખ નીચે આ મહાયજ્ઞનો કર્મકાંડ તૈયાર કરાવ્યો. પરિજનોને તેની વિસ્તૃત જાણકારી આપવા માટે 'અખંડજયોતિ'ની સંપાદક મંડળીએ 'અખંડજયોતિ'નો એક સંપૂર્ણ વિશેષાંક (નવેમ્બર ૧૯૯૨) તૈયાર કર્યો. ક્ષેત્રોમાં આ આયોજનોની વ્યાપક વિધિ-વ્યવસ્થા કરવામાં આવી. આ બધાં કાર્યો વંદનીય માતાજીના નિર્દેશનમાં પૂરાં થયાં.

આ સાથે જ પરમ વંદનીય માતાજીએ જયપુરના પ્રથમ અશ્વમેધ માટે પોતાની યાત્રા શરૂ કરી. તેમનો આ ક્રમ ભિલાઈ (મધ્યપ્રદેશ), ગુના (મધ્યપ્રદેશ), ભુવનેશ્વર (ઓરિસ્સા), લખનૌ (ઉત્તરપ્રદેશ), વડોદરા (ગુજરાત), ભોપાલ (મધ્યપ્રદેશ), નાગપુર (મહારાષ્ટ્ર), બ્રહ્મપુર (ઓરિસ્સા), કોરબા (મધ્યપ્રદેશ), પટણા (બિહાર), કુરુક્ષેત્ર (હરિયાણા) અને ચિત્રકૂટ (ઉત્તરપ્રદેશ) વગેરે સ્થળોએ થનારા અશ્વમેધ મહાયજ્ઞોમાં જારી રહ્યો.

આ બધાં સ્થળોની યાત્રા માટે વિભિન્ન રાજ્ય સરકારોએ તેમને માટે સરકારી વિમાનની વ્યવસ્થા કરી. તેમને રાજકીય અતિથિનું સન્માન આપ્યું. કેટલાંય રાજ્યોના તત્કાલીન મુખ્યમંત્રીઓ જેમકે દિગ્વિજયસિંહ, લાલુપ્રસાદ યાદવ, બીજુ પટનાયક, ચીમનભાઈ પટેલ વગેરે તેમના વાત્સલ્યથી પોતાને અનુગ્રહી અનુભવ્યા. મધ્યપ્રદેશના તત્કાલીન રાજ્યપાલ મો. શફી કુરૈશી, ઉત્તર પ્રદેશના તત્કાલીન રાજ્યપાલ મોતીલાલ વોરા અને વર્તમાન પ્રધાનમંત્રી તથા તે સમયના વિરોધ પક્ષના નેતા અટલબિહારી બાજપાઈ આદિ અનેક વિશિષ્ટ વ્યક્તિઓએ આ અશ્વમેધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને અનુભવ કર્યો કે માતાજીનું હૃદય સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે વાત્સલ્યભાવથી ભરેલું છે. માતાજીની અશ્વમેધ યાત્રાની અનુભૂતિઓ અને યાદો એટલી બધી છે કે તેના પર અલગ રીતે કેટલાય વિભાગોમાં એક સમગ્ર ગ્રંથાવલી પ્રકાશિત કરી શકાય તેમ છે. તેઓ જયાં પણ ગયાં, ત્યાં વ્યસ્ત કાર્યક્રમો અને થોડો સમય હોવા છતાં બધાને મળ્યાં. અતિ વિશિષ્ટ વ્યક્તિઓથી માંડીને અતિ સાધારણ માણસ સુધી બધા તેમને મળીને ધન્ય બન્યા. આ અતિ વ્યસ્તતામાં પણ તેઓ પોતાના ભાવુક બાળકોને ન ભૂલ્યાં. તેમના આગ્રહ-અનુરોધ પર તેઓ તેમના ઘેર ગયાં. સમગ્ર દેશમાં એવાં કેટલાંય ઘર છે, જે તેમની ચરણરજથી તીર્થસ્થાનો બની ગયાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યાં તેઓ બેઠાં, તે સ્થાનોને કેટલાક લોકોએ પોતાનું ઉપાસના-સ્થળ બનાવી દીધું. એવી વ્યક્તિઓએ પછીના દિવસોમાં અનેક દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરી. તેમની અંતર-ચેતનામાં એક અલૌકિક પ્રકાશનું અવતરણ થયું.

તેઓ જ્યાં પણ ગયાં ત્યાં તેમણે અનેક અનુદાનો વરસાવ્યાં. કેટલાંય સ્થાનો પર સ્વયં તેમને પણ અનેક યાદોએ ઘેરી લીધાં. એવું લાગ્યું જાણે કે તે પહેલાં પણ અહીં કોઈ અન્ય રૂપે આવી ગયાં છે. ચિત્રકૂટમાં બધાએ આ સત્યને પ્રત્યક્ષ, પોતાની આંખે જોયું. ચિત્રકૂટ અશ્વમેધ સમયે તેઓ શારીરિક રીતે ખૂબ જ અશક્ત હતાં. આ શારીરિક અશક્તિ છતાં તેઓ એ બધાં સ્થળોએ ગયાં, જ્યાં પ્રભુ શ્રીરામ, માતા સીતાજી અને ભાઈ લક્ષ્મણની સાથે ગયા હતા, જ્યાં તેમણે અનેક ઋષિ-મુનિઓ સાથે સત્સંગનો લાભ લીધો હતો. માતાજી આ બધાં સ્થળોએ આગ્રહપૂર્વક ગયાં. કામદગિરિ, સ્ફટિક શિલા, ગુપ્ત ગોદાવરી આદિ બધા સ્થળોની યાત્રા તેમણે ખૂબ જ ભાવભર્યા મનથી કરી. આ જગ્યાઓને તેમણે કંઈક એવી દૃષ્ટિએ જોઈ, જેમકે તેઓ અહીં ક્યાંક પોતાના રામને જોઈ રહ્યાં હોય. સ્ફટિક શિલા પર તેઓ થોડીવાર બેઠાં પણ હતા. અહીં બેસીને તેઓ બોલ્યાં, ‘‘જુઓ તો ખરા સમય બદલાવાની સાથે કેટલું બધું બદલાઈ ગયું છે ! ત્રેતાયુગમાં કંઈક બીજું હતું, અત્યારે હવે કંઈક જુદું છે.’’

સાંભળનારાઓ થોડુંક સમજ્યા, થોડું ન સમજ્યા. વધારે પૂછવામાં આવતાં તેઓ માત્ર મલકાયાં. પોતાનાં બાળકોને ખુશીઓ આપતાં, રાષ્ટ્રના પ્રાણોમાં નવસ્ફૂર્તિનો સંચાર કરતાં કરતાં તેમની આ યાત્રા ચાલી રહી હતી. તેમને આ રીતે યાત્રા કરતાં જોઈને, વિદેશમાં વસતા પરિજનોના મનમાં એ લાલસા સઘન બની કે તેમનાં મા તેમની પાસે પણ આવી જાય. તેમનાં ઘર પણ વિશ્વજનનીની ચરણધૂલિથી તીર્થભૂમિ બની શકે. પોતાનાં વિદેશી બાળકોના આગ્રહ-અનુરોધને તેઓ ઠુકરાવી ન શક્યાં. બધાના પ્રબળ પ્રેમને કારણે વિશ્વમાતાએ વિશ્વયાત્રા માટે હા પાડી દીધી. તેમની આ ‘હા’ થી અગણિત હૃદયો પુલકિત, પ્રફુલ્લિત થઈ ઊઠ્યાં.

***

***મહર્ષિ કશ્યપની બે પત્નીઓ હતી, કદ્રુ અને વિનતા. તેમણે તેમને પોતપોતાના વારસદારો માટે વર માગવા કહ્યું. કદ્રુએ એક હજાર શક્તિશાળી પુત્રો માગ્યા. તેનો વિચાર હતો કે વધારે શક્તિશાળી પુત્રો તેને વિનતા કરતાં વધુ સન્માન અને યશ અપાવી શકશે. વિનતાએ તેજસ્વી અને સુસંસ્કારી એવા બે જ પુત્ર માગ્યા.***

***કદ્રુને એક હજાર નાગ થયા. થોડા સમય માટે તેનું વર્ચસ્વ પણ રહ્યું, પરંતુ જ્યારે વિનતાના અરુણ અને ગરુડ પ્રગટ થયાં તો સંખ્યા પર શ્રેષ્ઠતાનું મહત્ત્વ સ્પષ્ટ થઈ ગયું. અરુણ સૂર્ય ભગવાનના સારથિ બન્યા અને ગરુડ વિષ્ણુ ભગવાનના વાહન બન્યા. તેમણે ચંદ્રલોકમાંથી અમૃતકળશ લાવીને કદ્રુના બંધનોમાંથી માતા વિનતાને મુક્ત કરાવી. નાગ તેમના ભયથી થરથર કાંપતા રહ્યા.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પોતાના સંતાનોને 'મા'નું આશ્વાસન

'મા'એ કહ્યું હતું કે તેઓ દેહ ન રહે ત્યારે પણ દૂર નહિ રહે. તેમનાં પુત્ર-પુત્રીઓ તેમને પોકારતાં જ પોતાની માતાના પાલવની છાયાનો અને તેમના સ્પર્શનો અનુભવ કરશે. ભાવમયી જગદંબાની પરાચેતનાની જેમ તેમનું આશ્વાસન પણ શાશ્વત, અમર અને અમિટ છે. તેમણે પોતાના જીવનકાળમાં અનેક અવસરે અનેક વાતો કહી હતી. જેમાંની કેટલીક તો નિતાંત, નિજી અને વ્યક્તિગત છે, પરંતુ તેમાંની ઘણી વાતો એવી છે જે સર્વકાલીન અને સાર્વભૌમ હોવાની સાથોસાથ બધાને માટે છે. તેમના પ્રેમથી છલકાતા આ સ્વરોમાં આપણા બધા માટે જીવનનું સમાધાન છે. તેમની વાતો યાદ કરતાં જણાય છે કે આપણને બધાને તેમણે નિરાધાર છોડી નથી દીધા. તેમનું વહાલ, પ્રેમ અને સૌથી વધારે તેમની સમર્થ શક્તિ આપણા બધાની સાથે છે. એટલે સુધી કે તેઓ સ્વયં પણ આપણી આસપાસ જ છે. આ સચ્ચાઈનો અનુભવ કરવા માટે આપણે બસ આપણા દિલનાં ઊંડાણોમાંથી 'મા' કહીને તેને પોકારવાની રહેશે. આ એક અક્ષર સૃષ્ટિનું બીજ છે, મંત્રરાજ અને મહામંત્ર છે. તેને તેમણે આપણા બધા માટે સ્વયં જાગૃત અને ચૈતન્યમય બનાવ્યો છે.

કોણ જાણે કેટલીય વાર તેમણે પોતાના શ્રીમુખે કહ્યું છે- 'હું કદી પણ મારા દીકરા-દીકરીઓને છોડીને જવાની થોડી છું ? દેહ તો બધાનો પડે છે તેમ મારો પણ પડશે. દેહનો તો ધર્મ જ છે કે પેદા થવું અને નષ્ટ થવું, એટલે દેહ તો નષ્ટ થશે જ, પરંતુ તેથી શું ? હું તો જેવી છું તેવી જ બની રહીશ.' તમારામાંથી જયારે કોઈ 'મા''મા' કહીને બોલાવશે, તો હું દોડતી આવી પહોંચીશ. પોતાની વાતો સમજાવતા તેઓ કહેતાં અત્યારે પણ તમે લોકો મને બોલાવો છો તો હું આવું છું કે નહીં ? તમારા મને બોલાવવા પર હું જ આવું છું - દેહ તો શાંતિકુંજમાં પડયો રહે છે. પોતાના દેહ તરફ સંકેત કરીને તેઓ કહેતાં ''આ દેહ છે તો શું ? નથી તો પણ શું ? એનાથી કશો જ ફરક પડવાનો નથી. આથી તમારામાંથી કોઈએ એક બાબતની ચિંતા કરવાની જરૂર નથી કે માતાજી આજે છે, કાલે નહિ હોય. અરે માતાજી આજે છે અને હંમેશાં રહેશે. ત્યારે પણ હું માતાજી હતી, જયારે આ દેહ નહોતો અને માતાજી ત્યારે પણ રહેશે જયારે આ દેહ નહીં હોય. જયારે અમારાં (મારાં) બાળકો મને બોલાવશે ત્યારે હું દોડી આવીશ.''

''આ પોકાર કેવો હોય ? માતાજી !'' એક ભકતે તેમને એક પ્રસંગે પ્રશ્ન પૂછ્યો. આ વાત સાંભળીને તેઓ હસવા લાગ્યાં અને બોલ્યાં, પોતાની માને બોલાવવા માટે શું કોઈ વિધિ-વિધાન હોય છે ખરાં ? અરે બેટા, મા તો પોતાના તે બાળકની પણ બધી જ વાતો સમજી લે છે, જે હજી બોલવાનું પણ નથી શીખ્યો. શું તમે જોયું નથી કે નાનાં બાળકો, જેઓ બોલવાનું પણ નથી જાણતાં તેઓ બસ પોતાની માને યાદ કરીને વલખી ઊઠે છે ? તેમને માને પોકારવાની આ જ રીતની ખબર છે. તેમના આ પોકારને કોઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બીજું સમજે કે ન સમજે, પરંતુ માતા સમજે છે. તેના આ રીતે પોકારતાં જ તે ઝટપટ પોતાના હાથ પરનાં બધાં કામો છોડીને દોડી આવે છે અને બાળકને ગોદમાં ઉઠાવી લે છે. પોતાના હૃદયનો બધો પ્રેમ તેના પર ઠાલવી દે છે. આ વાતો કહેતાં તેઓ હસીને બોલ્યાં "અરે બેટા, માતા તો તેનાં એ બાળકોની વાતોને પણ સમજી લે છે જેઓ મૂંગાં છે, જેઓ કદી બોલી જ નથી શકતાં. માને બોલાવવા માટે બીજા કશાની નહિ, બસ દિલની તડપ જોઈએ, ભાવ-વિહ્વળતા જોઈએ. મા અને બાળકોનો સંબંધ કંઈક આ પ્રકારનો છે બેટા!"

પોતાનાં સંતાનો પર હરપળે પ્રાણ ન્યોછાવર કરનાર માતાજી પોતાના વિશે મોટાભાગે ચૂપ જ રહેતાં. કોઈ વાત નીકળતાં તેઓ એમ જ કહેતાં, "અચ્છા બેટા, અમે ગુરુજીને કહીશું" અથવા પછી એમ કહેતાં, કે ગાયત્રી માતાને પ્રાર્થના કરીશું, પરંતુ કાંઈક વિરલ ક્ષણોમાં પોતાના નિજી સ્વરૂપને પ્રગટ પણ કરી દેતાં હતાં. આવું કરવામાં સામેવાળાની પાત્રતા ઓછી પણ તેમની કૃપા વધારે રહેતી હતી. એક દિવસ એવું જ બન્યું - આ વાત સન્ ૧૯૯૨ના અંતિમ દિવસોની છે. તે દિવસે બપોરના સમયમાં મળવા આવનારા કંઈક ઓછા હતા તેથી તેમને જલદી નવરાશ મળી હતી. સૌથી છેલ્લે એક કાર્યકર્તા મળવા આવ્યો. કોઈ બીજું તો હતું નહિ, એટલે તેમને બેસાડ્યા. તે પણ માતાજીની સાથે થોડીક ક્ષણોના સંગનો લાભ પામીને ખુશ થઈ ગયો. ખુશીની આ ક્ષણોમાં તેણે પોતાના મનની વાત પૂછતાં કહ્યું, "માતાજી મેં મારા પૂજાસ્થાન પર માત્ર એક નાનકડો ગાયત્રી માતાનો ફોટો રાખ્યો છે. સાથે ગુરુજીની અને આપની તસવીર પણ લગાવી છે. ધ્યાનના સમયે, આપ બન્નેમાં જ હું સૂર્ય અને ગાયત્રીની, મહાકાલ અને મહાકાળીની કલ્પના કરું છું. શું આ યોગ્ય છે ?" ઉત્તર આપતાં પહેલાં તો તેઓ ચૂપ રહ્યાં, પછી બોલ્યાં- 'બેટા, આ બધું વ્યક્તિની શ્રદ્ધા-ભાવસંવેદના પર આધાર રાખે છે. જેટલો ઊંડો વધારે આપણો તેની સાથે લગાવ હશે તેટલું જ ઊંડું ધ્યાન તેના વિષયમાં બની રહેશે. તમારે તમારી પોતાની સાધના વધુ પ્રગાઢ બનાવવી જોઈએ. ગાયત્રી મહાશક્તિ સાથે સાક્ષાત્કાર કરવાને કારણે ગુરુજીનું ધ્યાન સવિતાના ધ્યાનમાં ત્વરિત લાગે છે. એવી જ રીતે તેઓ મારા પણ આરાધ્ય છે. તેમની જ શક્તિ મને પ્રાપ્ત થઈ છે. મારું ધ્યાન તમને તેમના સુધી - ગાયત્રી માતા સુધી ઓર જલદીથી પહોંચાડી શકે છે. જે ગુરુજી છે, તે જ હું છું, જે હું છું તે જ ગુરુજી છે - અમારા બન્નેમાં કોઈ અંતર નથી." માતાજીનું આ કથન સાંભળીને સાંભળનાર ભાવ-વિહ્વળ બની ગયો. લાંબા સમય સુધી તેને સૂઝ ન પડી કે તે બીજું શું બોલે ? પછીથી ધીરેથી તેણે પૂછયું, માતાજી, આપની કૃપાથી અસંખ્ય લોકોના લૌકિક કષ્ટોનું નિવારણ થાય છે, પણ શું આપની કૃપાથી જીવને મુક્તિ પણ મળે છે ? આ સવાલ સાંભળીને તેઓ આત્મલીન બની ગયાં અને કહેવા લાગ્યાં, બધું જ માની કૃપાથી થાય છે. સંકટ નિવારણ, સ્વર્ગ, મોક્ષ - બધું જ તેમની કૃપાથી સંભવિત બને છે. અમે તો નિમિત્ત માત્ર છીએ.

મહાશક્તિનાં આ વચનોને ધ્યાનથી સાંભળ્યા પછી પણ પ્રશ્ન પૂછનારે પોતાની શંકાના નિવારણ માટે એક બીજો પ્રશ્ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂછયો- ''માતાજી, વેદાંત આદિ શાસ્ત્રોમાં લખ્યું છે કે જ્ઞાન પ્રાપ્ત થતાં મોક્ષ મળે છે.'' ઉત્તરમાં તેમણે કહ્યું, ''પરંતુ એ જ્ઞાન આદ્યશક્તિ 'મા'ની કૃપા વિના મળતું નથી. ત્યાં સુધી પહોંચવા માટે માતૃશક્તિ રૂપે ગુરુની સત્તા જ સૌથી વધારે સક્ષમ છે. જયારે કોઈ જીવ પર માની કૃપા ઊતરે છે, ત્યારે જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પછી મોક્ષ દૂર નથી.'' દેવી સપ્તશતીમાં લખ્યું છે -

*સૈષા પ્રસન્ના વરદા નૃણાં ભવતિ મુકતયે ।*
*સા વિદ્યા પરમા મુક્તેર્હેતુભૂતા સનાતની ॥*
*સંસારબન્ધહેતુશ્ચ સૈવ સર્વેશ્વરેશ્વરી ॥*

''તે જ પ્રસન્ન થતાં મનુષ્યોને મુકિતનું વરદાન આપે છે. તે જ પરાવિદ્યા સંસારબંધન અને મોક્ષની હેતુભૂતા સનાતની દેવી અને સંપૂર્ણ ઈશ્વરોની પણ અધીશ્વરી છે.'' દેવી સપ્તશતીનો દાખલો આપતાં તે દિવસે પરોક્ષરૂપે માતાજીએ પોતાના શિષ્યને માતૃશક્તિના લીલા સંદોહથી અને તેમાં પોતાની ભૂમિકાથી તેને પરિચિત કર્યો. તેમનાં વચનો સાંભળનારના કાનોમાં અમૃત રેલાવી રહ્યાં હતાં. તેણે બહુ જ હિંમત એકઠી કરીને એક અંતિમ પ્રશ્ન પૂછયો, ''માતાજી દેવી સપ્તશતી મા આદિશક્તિની ચરિત્રકથા છે. તે વાંચવી, તેને ઉત્કટ સાધના માનવામાં આવે છે. લાખો લોકો પ્રતિદિન તેનો પાઠ કરીને પોતાનું મનોવાંછિત ફળ પામે છે. એ જ રીતે શું આપનાં બાળકો આપની જીવનકથાના પાઠને સાધનારૂપે કરી શકે છે ?'' ''બેટા, સમય આવતાં અમારા બન્નેની જીવનગાથા બધાની સમક્ષ આવશે. આ લીલા પ્રસંગોને વાંચવા એ સ્વયં ગુરુસત્તા સાથે સાક્ષાત્કાર સમાન થશે. આમ પણ હું મા છું. મને તો કોઈ કયારેય પણ - હું રહું કે ન રહું- ભલે શરીર છૂટી જાય, ત્યારે પણ, જે કોઈ યાદ કરશે તો તેની સમીપ રહીશ. તેનાં કષ્ટોનું નિવારણ કરવાનો પ્રયાસ કરીશ, યોગ-ક્ષેમનું હું વહન કરીશ.''

માતાજી કહેતાં હતાં ''કોઈ પણ રીતે આપણે તેમને પોકારવાનું શીખી જઈએ.'' તેઓ કહેતાં ''બાળકો, જીવન છે તો મુશ્કેલીઓ પણ આવશે. સંકટો અને મુસીબતો પણ ઊભાં થશે, પણ તમે લોકો તેથી ગભરાશો નહીં. સંકટો ભલે ગમે તેટલાં મોટાં અને વિકરાળ હોય, હંમેશાં યાદ રાખજો કે મારી એક મા છે, જે હંમેશાં મારી પાછળ ઊભી છે.'' માના આ આશ્વાસન પછી પણ શું આપણા માટે ચિંતાનું કોઈ કારણ રહે છે? તેમનું આ આશ્વાસન તે લોકો માટે છે, જેઓ તેમને કયારેય પણ થોડીક ક્ષણો માટેય મળ્યા છે અને તેમને માટે પણ છે જેઓ તેમને કદીય મળ્યા નથી - કેમ કે તેઓ કહેતાં હતાં, 'હું મારાં એ બાળકોથી પણ પરિચિત છું, જે મારા દેહ છોડી દીધા પછી અહીં શાંતિકુંજમાં આવશે. તેમના પ્રત્યે મારો પ્રેમ તેમના કરતા કેટલાય ગણો વધારે હશે, જેઓ મને મળી ચૂકયા છે તેમને હું મારી સ્નેહછાયાથી સંપૂર્ણ સુરક્ષિત-સંરક્ષિત રાખીશ. જયારે તેઓ મને યાદ કરશે ત્યારે હું તેમને તેમનું મનોવાંછિત પ્રદાન કરીશ.'

આવી કરુણામયી માના પ્રત્યે પણ તેમનાં નાદાન સંતાનોએ જાણે-અજાણે કંઈક ભૂલો કરી છે, આજે તે બધાં તે ક્ષમાશીલ માતાજીનાં ચરણોમાં ક્ષમા માટે યાચના કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દુશ્મનને પણ પ્રેમ કરવાનું શીખો ગુરુદેવ અને માતાજી પાસેથી

પૂજ્ય ગુરુદેવે ડિસેમ્બર ૧૯૪૧ના 'અખંડ જ્યોતિ'માં લખ્યું છે - આપ કોઈનો પણ તિરસ્કાર ન કરો. કર્મનો માર્ગ ઘણો ગહન છે. કદાચ આપ પોતે ભલા-બુરાની ઓળખ કરવામાં ભૂલ કરી રહ્યા હો. કર્મની ભલાઈ-બુરાઈનું પરીક્ષણ તેના બાહ્ય રૂપથી નહિ, પરંતુ કર્તાની આંતરિક ભાવના દ્વારા કરવામાં આવે છે. ખરાબ માણસો સાથે પણ બુરાઈ ન કરો, કેમ કે બુરાઈથી બુરાઈની જ વૃદ્ધિ થશે. મેલાં કપડાંને કાજળથી નહિ, સાબુથી ધોવાં જોઈએ. દુષ્ટોને લાઠીથી નહિ, પરંતુ પ્રેમથી વશ કરવા જોઈએ.

ગ્રીસના પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની પેરિકિલસને કોઈ બાબતે નારાજ બનીને એક વ્યક્તિ તેમના ઘેર આવીને બુરું-ભલું કહેવા લાગ્યો, ક્રોધમાં આવી ગાળો દેતો રહ્યો, સાંજ પડી ગઈ. તે થાકીને ચૂર થઈ ગયો, પછી ઊઠીને જવા લાગ્યો. પરિકિલસે પોતાના નોકરને બોલાવ્યો અને કહ્યું - 'ફાનસ લઈને આ મહાશયને તેમના ઘર સુધી મૂકી આવ.' શુક્રાચાર્યએ ભગવાન શ્રીકૃષ્ણની છાતી પર લાત મારી, તો ભગવાને શુક્રાચાર્યના પગ પંપાળતાં પૂછ્યું કે આપનાં ચરણોમાં વાગ્યું તો નથી ને ? વિરોધીઓની સાથે સહિષ્ણુતાનો વ્યવહાર કરવાથી વિરોધ દૂર થઈ જાય છે. પ્લેટો કહ્યા કરતા - 'સૌથી મોટી જીત એ વિરોધીઓનાં હૃદયને જીતી લેવાં તે છે.'

બગાડ પેદા કરનાર પ્રત્યે બદલાની ભાવના જાગે છે. અસફળતા અથવા ખરાબ પરિણામનો દોષ આપણે કોઈ અને કોઈને માથે ઢોળી દઈએ છીએ અને તેનો બદલો લેવા માટે ક્રોધી સાપની જેમ અહીં ત્યાં ફેણ પછાડતાં ઘૂમી વળીએ છીએ. હજી સુધી કોઈ મહાપુરુષના જીવનમાંથી એવું કોઈ ઉદાહરણ નથી મળ્યું, જ્યાં ઘૃણા, દ્વેષ, પરદોષ-દર્શન તથા પ્રતિશોધ દ્વારા કોઈ મંગલ કાર્યની સિદ્ધિ થઈ હોય. પ્રતિશોધની ભાવના ત્યારે જાગે છે, જ્યારે કોઈની સાથે દુશ્મનાવટ થાય છે, પરંતુ જો સાચેસાચ જોવામાં આવે તો આ સંસારમાં ન કોઈ કોઈનો શત્રુ છે અને ન કોઈ મિત્ર. સ્વાર્થપૂર્ણ પ્રવૃત્તિઓને કારણે આ વિરોધાભાસ દેખાઈ આવે છે. જ્યારે ભક્ત પ્રહ્લાદ અગ્નિમાં ન બળી શક્યા, ઊલટા પુરોહિત જ સળગવા લાગ્યા, તો ગુરુપુત્રોને જલતા જોઈને પ્રહ્લાદનું સંતહૃદય ચિત્કાર કરી ઊઠ્યું. જેના હૃદયમાં શત્રુ પ્રત્યે પણ શત્રુતાનો ભાવ ઉત્પન્ન ન થાય તે જ પરમાત્માને સર્વથી અધિક પ્રિય હોય છે. જ્યાં સુધી અભિમાન રહે છે ત્યાં સુધી બદલાની ભાવનાઓ જરૂર ઊભી થતી રહે છે. તેથી કોઈ વ્યક્તિને પ્રેમ કરવાથી આપણા અન્ય સહયોગીઓ નારાજ થતા હોય, તે કારણે તેનો તિરસ્કાર કરવો તે કદાપિ યોગ્ય નથી. પોતાના હિત અને સ્વાર્થ માટે ઝઘડતા રહેવાને બદલે પોતાનાં હિતોને નિરહંકારપૂર્વક ત્યજી દેવા એ જ મનુષ્યની મોટાઈની કસોટી છે. બધાને ગળે લગાડી ભેટવાથી, આત્મીયતા વિકસિત કરવાથી, સહાનુભૂતિ પ્રદર્શિત કરવાથી તથા સહયોગ આપવાથી જ મનુષ્યનું જીવન ધન્ય બની રહે છે.

લોકો સમજે છે કે દુશ્મન સાથે બદલો લેવો એ આબરૂની વાત છે. તેને તેઓ સાહસનું કાર્ય પણ સમજે છે. પ્રતિશોધ સાહસ નથી, સાહસ તો એ છે જ્યારે આપ તેને સહન કરી શકો. સહનશીલતા મનુષ્યની અંતર્મુખી પ્રવૃત્તિઓને વિકસિત કરે છે. મહાપુરુષ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડાવી દેવાયા. અત્યાચારી રાજાએ તેમના હાથપગ અને આખા શરીરને ખીલાઓથી જડી દીધું, ત્યારે પણ તેઓ પરમાત્માને એ જ પ્રાર્થના કરતા રહ્યા - 'હે પ્રભુ, આ બધા અણસમજુ છે, તમે તેમને ક્ષમા કરી દેજો.' વિશાળ હૃદય હશે એ સંતનું, જે પોતાના દુશ્મનો પ્રત્યે પણ ક્યારેય પોતાના મનમાં દુર્ભાવના ન લાવતા હોય. અધ્યાત્મના ક્ષેત્રમાં મહાનતા પ્રાપ્ત કરવા માટે મનુષ્યએ સર્વપ્રથમ દ્વેષ અને દુર્ભાવનાનો પરિત્યાગ કરવો પડે છે. દ્વેષ અને દુર્ભાવનાને કારણે જ રાજર્ષિ વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ નહોતા બની શક્યા. જેવી બ્રહ્મર્ષિ વશિષ્ઠ પ્રત્યે તેમની પ્રતિશોધની જ્વાલા શાંત થઈ અને શ્રદ્ધા ઊભરાઈ કે તેઓ બ્રહ્મર્ષિ બની ગયા. કોઈનાય પ્રત્યે દ્વેષ-દુર્ભાવના હોય તો કોઈપણ પ્રકારની ઉપાસના-સાધના ફળીભૂત બનતી નથી. આ ક્ષેત્રમાં સફળતા માટે અંતઃકરણને નિષ્પાપ અને પવિત્ર બનાવવું પડે છે.

જ્યાં ક્યાંય પણ બદલાની ભાવના ઊગતી દેખાય, ત્યાં તેને પ્રેમપૂર્ણ વિચારોથી નષ્ટ કરી દેવી જોઈએ. આપના પ્રત્યે અભદ્રતા પ્રગટ કરનારાઓની પણ આપ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યથાશક્તિ ભલાઈ કરો, તેમને સહાય આપો. તેમના દુઃખમાં ભાગ પડાવો, આમ કરવાથી તે વ્યક્તિ આપના પ્રત્યે વિનમ્ર બનશે. આપના મનમાં પરદોષ-દર્શન, ઘૃણા અને દ્વેષનો ભાવ ન રહેવા દો. ગુણગ્રાહકતાથી આપના ગુણો વધશે. ઘૃણાને બદલે પ્રેમ કરો, કોઈનું પણ અહિત ન વિચારો, થઈ શકે તો ઉપકાર કરો.

કોઈ અપરાધ પણ કરે છે, તો તેને ક્ષમા કરી દો. કોઈનાય પ્રત્યે વેરભાવનો અર્થ છે - પરમાત્મા પ્રત્યે વિદ્રોહ.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા રહ્યા છે કે અમને પ્રેમના સોદાગર કહેવા જોઈએ. અમે પ્રેમ મોંઘો ખરીદ્યો અને સસ્તામાં લૂંટાવ્યો છે. પૂજ્ય ગુરુદેવના વિચારોનો ખૂબ જ વિરોધ કરનારા પણ તેમના સદ્‌વ્યવહાર, શિષ્ટ આચરણ અને સદ્‌ભાવનાઓને કારણે તેમના પ્રત્યે દ્વેષ-દુર્ભાવ નહોતા રાખતા. કાતિલ હુમલો કરનારા હુમલાખોરોને પણ તેમણે ક્ષમા આપી દીધી. પોતાના દોષો અને દુર્ગુણોને કારણે જે વ્યક્તિઓને સંસ્થાથી અલગ કરવામાં આવી, તેમના પ્રત્યે પણ પૂજ્ય ગુરુદેવનો સ્નેહભાવ યથાવત્ બની રહ્યો.

## પ્રેમની દોરી સદૈવ રાખો

પૂજ્ય ગુરુદેવે કહ્યું છે - 'એક કુટુંબ બનાવીને બેઠા છીએ. આ કુટુંબને અમે કઈ દોરીથી બાંધેલ છે, ભાવનાની દોરીથી બાંધેલ છે. આ દોરીઓ આપે તૈયાર કરવી જોઈએ, જેથી આપ નવા માણસોને બાંધીને પોતાની પાસે રાખી શકો અને જે માણસો વર્તમાનમાં છે, તેમને મજબૂતાઈથી જકડી રાખી શકો, નહીં તો આપ તેમને પણ મજૂબતીથી જકડાયેલા નહીં રાખી શકો.'

## પોતાની ઊણપો સ્વયં સુધારો

માતાજીએ કહ્યું - બેટા ! પોતાના દોષો પોતાને નજરમાં નથી આવતાં. જે દિવસે પોતાના દોષો નજરમાં આવશે ત્યારે વ્યક્તિ કોણ જાણે ક્યાંથી ક્યાં પહોંચી જશે. આપણે બીજાઓની ખામીઓ તો જોઈએ છીએ કે અમુક વ્યક્તિમાં આ ખામી છે, અમુકમાં આ ક્ષતિ છે પરંતુ પોતાના અંતરમાં ધ્યાનથી નથી જોઈ શકતા કે આપણામાં કેટલી ઊણપો છે. પ્રત્યેક કાર્યકર્તાએ પોતાની ત્રુટિઓને શોધીને દૂર કરવી જોઈએ, બીજાઓને પૂછવું જોઈએ શું ભાઈસાહેબ, આપ એ બતાવો કે મારાથી કોઈ અપરાધ તો નથી થયો ને ! મારા વ્યવહારમાં કોઈ કડવાશ તો નથી આવી, બીજાઓ ઊણપો બતાવે તો તેના પર ગુસ્સે થશો નહિ, પરંતુ તેની પ્રશંસા કરો કે અમારા દોષો શોધી કાઢનારા કોઈક તો છે. આપણી અંદર જે ઊણપ છે તેને કાઢી નાખો. બેટા ! ગુરુજીનો એ ગુણ હતો કે ભલે આર્યસમાજી હોય કે પછી બીજો કોઈ હોય, તેમના માટે ત્રુટિઓ જણાવવાની ખુલ્લી છૂટ હતી. ગુરુજી કહેતા હતા કે કોઈ કહેનાર તો છે, જેથી ખબર પડે કે આપણા પોતાનામાં શી શી ખામીઓ છે. અમે તે ખામીઓને દૂર કરીશું. પાંચ વર્ષનું બાળક પણ ભલે હોય, કોઈ વાત તેના મોંમાંથી નીકળી હોય અને તે બરાબર બંધબેસતી હોય, તો તેઓ તેની વાત પણ સ્વીકારી લેતા હતા. તેઓ એવું નહોતા કહેતા કે હું આટલો મોટો છું, શું હું નાનકડા બાળકની વાત માની લઈશ? ક્યાંય આપણે આપણી ભૂલો છતી થતાં માનસિક સમતોલપણું ખોઈને, દ્વેષના અગ્નિમાં બળીને, ક્રોધિત થઈને પોતાનાં જ પરિજનોને આપણા દુશ્મનો તો નથી બનાવી રહ્યા ને ? તેમની ઘૃણા તો નથી કરતા ને ? આ બાબતથી સાવધાન રહેવું, નહીં તો ગુરુવરના આશીર્વાદ નહિ મળે. આપણે ક્યાંયના નહિ રહીએ.

## ઘૃણાને પ્રેમથી જીતો

તમે બધા ગુરુજીના પુત્રો છો. તો પછી તમારો સ્વભાવ ગુરુજીના જેવો હોવો જોઈએ. આપણા જે જૂના પરિજનો છે, ક્યારેક ગુરુજીના સંપર્કમાં આવ્યા હશે, તે બધાએ એમ જ કહ્યું હશે કે ગુરુજી અમને જેટલો પ્રેમ કરતા હતા, તેટલો પ્રેમ કદાચ કોઈ બીજાને કરતા ન હતા. તેમણે બધાને એક જ દૃષ્ટિએ જોયા, બધાને એકસરખું કામ સોંપ્યું. તેમણે મનથી ક્યારેય કોઈને દ્વેષથી નથી જોયા, એટલે સુધી કે જેઓ આપણને વિરોધી માનતા હતા, તેમને માટે પણ તેમણે કદીય કુકલ્પનાઓ કરી નથી. તેમણે કદીય એવું ન વિચાર્યું કે તેણે આપણી સાથે કેવો વર્તાવ કર્યો તો આપણે તેનો બદલો લઈશું. તેમણે તેમની સાથે સજ્જનતાપૂર્ણ વ્યવહાર જ કર્યો. કદીય વ્યગ્ર ન થયા. બસ ઊલટી ચાલ ચાલી. તેમણે કહ્યું - ભલે, એમ વાત છે. પોતાના કામનો વેગ વધારી દીધો. તેમણે ખરાબ થવાને બદલે પોતાનો પૂરો સમય ચિંતનમાં લગાડી દીધો. અરે બીજાઓ તો ખરાબ થઈ રહ્યા છે, આપણે પણ તેવા બનીશું તો તેની સાથે ખરાબ થઈ જઈશું. આપણે મિશન ચલાવવાનું છે તો આપણામાં પ્રખરતા અને નમ્રતા હોવી જોઈએ. સાથોસાથ આપણી અંદર સાહસ અને બળ પણ હોવાં જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાનનો મહિમા

યુગગીતા-૩૬

# સાંખ્ય (સંન્યાસ) અને કર્મયોગ બન્ને એક જ છે, અલગ અલગ નથી

(કર્મસંન્યાસ યોગ નામે ગીતાના પાંચમા અધ્યાયનો દ્વિતીય ભાગ)

ઓગસ્ટના અંકમાં પાંચમા અધ્યાયની ભૂમિકામાં પ્રવેશની સાથે સાથે અર્જુનની જિજ્ઞાસાથી શુભારંભ કરવામાં આવ્યો હતો, જેમાં તે પૂછે છે - કર્મોનો ત્યાગ એટલે કે સંન્યાસ અને કર્મયોગ બન્નેની યોગેશ્વર પ્રશંસા કરી રહ્યા છે, પરંતુ ભ્રમિત અર્જુન સમજી નહોતો શક્યો કે કયો માર્ગ શ્રેષ્ઠ છે. તે બન્નેને પરસ્પર વિરોધી માની રહ્યો છે. ભગવાનનો આશય છે કર્મોમાં અહંકારનો ત્યાગ, કર્મફળના ઉપભોગ પ્રત્યે ચાહનાનો ત્યાગ, કર્તાભાવનો ત્યાગ. આ માર્મિક તત્ત્વદર્શન અર્જુનની સમજણ બહારનું છે, કિન્તુ ભગવાન તેને પોતાના ઉત્તરથી મૂંઝવણમાંથી બહાર કાઢે છે. તેઓ પોતાના ઉત્તરમાં કહે છે કે કર્મોનો ત્યાગ (કર્મસંન્યાસ) અને કર્મયોગ (કર્મોનું સંપાદન) બન્ને મોક્ષ તરફ લઈ જાય છે, પરંતુ તો પણ સુગમતાની દૃષ્ટિએ કર્મયોગ અધિક વ્યાવહારિક છે અને બધા તે કરી શકે છે. આ સંદર્ભમાં પરમપૂજ્ય ગુરુદેવના 'અખંડ જ્યોતિ'ના એપ્રિલ ૧૯૮૩ના અંકનો દાખલો આપીને પાઠકોને આજના દૂષિત કર્મોથી ભરેલા યુગમાં દેવમાનવો - પ્રજ્ઞાશીલ પરિજનો માટે કરવા યોગ્ય કર્મોની ચર્ચા પણ કરવામાં આવી હતી. યોગેશ્વરની વાણી અને ગુરુસત્તાની લેખિની બન્નેમાં એકરૂપતા જોવા મળે છે. તમસ્‌થી બહાર આવીને આજની પરિસ્થિતિઓને અનુરૂપ કર્મયોગ કેવી રીતે જીવનમાં ઊતરે, વૈરાગ્ય-સંન્યાસના નામે છવાયેલી વિડંબના કેવી રીતે દૂર થાય, આ જ પ્રસંગ પર સમાપન કરવામાં આવ્યું હતું. હવે બીજા શ્લોકની વ્યાખ્યા અને વિસ્તારપૂર્વક તે પછીનો પ્રસંગ આ અંકમાં વાંચો.

## સ્વં સ્વં આચરેણ શિક્ષરેણ

બીજા શ્લોકનો સાર એ છે કે કર્મયોગ અને કર્મસંન્યાસ આ બન્ને જો કે મોક્ષ તરફ જ લઈ જાય છે તથા બન્ને શ્રેષ્ઠ છે. આમ છતાં આ બન્નેમાં કર્મોનું સંપાદન (કર્મયોગ) વધારે મહત્ત્વનું, વ્યાવહારિક અને આપણા બધાને માટે કરવા યોગ્ય છે. જ્યારે પણ સંન્યાસની વાત કરવામાં આવે છે, ત્યારે 'કર્મભાવ'થી અર્થાત્ આપણી અંદર મૂળ ઘાલીને બેઠેલ અહંભાવના ત્યાગની અપેક્ષા આપણી પાસેથી રાખવામાં આવે છે. વ્યાવહારિક ધરાતલ પર શિક્ષણ આપતા યોગેશ્વર શ્રીકૃષ્ણ એક માણસને માટે પણ અને વિશિષ્ટતાની પરાકાષ્ઠા પર ચાલનારાઓ માટે પણ આ જ સૂત્ર આપે છે કે કર્મસંન્યાસની તુલનામાં કર્મોનું સંપાદન શ્રેષ્ઠ છે. 'તયોસ્તુ કર્મસન્નયાસાત્કર્મયોગો વિશિષ્યતે ।' આપણે એવા દિવ્યકર્મીઓ બનીએ કે આપણાં કર્મો જ બીજાઓને માટે શિક્ષણ બની શકે. સ્વામી તુરીયાનંદજી (રામકૃષ્ણ મિશન) કહ્યા કરતા - ''લિવ એન એક્ઝેમ્પલરી લાઈફ'' પોતાનું જીવન દૃષ્ટાંતરૂપ બનાવીને જીવો. પોતાનાં કર્મોથી, આચરણથી બીજાઓને શિક્ષણ આપી શકો, જે આપણી સંસ્કૃતિનું આદિ સત્ય છે કે 'સ્વં સ્વં ચરિત્રં શિક્ષંતે (સ્વં સ્વં આચરેણ શિક્ષરેણ) પૃથિવ્યાં સર્વમાનવાઃ' કંઈક આવી જ બાબતની આ શ્લોક દ્વારા આપણને જાણ થાય છે. જે ભગવાનને પસંદ હોય તે જ આપણને પણ પસંદ હોવું જોઈએ. જો ભગવાન આપણને કર્મયોગી બનાવવા ઈચ્છતા હોય, માનવ માત્રને, તો તે જ આપણા બધાની પણ નિયતિ હોવી જોઈએ. આજે કર્મયોગ જ યુગધર્મ છે - માનવ માત્રમાં છવાયેલ આસ્થાસંકટનું નિવારણ, તેને માટે છવાયેલ દુર્ગતિને દૂર કરવા માટે એક વિરાટ સ્તરે જ્ઞાનયજ્ઞ-વિદ્યાવિસ્તાર. દરેક વ્યક્તિનું ચિંતન, વિચારવાની પદ્ધતિ સાચી હોય, અહર્નિશ આ જ આપણો પુરુષાર્થ રહે, ચિંતન રહે અને કર્મ પણ એ જ દિશામાં નિયોજિત હોય. યુગધર્મની વાત આવે છે, તો ગોરખનાથજીનું એક દૃષ્ટાંત જણાવવાનું મન થાય છે.

## સમૂહ મનનું જાગરણ

ગુરુ ગોરખનાથનો જ્યારે ઉદય થયો ત્યારે તેમનું નામ હતું અઘોરવ્રજ. અઘોરમાંથી ગોરખનાથ ઉત્પન્ન થયા અને તેઓ વજ્રયાની સંપ્રદાયના હતા, તેથી તેઓ અઘોરવ્રજ તરીકે પણ ઓળખાતા. તેમના એક સાથી હતા ફેરૂકવજ્ર. મહમ્મદ ઘોરીની સેનાએ આક્રમણ કર્યું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને તે સેના ઉત્તરથી દક્ષિણ સુધી બધું જ છિન્ન-ભિન્ન કરતી, દેવાલયોને તોડતી સોમનાથ અને ઓરિસ્સાના કોણાર્ક મંદિર સુધી પહોંચી ગઈ. આક્રમણ એટલું પ્રચંડ હતું અને હિન્દુ કટ્ટરપંથીઓ દ્વારા પછાત વર્ગની ઉપેક્ષા એટલી અધિક માત્રામાં હતી કે તેના વિધર્મીકરણ આંદોલનમાં કેટલીય વ્યક્તિઓ ધર્મ બદલીને મુસ્લિમ બનતા ગયા. તેમાં એક કાલા પહાડની વાત સૌ કોઈ જાણે છે, જે ઘૃણામાંથી જન્મ્યો હતો અને જેણે હજારો હિન્દુઓને મુસ્લિમ બનાવીને પાશવતાથી માર્યા હતા. તે સમયે, જ્યારે યોગ અને તંત્રની શક્તિમાં તલ્લીન રહેનાર અસંખ્ય વજ્રયાની ગોરક્ષનાથ, ફેરુકવજ ઉપસ્થિત હતા ત્યારે આ ઘટનાઓ બની. તત્કાલીન રાજાઓ તંત્રવિદ્યાથી પ્રભાવિત થઈને એમ જ સમજી બેઠા હતા કે આ લોકો જ મોરચો સંભાળી લેશે, આપણે તો લડવાની જરૂર પણ નહિ પડે. સૈન્યને છૂટ્ટું કરી દેવાયું હતું. એવું માની લેવામાં આવ્યું હતું કે તાંત્રિકોનાં, યોગીઓનાં બળ પર જ યવન-શક-હૂણો સાથે ઝઝૂમી લેવામાં આવશે.. જ્યારે મહમ્મદ ગઝની આવીને કચડીને ચાલ્યો ગયો, ત્યારે ગોરખનાથે પોતાનાથી ઉંમર અને અનુભવમાં મોટા ફેરુવજને પૂછયું, 'આપનું તપ ક્યાં જતું રહ્યું ? જ્ઞાનનું શું થયું ? આપ કેમ લડી ન શક્યા ?' ત્યારે ફેરુકવજ બોલ્યા, ''યોગ અને તંત્રની પોતાની મર્યાદા છે. આવી વિપત્તિના કાળમાં આવશ્યકતા આત્મબળ સંપન્ન વ્યક્તિઓની, વિજયની કામના રાખનારાઓની અને કર્મયોગીઓની હોય છે. ગઝનીના સૈનિકોમાં ગજબનો આત્મવિશ્વાસ હતો, વિજય મેળવવાની કામના હતી. જ્યારે કર્મયોગી, જિજીવિષા સંપન્ન વ્યક્તિ એક સાથે હોય છે, ત્યારે સામૂહિક મનનું નિર્માણ કરે છે. આ સમૂહ-મનની સામે તંત્ર અને યોગ એક બાજુ રહી ગયા અને તેમની પ્રચંડ ઈચ્છાશક્તિ કામ કરતી રહી. આગળ જતાં જ્યારે પણ જમાનો બદલાશે, ત્યારે તે સમૂહ મનની જાગૃતિથી જ બદલાશે.''

## કર્મયોગ જ આજનો યુગધર્મ

સમૂહ મનની જાગૃતિ એ જ છે આજનો યુગધર્મ. પરમપૂજ્ય ગુરુદેવે ૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્યનું સૂત્ર જ ન આપ્યું પણ તેને માટે સુનિયોજિત કાર્યક્રમ પણ આપ્યો. તેને માટે બધા ગાયત્રી પરિજનોને કર્મયોગી પણ બનાવી દીધા અને કહ્યું - પરમાર્થમાં જ સાચો સ્વાર્થ છે. આ સમયનો યુગધર્મ વિચારક્રાન્તિ, સમાજસેવા છે. તેની સાથોસાથ તેમણે સામૂહિક સાધના દ્વારા સમૂહ મનની જાગૃતિની પ્રક્રિયાને જીવનભર વેગ આપ્યો. તેમણે કહ્યું કે જેઓ તેમાં જોડાશે તે ભારતને મહાનાયક બનતું જોશે. ગોરખનાથ કરતાં પણ ફેરુકવજએ આ વાત આ રીતે કહી, 'ભારતવર્ષનો ઉદ્ધાર તંત્રસાધના અથવા સંન્યાસ દ્વારા નહીં, ગુફામાં બેસીને નહીં, સમવેત મનની શક્તિની જાગૃતિથી જ બની રહેશે. એવો સમય નિશ્ચિતપણે આવશે. તે પછી ગોરખનાથે નાથ યોગીઓની એક સેના ઊભી કરી અને તેમને એક વિશિષ્ટ કાર્ય સોંપ્યું. જ્યાં પણ ભવનો પર આક્રમણની સંભાવના હતી, ત્યાં આ સેના પહેલેથી જ પહોંચી જતી હતી અને રીતસરનો મોરચો સંભાળી લેતી. તેઓ જઈને બધાને એકત્રિત કરતા અને જણાવતા હતા કે યુગધર્મ શો છે. આ સમય તલવાર હાથમાં લઈને લડવું અને વિધર્મીઓને મારી હટાવવા એ જ યુગધર્મ છે. અમૃતાશનની પરંપરાને પણ ગોરખનાથે જ સૌથી પહેલાં શરૂ કરી હતી. એમ પણ કહ્યું હતું કે આ જ આ જમાનાનો આહાર છે. એ જ ખાઈને, યોગ સાધીને, સંયમી જીવન અપનાવીને બધાએ સૈનિક બનવું જોઈએ. પરમપૂજ્ય ગુરુદેવે અમૃતાશન (ખીચડી)ને યુગ સૈનિકો માટે એકમાત્ર આહાર દર્શાવ્યો. ભગવાન પણ અહીં ગીતાના બીજા શ્લોકમાં આ જ કહી રહ્યા છે કે સંન્યાસ લઈને વૈરાગ્યની સ્થિતિ (જે વિચાર અર્જુનના મનમાં આવી રહ્યો છે તેની તુલનામાં કર્મયોગ જ શ્રેષ્ઠ છે) યોગેશ્વર શ્રીકૃષ્ણ કેમ કહે છે કે આપણે કર્મયોગી જ બની જવું જોઈએ. તેઓ આપણને ત્રીજા શ્લોકમાં સંન્યાસીની વિશિષ્ટતાઓ અને અહમ્ દૂર થવાની પ્રક્રિયા તરફ સંકેત કરતાં કહે છે કે -

**જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બંધાત્પ્રમુચ્યતે ।। ૫/૩**

**'હે અર્જુન, એ જ કર્મયોગીને સંન્યાસી જાણ જે કોઈનો દ્વેષ કરતો નથી અને રાગ પણ રાખતો નથી, કેમકે એવા રાગ-દોષોના દ્વંદ્વથી રહિત વ્યક્તિ તો સહજ રૂપે જ સંસારનાં બંધનોથી મુક્ત થઈ જાય છે.'**

## યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ

સંન્યાસી રાગદ્વેષથી પર હોય છે. તેનું પોતાનું પ્રિય કાંઈ હોતું નથી. તેમ છતાં સૌ કોઈ તેના પોતાના જ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય હોય છે. તે વ્યક્તિ-વિશેષ સાથે જાતિ-ધર્મ-સંબંધ (સગપણ), લિંગ વગેરેના આધારે ન તો પ્રેમ રાખે છે, ન તેની ઘૃણા કરે છે. એની જાહેરાત કરવાની જરૂર નથી કે હવે અમે ગેરુઆ વસ્ત્રો પહેરી લીધાં છે, અમે સંન્યાસ લઈ લીધો છે. સંન્યાસ આચરણમાં દેખાઈ આવવો જોઈએ. સંન્યાસી પોતાના કુળ-નામ-વંશને ભૂલીને ગુરુની પરંપરા સાથે જોડાઈ જાય છે અને સમગ્ર સમાજ તેનું કાર્યક્ષેત્ર બની જાય છે. જેના હૃદયથી અહંભાવ પૂરેપૂરી રીતે દૂર થઈ ગયો હોય, તેને જ સંન્યાસી માનવો જોઈએ. (જ્ઞેયઃ સઃ નિત્યસંન્યાસી) જેને ન કોઈ રાગ છે, ન દ્વેષ. (યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ). જો કોઈ પ્રકારે વાસના હશે જ નહિ તો રાગદ્વેષ કેવી રીતે પાંગરશે ? આગળ ભગવાન કહે છે કે જેણે દ્વંદ્વોથી પીછો છોડાવી દીધો, તે સહજભાવે જ બંધનોથી મુક્તિ પ્રાપ્ત કરી લે છે. (નિર્દ્વંદ્વો હિ મહાબાહો સુખં બંધાત્ પ્રમુચ્યતે) દ્વંદ્વ તે છે જે આપણને બંધનોમાં ફસાવે છે. આ મારું છે, આ મારું પદ, મારી પ્રાપ્તિ, મારે પોતાને જ કારણે છે આ ઘૃણાજનક છે, મારા કહેવા પ્રમાણે નથી ચાલતો, મારા માર્ગમાં બાધક છે, આ પ્રકારનું ચિંતન વ્યક્તિને દ્વંદ્વોમાં ગૂંચવીને બંધનોમાં જકડી લે છે. આ દ્વંદ્વોથી મનોવિકાર અને પછી પ્રજ્ઞા-અપરાધ પોષાય છે. વ્યક્તિ બહારથી સ્વસ્થ, કિન્તુ હકીકતમાં રોગી બની જાય છે. પરમપૂજ્ય ગુરુદેવે તેને વાસ્તવિક રોગી અને આસ્થા-સંકટથી ગ્રસ્ત દર્શાવ્યો છે. તેમણે એ પણ કહ્યું છે કે આજે મોટી સંખ્યામાં લોકો આ જ વિડંબનામાં સપડાયેલા છે, વધુ મેળવવાની આકાંક્ષા, રાગની અધિકતા, કામનાઓનું મહત્ત્વાકાંક્ષાઓમાં પરિવર્તન અને બાધક તત્ત્વોને દૂર કરવા માટે દ્વેષનો જન્મ - પછી આ દ્વંદ્વોમાં મૂંઝાઈને એક માયાવી મૃગતૃષ્ણામાં ફસાઈને જીવન ગુમાવતા રહેવું - નરસમુદાયની એક નિયતિ બની રહી છે. તેઓ સમાધાન એક જ દર્શાવે છે - વિચારોમાં પરિવર્તન, રાગ-દ્વેષમાંથી મુક્તિ, દ્વંદ્વોથી દૂર રહીને જીવનમુક્તિ-બંધનમુક્તિ. વાસના, તૃષ્ણા, અહંતાના ત્રિવિધ વિકારોમાંથી છુટકારો સંન્યાસીની વાસ્તવિક મનઃસ્થિતિમાં ગયા વિના થશે નહિ. તેને માટે સંન્યાસીના વેશની નહિ, સંન્યાસની મનઃસ્થિતિની આવશ્યકતા છે.

શ્રી અરવિંદ 'ગીતાપ્રબંધ'માં કહે છે, ''અહંકારી સમજે છે કે હું જ વાસ્તવિક આત્મા છું અને એ રીતે કર્મ કરે છે જાણે કર્મનું વાસ્તવિક કેન્દ્ર તે પોતે છે અને બધું જ જાણે કે તેને માટે જ છે અને ત્યાં જ તે દૃષ્ટિકોણ અને નિયોજનની ભૂલ કરે છે. એ વિચારવું ખોટું નથી કે આપણી અંદર, આપણી પ્રકૃતિના આ કર્મમાં કોઈ વસ્તુ અથવા કોઈ પુરુષ એવો છે જે આપણી પ્રકૃતિના કર્મનું વાસ્તવિક કેન્દ્ર છે અને બધું જ તેને માટે જ છે, પરંતુ તે કેન્દ્ર અહંકાર નહિ બલ્કે હૃદયસ્થિત નિગૂઢ ઈશ્વર (હૃદ્દેશે અર્જુન તિષ્ઠતિ ૧૮/૬૧ ગીતા) પરમપિતા પરમાત્મા છે અને તે જ એ દિવ્ય પુરુષ છે જે અહંકારથી પૃથક્ સત્તાનો એક અંશ છે.''

આપણા બધાની અંદર વાસનાઓ દ્વારા નિયંત્રિત, તેના જ દ્વારા નિર્દેશિત તાલ પર નૃત્ય કરતી બુદ્ધિ આપણા રાગદ્વેષનું પાલનપોષણ કરે છે અને પછી એ જ ક્રિયારૂપને પણ જન્મ આપે છે, પરંતુ જેમણે બુદ્ધિને દ્વંદ્વોથી મુક્ત કરી લીધી, તે જીવનનાં બંધનોથી મુક્ત થઈ જાય છે. પછી તે એષણાઓ, ઉદ્વેગો, કામુક્તાની ભરતીથી મુક્ત થઈ જાય છે. આ સ્થિતિ અચાનક આવતી નથી. ન તો પ્રત્યેક સંન્યાસીને સહજ રીતે પ્રાપ્ત થાય છે. તેટલા માટે જ શ્રીકૃષ્ણનો આગ્રહ છે કે કર્મ-સંન્યાસની તુલનામાં કર્મયોગ કરતાં કરતાં તેને પ્રાપ્ત કરવો તે અધિક વ્યાવહારિક અને સરળ છે. નિષ્ઠા સાથે યજ્ઞીય ભાવથી કર્મ કરતા રહેનાર દિવ્યકર્મી (જેના વિશે ચોથા અધ્યાયમાં વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે) પોતાના જીવનની રોજ-બ-રોજની વાસનાઓનો ક્ષય અને અહંતા પર વિજયનું મહત્ કાર્ય સંપન્ન કરી લે છે. હવે કર્મ-સંન્યાસ અને કર્મયોગને કોઈ અલગ માનવાની ભૂલ ન કરી બેસે, તે માટે ભગવાન ચોથા શ્લોકમાં એક સૂત્ર આપે છે -

સાંખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદંતિ ન પંડિતાઃ ।
એકમપ્યાસ્થિતઃસમ્યગુભયોર્વિન્દતે ફલમ્ ॥
ગીતા ૪/૫

''બાળકની જેમ આચરણ કરનાર મૂર્ખ જન સાંખ્યયોગ (જ્ઞાન દ્વારા કર્મ-સંન્યાસ) અને કર્મોનું સંપાદન (કર્મયોગ)ને અલગ અલગ ફળ આપનાર માને છે, પરંતુ પંડિત (બુદ્ધિમાન-સમજદાર) જાણે છે કે બન્નેમાંથી એકનું પણ પૂરેપૂરી રીતે અનુસરણ કરનાર, બન્નેના ફળને પ્રાપ્ત કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની સ્થિતિમાં આવી જાય છે.''


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## બાલબુદ્ધિ અને પંડિતબુદ્ધિ

ભગવાનનો મત છે કે જે સાંખ્યયોગ અને કર્મયોગને અલગ-અલગ સમજે છે તે બાળક છે, બાળક જેવું મૂર્ખતાપૂર્ણ આચરણ કરનારો છે. પંડિત અર્થાત્ વિદ્વાન જે સમજદાર છે, જેમણે જ્ઞાનને સારી રીતે આત્મસાત્ કરી લીધું છે, તે જાણે છે કે બન્ને એકસરખાં જ ફળ આપનાર છે. તેથી કોઈપણ એકને સારી રીતે જીવનમાં ઉતારીને આગળ વધતા રહેવામાં જ સમજદારી છે. અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણના શબ્દોમાં તીખો વ્યંગ પણ છે અને થોડો થોડો રોષ પણ. શ્રીકૃષ્ણ બન્ને યોગોમાં વિવાદ પેદા કરનારાઓની મજાક ઉડાવે છે અને તે સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે કે જ્ઞાન દ્વારા કર્મ-સંન્યાસ અને કર્મોનું સંપાદન બન્નેમાં કોઈ તફાવત નથી. તે બન્ને અવિભાજ્ય છે, પરસ્પર વિરોધી નથી. જેવી રીતે વિજ્ઞાન અને અધ્યાત્મ એકબીજાના પૂરક છે, એવી જ રીતે આ બન્ને સિદ્ધાંત સાથોસાથ ચાલે છે, અલગ-અલગ નહીં. ગીતાકારે અહીં પંડિત શબ્દનો પ્રયોગ કર્યો છે. તો એ અર્થમાં કે તેમણે ન કેવળ શાસ્ત્રોનું ગહન અધ્યયન-મનન જ કર્યું છે, તે અહમ્‌નો પરિત્યાગ (સંન્યાસ) અને કામનાઓનો ત્યાગ (સાચો કર્મયોગી)એ બેમાં કોઈ ભેદ કરતો નથી. ભણેલા-ગણેલા હોવા છતાં પણ, બહારથી પંડિત સમાન વેશ ધારણ કરીને, ઢગલો ડિગ્રી મેળવી વ્યક્તિ જો બન્ને યોગોને અલગ-અલગ દર્શાવે છે તો પછી તેને જ્ઞાની નહિ પરંતુ બાળક જ માનવો જોઈએ, બુદ્ધિમાન નહીં, મૂર્ખ જ જાણવો જોઈએ. આવી અપરિપક્વ બુદ્ધિવાળી જનતા આપણાથી અણજાણ નથી. આપણી ચારેબાજુ આવી ઢગલાબંધ વ્યક્તિઓ આપણને મળી રહેશે, જેઓ સંન્યાસનો ન તો કોઈ મર્મ સમજે છે, ન તો તેને અંગત જીવનમાં ઉતારે છે. હા, બહારથી મંડલેશ્વર, મહામંડલેશ્વર, સંન્યાસીનો પરિવેશ અવશ્ય પહેરેલો હોય છે. તેઓ સ્વયં છલનામાં જીવી રહ્યા છે, બીજાઓને પણ આ મૃગતૃષ્ણાઓમાં લપટાવવાની કોશિશ કરી રહ્યા છે. એટલા માટે જ શ્રીકૃષ્ણએ કહ્યું છે -

'સાંખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદન્તિ ન પંડિતાઃ।

બાલાઃ અર્થાત્ બાળકબુદ્ધિવાળા, પંડિત અર્થાત્ વિદ્વાન જ્ઞાની એનલાઈટન્ડ મેન

## કર્તાભાવ - ભોક્તાભાવ

આ જ બાબતને એ રીતે પણ સમજી શકાય છે કે કર્તાના ભાવનો ત્યાગ સાંખ્ય માર્ગ છે અને ભોક્તાના ભાવનો ત્યાગ કર્મયોગનો માર્ગ છે. જે કોઈ એકને પણ પૂરી રીતે જીવનમાં ઉતારી લે છે, તે આ બન્નેનું ફળ પ્રાપ્ત કરી લે છે. (એકમપ્યાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ્) આમ કહીને શ્રીકૃષ્ણ અર્જુનને પૂરી રીતે મૌન કરી દે છે. જે હજી પણ દ્વંદ્વની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. તેમનો સ્પષ્ટ મત છે કે ભોક્તા ભાવનો ત્યાગ યોગીને, સાધનાપથના પથિકને લૌકિક જીવનની વાસનાઓનો ક્ષય કરવામાં મદદ કરે છે. જેમ-જેમ વાસનાઓ વિલીન થતી જાય છે, મન શાંત થતું જાય છે. મનની શાંતિ કોઈ પણ લક્ષ્યની પ્રાપ્તિ માટે જરૂરી છે. આવી મનોસ્થિતિમાં સ્થિત વ્યક્તિ પોતાના ધ્યાન દ્વારા ચૈતન્યની આત્માનુભૂતિ કરી લે છે. જ્યારે આપોઆપ જ કર્તાભાવ ટળી જાય છે, ત્યારે સંન્યાસની સ્થિતિમાં જઈને મનુષ્ય પરમ આનંદને પ્રાપ્ત કરે છે.

ક્યાં છે એ આનંદ જે કર્તાભાવ અને ભોક્તાભાવનો ત્યાગ કરનારા એક સંન્યાસીમાં હોવો જોઈએ ? ક્યાંય એ દેખાય છે ? પરમપૂજ્ય ગુરુદેવ આ જ વિડંબના પર ઘણી વાર ચર્ચા કરતા કહેતા હતા કે, ધર્મના નામે પલાયનવાદને જન્મ આપનાર રાષ્ટ્રના ૬૦ લાખ બાબાજીઓ જો કર્મયોગી બન્યા હોત તો રાષ્ટ્રનો ઉદ્ધાર થઈ ગયો હોત. ધર્મતંત્ર, રાજતંત્ર પર નિર્ભર નથી હોતું, તેનું દિશાદર્શક હોય છે. જો એક એક બાબાજી આઠ આઠ વ્યક્તિઓને સાક્ષર અને સંસ્કારી બનાવી દેત તો સ્વતંત્રતા પછીનાં આ પંચાવન વર્ષોમાં દેશ ક્યાંથી ક્યાં પહોંચી ગયો હોત. એટલા માટે જ પરમપૂજ્ય ગુરુદેવે નવસંન્યાસ, આ યુગનો આપદ્ધર્મ પરિવ્રજ્યા, સૌથી વધારે મહત્ત્વપૂર્ણ દર્શાવેલ છે અને પરિપક્વ થતાં જવાબદારીઓથી મુક્ત વાનપ્રસ્થીઓથી આ આવશ્યકતા પૂરી કરવાનું કહ્યું-અમે એમ નથી કહેતા કે ૧૦૦ ટકા સંન્યાસીઓ આવા જ છે. કેટલાક ટકા તો વાસ્તવમાં પ્રાણવાન પ્રજ્ઞાવાન- કર્મયોગીઓ છે, પરંતુ બાકીના મઠાધીશ બનીને ભોગવિલાસ કરી રહ્યા છે. આ કોઈનાથી પણ છાનું નથી. કર્મયોગ અને સાંખ્યયોગની આ ચર્ચા હવે પછીના અંકમાં વિસ્તારથી. ક્રમશઃ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીરામલીલામૃતમ્-૮

✤ ભાગવત ભૂમિનું સેવન-૨ ✤

# ચેતનાની શિખરયાત્રા

(ગતાંકથી આગળ)

## પાખંડ ખંડિની પતાકા

ગુરુ પાસેથી શિક્ષા ગ્રહણ કરીને સ્વામી દયાનંદ ભ્રમણ કરતાં કરતાં હરિદ્વારના કુંભમેળામાં ગયા. પ્રવાસમાં તેઓ સ્થળે સ્થળે લોકો સાથે વૈદિક ધર્મની ચર્ચા કરતા. તેના મર્મને સમજીને પ્રથા-પરંપરાઓના પાલનની વાતો કરતા. કુંભમેળામાં જવાનો ઉદ્દેશ એ હતો કે ત્યાં હજારોની સંખ્યામાં લોકો એકઠા થાય છે. ગામે-ગામ ફરવાથી તો પચાસ-સો લોકોનો સંપર્ક જ થઈ શકતો. કુંભમાં સેંકડો વ્યક્તિઓને એકસાથે મળી શકાય. હરિદ્વાર પહોંચીને સ્વામી દયાનંદે એક નાનકડી શિબિર ઊભી કરી અને બહાર એક ઝંડા પર 'પાખંડખંડિની પતાકા' લખીને તેને લગાડ્યો. એ પતાકાએ પણ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. સ્વામીજી શિબિરની બહાર ઊભા રહીને મૂર્તિપૂજા, શ્રાદ્ધ, અવતાર, પુરાણ, કર્મકાંડ વગેરેના નામ પર ચાલતા પ્રપંચની પોલ ખોલવા લાગ્યા. નાતજાત, છૂત-અછૂત, બાલવિવાહ, સતીપ્રથા અને વૈવાહિક કુરિવાજો, અંધવિશ્વાસ વગેરે બાબતોમાં તેઓ બોલવા લાગ્યા. તેમની વાતોમાં નવીનતા હતી અને એ વાતો તર્કસંગત પણ હતી. લોકોને એ વાતો ગળે ઊતરવા લાગી. તેમનો વિરોધ પણ થયો અને સમર્થન પણ પ્રાપ્ત થયું.

કુંભ અને ત્યારબાદની યાત્રાઓમાં મળેલા સમર્થકોને લઈને સ્વામીજીએ 'આર્યસમાજ'નામે સંગઠનનો પાયો નાખ્યો. તેમણે જીવનભર યાત્રાઓ કરી. રાજાઓ અને સામંતોથી માંડીને પંડિતો, વિદ્વાનો સુધીના દરેક વર્ગના લોકોને તેઓ મળ્યા. પિતાશ્રીએ શ્રીરામને વિસ્તારપૂર્વક જાણકારી આપતાં એ પણ જણાવ્યું કે સ્વામી દયાનંદની વિરુદ્ધમાં હંમેશાં ષડ્યંત્રો રચાતાં રહેતાં હતાં. તેમનું મૃત્યુ પણ એક ષડ્યંત્રમાં જ નીપજ્યું. જોધપુરમાં થોડા લોકોએ મળીને તેમના રસોઈયાને પોતાના પક્ષે ભેળવ્યો અને તેના હાથે સ્વામીજીને ઝેર અપાવી દીધું. સ્વામીજીએ વિષની દારુણ પીડા વેઠી અને તેનાથી તેમનું મૃત્યુ પણ નીપજ્યું. મરતાં મરતાં પણ તેમણે રસોઈયાને પોતાની પાસેથી ભગાડી દીધો. તેમને ડર હતો કે લોકોને આ હકીકતની જાણ થશે તો રસોઈયાને જીવતો નહિ છોડે. સ્વામીજીએ તેને માફ કરી દીધો અને તેના ભાગી છૂટવાની વ્યવસ્થા પણ કરી.

શ્રીરામ આ વૃતાંત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. તેમણે કોઈ પ્રતિભાવ ન દર્શાવ્યો. પિતાશ્રી પાસેથી મથુરાનાં અન્ય સ્થાનોનું વર્ણન અને કથાઓ સાંભળતાં પાછા ફર્યા. મોસાળ અને મથુરા થઈને પૂરી થયેલ આ યાત્રાએ પિતાના સાંનિધ્યમાં તેમને એક સંસ્કાર આપ્યો. એ સંસ્કાર ભારતીય ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે દષ્ટિકોણ રૂપે હતો. નિયતિએ તેમને માટે જે જવાબદારી પસંદ કરી રાખી હતી, તેને માટે બહારથી કોઈ વિશેષ સહકારની આવશ્યકતા નહોતી, પરંતુ શુકદેવજી જેવા મુક્ત આપ્તકામ આત્માને પણ પોતાના પિતા વેદવ્યાસ પાસેથી ભાગવત કથા સાંભળવી પડી હતી.

## સૂક્ષ્મ જગતનો સંકેત

જે હવેલીમાં શ્રીરામ રહેતા હતા તેમાં તેમનાં ત્રણ કાકા, તેમનાં સંતાનો અને ભાઈબહેનો પણ નિવાસ કરતાં હતાં. વીસ-પચ્ચીસ સભ્યોનો ભર્યોભાદર્યો પરિવાર હતો. કાકાઓના શ્વસુર પક્ષના લોકો પણ આવતા-જતા રહેતા. ફોઈ-ભત્રીજાઓ અને બીજાં સગાંસંબધીઓની આવન-જાવનથી ધમાલ મચી રહેતી. હસી-ખુશીનું વાતાવરણ જામતું. તેમના પિતાજી હયાત હતા ત્યાં સુધી ગામની અને અડોશ-પડોશની વસ્તીમાંથી આવતા લોકોની બેઠક ભરેલી રહેતી હતી. સહપઉથી ભાગવત સપ્તાહમાંથી પાછા ફર્યા બાદ પિતાશ્રીને એક દિવસ છાતીમાં દુઃખાવો થયો. બેઠા બેઠા સારી રીતે વાતો કરી રહ્યા હતા કે દબાણ અને પીડાથી બેવડા વળીને સૂઈ ગયા. તેમના મુખમાંથી 'ૐ નમઃ ભગવતે વાસુદેવાય'



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મંત્રનું ઉચ્ચારણ થયું અને બોલવાનું બંધ થઈ ગયું. ઘરમાં કલ્પાંત મચી ગયું. હસીખુશીનું વાતાવરણ ચિંતામાં ફેરવાઈ ગયું અને લોકો પોતાની રીતે પંડિતજીની સેવા-સંભાળ કરવા લાગ્યા. આ ઘટના દિવસના સમયે જ બની હતી. ચિકિત્સા-સહાયતા તરત જ પ્રાપ્ત થઈ અને થોડીક વારમાં હોશ આવી ગયા. ત્રણ ચાર દિવસો પછી તેઓની હાલત સામાન્ય જણાવા લાગી.

પિતાશ્રી સ્વસ્થ તો થઈ ગયા, પરંતુ વૈદોએ તેમને હવે સાવધાન રહેવા ચેતવ્યા. તેમણે જણાવ્યું કે હૃદયરોગનું આક્રમણ થયું છે, તેથી સંભાળીને રહેવું જોઈએ. યાત્રા વગેરે ન કરે, કામનો બોજો ન રાખે અને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી લોકોને હળવા-મળવાનું પણ મર્યાદિત બનાવી દે. પિતાશ્રીએ બધાની સલાહ સાંભળી. કામકાજનું દબાણ અને હળવા-મળવાનું તો ઓછું કર્યું પણ ભજન-પૂજનમાં વધુ સમય આપવા લાગ્યા. આ કારણે કથા-વાર્તામાં ભાગ લેવાનું થોડું ઘટી ગયું.

શ્રીરામ પિતાજીની બીમારી અને ત્યાર પછી તેમનામાં આવેલાં પરિવર્તનોને બહુ ઝીણવટથી જોઈ રહ્યા હતા. રોગ-બીમારીનો શિકાર બનતાં તેમણે બીજા લોકોને પણ જોયા હતા, પરંતુ તેઓ ઈલાજ કરાવ્યા પછી ઠીક થઈ જતા અને રોજિંદો જીવનક્રમ અપનાવી લેતા. હંમેશાંની જેમ સહજ બની રહેવામાં તેમને જરાય વાર ન લાગતી. ખાણીપીણી, રહેણીકરણી, વ્યવહાર અને દિનભરના કામકાજો પહેલાંની જેમ જ ચાલતાં. બીમારીને કારણે કોઈ પ્રકારની નબળાઈ આવતી તો તેની અસર દિનચર્યામાં શિથિલતારૂપે જોવા મળતી, પરંતુ એવું નહોતું બનતું કે સ્વભાવ અને પ્રવૃત્તિઓ પણ બદલાઈ જાય.

## પિતાજીનું સંવરણ

પિતાશ્રી શુદ્ધ-સાત્ત્વિક સ્વભાવના હતા, તેમ છતાં તેમનામાં વિલક્ષણ પરિવર્તન આવ્યું. તેમના કામકાજથી એવું લાગતું જાણે કે કશુંક સમેટવા લાગ્યા છે. યાત્રાનો સમય આવતાં વ્યક્તિ જેમ પોતાનો સામાન સમેટવામાં અને તે સમયનાં કામો આટોપવાની ઉતાવળમાં વ્યસ્ત રહે છે, તેવી જ રીતની આતુરતા પિતાજીના વર્તનમાં દેખાવા લાગી. તે દિવસોમાં તેઓ બાળકોના વિવાહ-લગ્ન, નાનાં ભાઈબહેનોની જરૂરતો અને અતિથિઓની જિજ્ઞાસાઓનું સમાધાન કરવામાં વધારે સમય આપવા લાગ્યા.

સંવત્ ૧૯૬૧ (ઈ.સ. ૧૯૨૩)નો અષાઢ મહિનો શરૂ થવાની તૈયારીમાં હતો. પિતાશ્રીએ પુત્ર શ્રીરામને એક દિવસ બોલાવ્યો અને કહ્યું : ઓછામાં ઓછા નવ દિવસો સુધી મારી પાસે બે કલાક રોજ બેસ અને જે હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળ. પિતાજીની આજ્ઞા શિરોધાર્ય કરવાની જ હતી. જે દિવસથી પિતાશ્રીએ પોતાની પાસે બેસવા માટે કહ્યું હતું તેના એક દિવસ પહેલાં ક્ષૌરકર્મ કરાવ્યું. પુત્રને કહ્યું કે પછીના સાત દિવસો સુધી વ્રત-નિયમમાં રહેવાનું છે. દિવસમાં એક સમય ભોજન અને એક સમય ફળાહાર કરતાં એકાશન વ્રતની વ્યવસ્થા કરી આપી. પિતા-પુત્ર બન્નેને માટે જમીન પર પથારી પાથરીને સૂવાની વ્યવસ્થા કરવામાં આવી.

બીજે દિવસે સવારે પિતાશ્રીએ ભાગવતની કથા સંભળાવવાનું શરૂ કર્યું. આ ફક્ત શ્રીરામને માટે એક શિક્ષણ સત્ર હતું અને લોકોને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. ભાગવતનો કથા-ભાગ અને સિદ્ધાંત પક્ષ એ પ્રકારે કહેવાનું શરૂ કર્યું કે તે દિવસનું વિશ્રામસ્થાન બે કલાક પૂરા થવા સુધી આવી જાય. ભાગવતની કથા સંભળાવવાનો ઉદ્દેશ પિતાશ્રી જ સારી પેઠે જાણતા હશે. આ વિષયમાં તેમણે પોતાના ચિરંજીવીને પણ કશું કહ્યું નહીં. સંભવતઃ ભાગવત શાસ્ત્રના મૂળ ભાવ, જીવન અને જગતના સત્યથી પરિચિત કરાવવાનું હોય.

ભાગવતનો મૂળ ભાવ શો છે ? વિષમ પરિસ્થિતિઓમાં પણ ધર્મનું સાધન. પોતાના અભ્યુદય અને નિઃશ્રેયસ્‌ને માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો અને પ્રભુને સમર્પિત જીવન જીવવું. ભાગવત કથાનો આરંભ પૃથ્વી પર કળિયુગના અર્થાત્ વિષમ પરિસ્થિતિઓ, જટિલતાઓ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મિક ઉન્નતિમાં અવરોધોના આધિપત્યથી થાય છે. પરીક્ષિત આ પરિસ્થિતિઓનું શમન કરવા નીકળે છે ત્યારે કળિયુગ પણ ક્ષમા માગવા લાગે છે. ભાગવત શાસ્ત્ર અનુસાર કળિયુગ અશુભ અને વિપર્યયનું નામ છે. પરીક્ષિત તેનો નિગ્રહ કરવા લાગે છે, તો તે પૃથ્વીને મુક્ત કરવા માટે તૈયાર થઈ જાય છે, પરંતુ પોતાને માટે આશ્રય પણ માગે છે. પરીક્ષિત કાળને પહેલાં ચાર અને પછી પાંચ સ્થાનો પર રહેવાની છૂટ આપે છે. આ પાંચ સ્થાનોમાં પહેલાં ચાર અસત્ય, મદ, આસક્તિ અને નિર્દયતામાં વાસ કરવા માટે કહે છે. આજીજી કરાતાં પાંચમું સ્થાન રજસ પણ આપે છે. રજસ અર્થાત્ લોભ, દંભ-દેખાવ, જડ અને સંકીર્ણ ભાવ. જ્યાં પણ આ વિકૃતિઓ હશે, ત્યાં કળિના દુષ્પ્રભાવ અર્થાત્ શોક-સંતાપ હશે.

સંતાપોથી બચવાનો ઉપાય ? ભાગવતનો એક જ સંદેશ છે - 'પ્રભુ સમર્પિત જીવન'. બીજા બધા ઉપાયો સમસ્યાઓને ગૂંચવે છે અને વિપત્તિઓને સઘન જ બનાવે છે. શ્રૃંગી ઋષિના શાપથી પરીક્ષિતનું જીવન એક સપ્તાહ સુધીનું શેષ રહી ગયું, તો તેઓ ચિંતિત ન બન્યા. કેમ કે તેઓ પ્રભુ સમર્પિત જીવન જીવી રહ્યા હતા, એટલા માટે તેમણે શેષ દિવસોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાની યોજના બનાવી. સ્થિતિઓ અને સંયોગો એવા સર્જાયા કે સાતેય દિવસો અધ્યાત્મ ચર્ચામાં વ્યતીત થયા. કથા પૂરી થયા પછી તેમણે મૃત્યુનું અતિથિની જેમ સ્વાગત કર્યું અને ઉત્સવની જેમ તેને અપનાવ્યું.

સપ્તાહભરનાં સાંનિધ્યમાં પિતા-પુત્રએ કથા પ્રસંગોનો આસ્વાદ લીધો. તેમના માધ્યમથી અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરી. જ્ઞાન, કર્મ અને ભક્તિના સાગરમાં નિમગ્ન થયા. ભાગવતનો અગિયારમો સ્કંધ શુદ્ધ તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન કરે છે. મુક્તિ અથવા નિઃશ્રેયસની પ્રાપ્તિના વિવિધ ઉપાયોની વિવેચના કરતાં આ સ્કંધમાં ભગવાન વેદવ્યાસે કાવ્યમય ભાષાનો ઉપયોગ કર્યો છે. તત્ત્વજ્ઞાનની ચર્ચા મોટેભાગે ગૂઢ-ગંભીર બની રહે છે. તે પંડિત પ્રવર લોકોને માટે જ બોધગમ્ય બની રહે છે. જેમકે વેદાંત, યોગ, સાંખ્ય, મીમાંસા આદિ શાસ્ત્રો. આ શાસ્ત્રોમાં દાર્શનિક સિદ્ધાંતોનું પ્રતિપાદન ગણિતના સૂત્રોની જેમ કરવામાં આવ્યું છે. ભાગવત કથાના અગિયારમા સ્કંધમાં બધા દાર્શનિક જાતોને કાવ્યમાં નિરૂપ્યા છે.

## તમે ભગવાનના બન્યા

કથા સાંભળવાના દિવસોમાં પણ એકાંતમાં જવાનો અને ધ્યાનમાં લીન રહેવાનો ક્રમ ચાલુ રહ્યો. અંતિમ દિવસની કથા સંભળાવ્યા પછી એક વિચિત્ર ઘટના બની. પિતાજી વાર્તા કહેવાની કે પાઠ ભણાવવાની જેમ જ ભાગવત કહી રહ્યા હતા. અનુષ્ઠાનની જેમ વિધિ-વિધાનની આવશ્યકતા સમજવામાં આવી નહોતી, તેથી પૂર્ણાહુતિના દિવસે યજ્ઞભાગ યા ભોગ આદિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો નહોતો. કથા સાંભળ્યા પછી પુત્રે પિતાજીને પૂછ્યું - કથાશ્રવણ પછી દક્ષિણા આપવામાં આવે છે. હું આપને શી દક્ષિણા ભેટ કરું ? પિતાજી પોતાના લાડકવાયાનું મોં તાકતા રહી ગયા. શ્રીરામે ફરી એ જ પ્રશ્ન પૂછયો. પંડિતજીએ દીકરાનો હાથ પકડીને ખેંચી લીધો અને તેને છાતી સાથે ચાંપી દીધો. આ વખતે પણ તેઓ કશું ન બોલ્યા. ત્રીજી વાર ફરીથી આ પ્રશ્ન પૂછવામાં આવ્યો તો ઉત્તર મળ્યો, 'તારી પોતાની જાતને ભેટ ધરી દે.' શ્રીરામે કહ્યું કે એ તો હું આપનો છું જ. આપનો આશય જો પોતાની જાતને ભગવાનને ભેટ ચડાવવાનો છે, તો તેને માટે સંકલ્પ કરાવો.

પિતાશ્રીએ હાથમાં જળ લઈને સંકલ્પ કરાવ્યો. પછી કહ્યું - હવે તું ભગવાનનો બન્યો. આશીર્વાદ લીધા પછી શ્રીરામ હંમેશાંની જેમ એકાંતમાં ચાલ્યા ગયા. ગુફાવાળી ઘટના પછી તેઓ જંગલમાં જતા નહિ, પરંતુ ક્યાં જાય છે તે પણ માતા સિવાય કોઈને ખબર નહોતી. તે દિવસે એકાંતમાં ગયા તો કલાકો વીતી ગયા. સાંજ થવા લાગી તો પણ પાછા ન ફર્યા. માતાજીને ચિંતા થવા લાગી. તેમણે પંડિતજીને પૂછ્યું કે પુત્રને ક્યાં મોકલી દીધો છે ? હજુ સુધી આવ્યો નથી. પિતા પણ ચિંતિત બન્યા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હિમાલય જવાની ઘટના યાદ આવી ગઈ. મૂંઝાઈને તેમણે કહ્યું -ક્યાંય ચાલ્યો તો નથી ગયો ? માને પણ શંકા ઊપજી. પછી પોતે પોતાની જાતને આશ્વાસન આપતાં કહ્યું - ગૌરીબાગના શિવાલયમાં એક વખત તપાસ કરી જુઓ. ત્યાં કદાચ ભક્તિમાં ન ડૂબી ગયો હોય. ગૌરીબાગ, ગામથી એકદોઢ માઈલ દૂર નાનકડો બગીચો હતો. ત્યાં આંબો, જામફળ અને લીમડાનાં કેટલાંક વૃક્ષો હતાં. ત્યાં બારેમાસ ચૂપકીદી છવાઈ રહેતી. સોમવાર, પૂનમ કે શિવરાત્રીને દિવસે લોકો શિવાલયમાં આવતા હતા. બાકીનો સમય ત્યાં ચૂપકીદી છવાયેલી રહેતી. આ જગ્યાએ શ્રીરામે પોતાનું સ્થાન બનાવી દીધું હતું.

## ગહન ધ્યાન સમાધિ

પિતાજી પોતે ત્યાં દોડી ગયા. સાથે બીજી પણ બે-ત્રણ વ્યક્તિઓ હતી. ત્યાં જઈને જોયું તો શ્રીરામ એક વૃક્ષની નીચે પલાંઠી મારીને ધ્યાનની મુદ્રામાં બેઠા હતા. પંડિતજીએ તેમને બૂમ પાડી. કોઈ ઉત્તર ન મળ્યો, શ્રીરામ અચળ બેઠા જ રહ્યા. તેમણે બીજી, ત્રીજી, ચોથી વાર બૂમ પાડી, તો પણ કોઈ અસર ન થઈ ત્યારે હાથ પકડીને હલાવવાની કોશિશ કરી. થોડો ધક્કો લાગતાં જ શ્રીરામ આગળની બાજુ મસ્તકના આધારે ઢળી પડ્યા. ધ્યાનના સમયે ખોળામાં રાખેલા હાથ હલાવવાના કારણે પ્રણામની મુદ્રામાં આવી ગયા હતા. માથું નીચે નમતાં તેમની સ્થિતિ એવી હતી કે જાણે મસ્તકથી પ્રણામ કરવા માટે આગળની તરફ ઝૂકેલા હોય અને માથું ટેકવી રાખ્યું હોય. માથું ઝુકાવેલું રાખ્યા પછી તેઓ એ જ સ્થિતિમાં પડી રહ્યા. પંડિતજીના ચહેરા પરથી જાણે નૂર ઊડી ગયું. તેમણે બેટા-બેટા કહ્યું અને નામ દઈને દસેક વાર બોલાવ્યા, હલાવ્યા-ઢંઢોળવાની કોશિશ કરી, પકડીને બેસાડવા પ્રયત્ન કર્યો પરંતુ શરીર શિથિલ જ રહ્યું. અમંગળ-અનિષ્ટની આશંકાથી ઘેરાઈને તેમણે નાકના નસકોરા પાસે આંગળી રાખીને જોયું, નાડી તપાસી જોઈ અને હૃદયના ધબકારા પણ જોયા - જીવિત હોવાનાં લક્ષણો જણાય છે કે નહીં? તો પણ નિર્ણય ન કરી શક્યા અને પિતાના મોંમાંથી ચીસ નીકળી ગઈ. સાથે આવેલા લોકોના ચહેરા પરનો રંગ ઊડી ગયો.

ચીસનું કદાચ કંઈક ભાન થયું હોય તેમ શ્રીરામની ધ્યાન-સમાધિ તૂટી. તેઓ પોતાની મેળે ઊઠીને બેઠા થયા અને પોતાની જાતને સંભાળી લેતાં પહેલાં પિતાજીને નમસ્કાર કર્યા. પુત્રના પ્રણામથી પંડિતજીને ધરપત થઈ કે તેમનો પુત્ર સકુશળ છે. તેઓ કહેવા લાગ્યા, 'મને તો ડર લાગ્યો હતો કે તું ચાલ્યો ગયો.' શ્રીરામે તત્કાળ કોઈ ઉત્તર ન આપ્યો. ઘેર જઈને પિતાએ ફરીથી એ જ વાત ઉચ્ચારી અને ભગવાનને ધન્યવાદ આપવા લાગ્યા ત્યારે બોલ્યા કે, 'આપ તેમને ધન્યવાદ કેમ આપો છો? આપ મને ભગવાનને સોંપી ચૂક્યા છો. આપ આશીર્વાદ આપો કે હું હવે તેમનું જ કામ કરું. તાઈજી ત્યાં ઉપસ્થિત હતા. તેમને આ બધી વાતો ગમતી જ ન હતી. તેઓ પતિને કહેવા લાગ્યા, 'આપે શ્રીરામને ખબર નહિ શું શું શીખવાડી દીધું છે. મને આ બધું જોઈને ખૂબ ડર લાગે છે.'

આ અનુભવ વિશે શ્રીરામે થોડા દિવસો પછી પોતાના મિત્રોને જણાવ્યું. પોતાની જાતને ભગવાનને અર્પિત કરી દીધા પછી લાગ્યું કે મનમાં અપૂર્વ શાંતિનો સંચાર થયો છે. ધ્યાનમાં બેઠા તો સંસાર જાણે અદૃશ્ય થઈ ગયો. જાણે આસપાસ કશું છે જ નહિ. કેટલી વાર ધ્યાનમાં બેસવાનું થયું તેનો સ્પષ્ટ અંદાજ નથી, પરંતુ તે સમયગાળામાં એક અદ્ભુત પ્રસંગ બન્યો. તે પ્રસંગ આંતરિક અનુભૂતિ હતો, કોઈ સ્વપ્ન હતું યા દિવ્ય દર્શન. આ બાબતમાં શ્રીરામે કશું જ કહ્યું નહીં. અનુભૂતિ એક ઘટના જેવી હતી જે પ્રત્યક્ષ બની રહી હોય તેવી લાગતી હતી. જે સમયે આ અનુભૂતિ થઈ, ત્યારે એવો આભાસ પણ નહોતો કે ધ્યાન થઈ રહ્યું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વંદનીય માતાજીનો વિભૂતિવાનોને સંદેશ

યુગપરિવર્તનના આ પૂર્વકાળમાં ઈચ્છિત પ્રયોજનોની પૂર્તિ માટે એવી આત્મબળ સંપન્ન વિભૂતિઓની આવશ્યકતા રહેશે, જેઓ ભૌતિક સાધનોથી નહીં, પરંતુ પોતાના આત્મબળથી જનમાનસના વિપરીત પ્રવાહને પલટાવી શકવાનું સાહસ કરી શકે. મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરવાની આ પુણ્યવેળા છે. આમાં મહામાનવોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવી પડશે, તેઓ જ અનુગામી બનશે અને અસંખ્ય લોકોને પોતાની પાછળ ચાલવાની પ્રેરણા આપશે. દરેક વિવેકશીલ વ્યક્તિએ આ સત્ય અધિકતમ ગંભીરતાપૂર્વક હૃદયંગમ કરવું જોઈએ અને તેના પર હજાર વાર વિચાર કરવો જોઈએ કે નિર્વાહ ઉપરાંત તેને જે કાંઈ ઉચ્ચસ્તરીય અનુદાન મળેલ છે તે બધાં મોજમજા કરવા માટે નથી, પુત્ર-પૌત્રોને ગુલછડીઓ ઉડાવવાને માટે સંપત્તિ એકઠી કરવા માટે નથી પરંતુ ઈશ્વરીય પ્રયોજનોની પૂર્તિ કરવા માટે મળ્યાં છે.

પરિવારના દરેક પરિજને પોતાની ભાવસંપદાનું અવલોકન કરવું જોઈએ. તેને ઉઠાવવી અને વધારવી જોઈએ. ચિંતનમાં ઉત્કૃષ્ટતાનો અને વ્યવહારમાં આદર્શવાદિતાનો સમાવેશ કરવો જોઈએ. આ જ વ્યાવહારિક અધ્યાત્મવાદ છે. ઈશ્વરની પૂજા-અર્ચના કરવી એટલું પૂરતું નથી, પરંતુ ભગવાનને પોતાનામાં આત્મસાત્ કરવા જોઈએ. તેને જીવનસંપદાના ભાગીદાર, અધિનાયક બનાવવા જોઈએ અને તેમના સંકેતો પર ચાલવા માટે પોતાની સમસ્ત ઉપલબ્ધિઓનું સમર્પણ કરવું જોઈએ.

આત્મિક પ્રગતિની એક કસોટી એ છે કે મનુષ્ય આત્મચિંતન, આત્મસુધારણા, આત્મનિર્માણ અને આત્મવિકાસમાં કેટલો રસ લે છે. આપણે નકલીપણાથી બહાર આવવું જ પડશે અને સાચી ઈશ્વરભક્તિનો માર્ગ અપનાવીને ઈશ્વરનો એવો સાચો અનુગ્રહ પ્રાપ્ત કરવાનો રહેશે, જે મૃત્યુ પછી સ્વર્ગપ્રાપ્તિનાં આશ્વાસનોમાં રાચતો નથી, પરંતુ દેવોપમ મહાનતાના પથ પર તત્કાલ અગ્રેસર કરે છે. આધ્યાત્મવાદી, ધર્મપરાયણ, ત્યાગી, તપસ્વી, પરમાર્થી, સંત, સુધારક, બ્રહ્મપરાયણ, મહામાનવની કક્ષાના દેવપુરુષો તે જ બની શકે છે, જેમને ભાવનાની વિભૂતિ ભગવાને આપી હોય. કંજૂસ અને સંકુચિત લોકોને આ પ્રકારનું સૌભાગ્ય મળી જ નથી શકતું.

જે સંકલ્પ અને વિશ્વાસની સાથે લોકો મોહની પૂર્તિ કરનાર સાધનોમાં પરોવાયેલા રહે છે, કામ અને ક્રોધની ક્ષણોમાં જેવી આતુરતા હોય છે, મદ અને મત્સર માટે જેટલો મનોયોગ લાગે છે તેટલો જ જો ઈશ્વરના સામયિક નિર્દેશોને સમજવામાં, આત્માના, યુગના પોકારનું અનુકરણ કરવામાં લાગે, તો સામાન્યમાં સામાન્ય કક્ષાની વ્યક્તિ પણ થોડાક સમયમાં મહામાનવ કોટિની બની જશે. તેની પ્રતિભા પ્રભાતકાલીન બ્રહ્મમુહૂર્તમાં ઉદયમાન પ્રાતઃકાળની જેમ વિકસિત, પરિષ્કૃત થઈ શકે છે. આપણામાંથી કોઈપણ પોતાને વિભૂતિવાન અને પ્રતિભાશાળી બનાવી શકે છે અને નવનિર્માણના આવશ્યક સાધનની પૂર્તિ કરવા માટે યોગ્ય વ્યક્તિત્વ નિર્મિત કરી શકે છે. આપણે આપણું સાહસ અને સંકલ્પ ઉજાગર કરવાં જોઈએ. આંધળાં ઘેટાં ક્યાં જઈ રહ્યાં છે, શું ઈચ્છે છે તે જોવાને બદલે પરમેશ્વરના સંકેતને, યુગધર્મને શિરોમાન્ય ગણીને એવાં કદમ ઉઠાવવાં જોઈએ, જે પોતાને માટે, સમસ્ત સંસારને માટે શ્રેયસ્કર સાધનો પ્રસ્તુત કરી શકે.

કલાકાર, કવિ, ગાયક, વાદક, ચિત્રકાર, મૂર્તિકાર અને અભિનેતાની આજીવિકા હવે પશુતાને બહેકાવીને અબોધ લોકમાનસ સાથે વ્યભિચાર આચરવાની છેતરપિંડી નહીં કરે, પરંતુ તેઓ પોતાની પ્રતિભાને એ જ દિશામાં વાળશે, જ્યાં વાળવા માટે માનવતા તેમને કરુણ આક્રંદભર્યા સ્વરે પોકારે છે. કલા અને સાહિત્યની ભૂમિકા આગામી દિવસોમાં નવનિર્માણની હશે. વીતી ગયેલા દિવસોમાં આ ક્ષેત્રમાં જે છેતરપિંડીએ મૂળિયાં નાંખી દીધાં છે તેમનો અહમ્ લોકધિક્કારની ઉપેક્ષામાં બળી બળીને નાશ જ પામશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિજ્ઞાન બેધારી તલવાર છે. તેનો પશુતા માટે પણ પ્રયોગ કરી શકાય છે અને સમર્થ સંરક્ષણ માટે પણ. આગામી દિવસોમાં વિજ્ઞાનના સિદ્ધાંતો અધ્યાત્મ વિરોધી ન રહેતાં સમર્થક સહયોગી બનશે. થોડાક જ સમયમાં આપણે જોઈશું કે આ વિભૂતિઓએ કેવો અદ્‌ભુત વળાંક લીધો, પ્રતિગામી તત્ત્વોને કેવી રીતે નીચું જોવડાવ્યું. સાહિત્યકાર, કલાકાર, ધર્મનેતા, વિજ્ઞાની એટલે સુધી કે સત્તાધારી પણ યુગની આવશ્યકતા અને દિશાનો પૂર્વાભાસ અનુભવી રહ્યા છે અને તેમને એ વિશ્વાસ થઈ ગયો છે કે સમયની સાથે ચાલવામાં જ ભલાઈ છે. તેઓ નિયતિની પ્રેરણા અને ભગવાનની ઈચ્છાને સમજવા લાગ્યા છે, તદનુસાર તેમનામાં સામયિક પરિવર્તન સરળતાપૂર્વક થઈ શકશે. બૌદ્ધિક પરિવર્તન માટે જ્ઞાનયજ્ઞનું વિશાળ માળખું ઊભું કરવું પડશે. રચનાત્મક અને સંઘર્ષાત્મક પ્રવૃત્તિઓનું અભિવર્ધન પણ સાધનોની અપેક્ષા રાખે છે. તેની પૂર્તિ ધનિક વર્ગની ઈચ્છા હોત તો સરળતાપૂર્વક કરી શકત, પરંતુ તે તો મૃતઃપ્રાય રોગી જેવો છે. તેના સુધરવા, બદલવાની આશા લગભગ છોડી જ દેવી જોઈએ.

જનનેતૃત્વ કરવા માટે આપણે આગળ આવવું પડશે અને આપણો અનુકરણીય આદર્શ રજૂ કરીને જનસમૂહને માર્ગદર્શન આપવું પડશે. હવે વાણીથી નહિ, પરંતુ આચરણ દ્વારા જ સાચો પ્રચાર અને સાચું માર્ગદર્શન સંભવી શકે છે. યુગસંકટની સામે ઝૂઝવા માટે સર્વસાધારણ મનુષ્યે શું કરવું જોઈએ તેનું ઉદાહરણ આપણે પોતે જ બનવું પડશે. સમયે આ જવાબદારી આપણા પર લાદી છે, તે જવાબદારીનું વહન કરવું એ જ યોગ્ય છે.

આપણે આપણા યુગની સમસ્યાઓના સમાધાનમાં ભાગ લેવો જ જોઈએ. આ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓને ઘટાડીને જ સંભવિત બની શકે તેમ છે. પહેલું પગલું આપણે અહીંથી જ શરૂ કરવું જોઈએ. વ્યક્તિગત સંપન્નતાની, પરિવારના વૈભવ-વિસ્તારની વાત થોડા સમય માટે સ્થગિત કરી દેવી જોઈએ અને સરેરાશ ભારતીય જનની જેમ નિર્વાહ પર સંતુષ્ટ રહીને પોતાની શક્તિઓને યુગપ્રયોજન કાર્યમાં પ્રયોજવી જોઈએ. બીજાં પગલાં રૂપે આપણે આપણા સમય અને સાધનોનો એક મહત્ત્વનો ભાગ નવનિર્માણ માટે નિયમિત રૂપે લગાવવાનો સંકલ્પ લેવો જોઈએ.

આસ્થા જ્યારે ગાઢ બને છે ત્યારે આ આકાંક્ષા ઉદિત થાય છે કે આત્મકલ્યાણ માટે કેટલાક કારગત પ્રયાસો કરવામાં આવે. જો કોઈ એવું વિચારતું હોય કે જપ, ધ્યાન, પ્રાણાયામ જેવા ક્રિયાકલાપ કોઈનું આત્મજ્ઞાન વધારવા માટે, આત્મિક તથ્ય પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત છે, તો તે એની મોટી ભૂલ છે. આપણે જોઈએ છીએ કે પૂજા-ઉપાસનામાં બધી રીતે ચોક્કસ વ્યક્તિ પણ જ્યારે પૂર્ણતઃ ખાલી લાગે છે તો તેનું એકમાત્ર કારણ એ જ હોય છે કે તેમણે અંતઃકરણના પરિષ્કાર અને દૃષ્ટિકોણને ઉદાત્ત બનાવવાની આવશ્યકતા અનુભવી નથી કે તે પ્રતિ કદમ ઊઠાવ્યાં નથી.

યુગ પરિવર્તનના આ પુણ્યકાળે જાગૃત આત્માઓ માટે આ ખુલ્લો પડકાર છે કે તેઓ પોતાના દૃષ્ટિકોણને પરિશુદ્ધ કરે, પોતાની રીતિ-નીતિ બદલે. અનુકરણીય આદર્શો માટે દુઃસાહસ કરી શકવું એ ન તો કઠણ-છે ન અસંભવિત. તેનું ઉદાહરણ આપણે આપણા આચરણ દ્વારા જનસાધારણ સામે પ્રસ્તુત કરવું પડશે. દેશ પરંપરાનો પ્રવાહ આ જ આધાર પર ગતિશીલ રહેશે.

પોતાના પરિજનોમાંથી પ્રત્યેક પરિજન પાસેથી આશા રાખવામાં આવે છે કે તેને પોતાના સમય, શ્રમ અને સાધનોમાંથી એક અંશ અનિવાર્ય રૂપે લોકમાનસના ભાવનાત્મક નવનિર્માણમાં લગાવવો જોઈએ. આ માત્ર દેખાડવા માટે નહિ, પરંતુ અત્યંત શ્રદ્ધાભાવથી કરવું જોઈએ. શરૂઆત ભલે સ્વલ્પથી કરવામાં આવે, પરંતુ તેનું લક્ષ્ય અધિકમાં અધિક ઉત્સર્ગનું રહેવું જોઈએ. નિષ્ઠા સાચી હશે તો સંજોગોનું નિર્માણ પણ થશે અને નવરાશ ન મળવી, અમુક વિઘ્નો રહેવા જેવાં બહાનાં શોધવાની જરૂર પણ નહીં પડે. દૈનિક ભૌતિક કાર્યક્રમોની વચ્ચે જ યુગપરિવર્તનનો કાર્યક્રમ પણ સરળતાપૂર્વક ચાલુ રાખી શકાશે. સ્વાર્થ પર થોડું નિયંત્રણ જરૂર રાખવું પડશે. જેઓ આ સમયને આળસ-ઉપેક્ષામાં વેડફી નાખશે, તેઓને પાછળથી પશ્ચાત્તાપ કરવા સિવાય કાંઈ બાકી નહિ રહે.

ધર્મ શું છે - અમુક વંશ, અમુક વેશના લોકોને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લૂંટફાટ કરવા માટે ખુલ્લું મુક્તિપત્ર. ધર્મ શું છે - કુરિવાજો, મૂઢતાઓનો ફાસલો. અધ્યાત્મ શું છે - થોડી ઘણી પૂજા-પાઠની વિડંબના રચીને દેવતાઓ સહિત ઈશ્વરને પોતાને વશ બનાવી લેવા અને તેમની પાસે અનુચિત મનોકામનાઓ પૂરી કરવા માટે બંદરની જેમ નચાવવાનું દુઃસ્વપ્ન. આજનું અધ્યાત્મ લગભગ જાદુ-મંત્રની કક્ષાએ પહોંચી ગયું છે. જેના અનુસાર કેટલાક અણઘડ શબ્દોનું ઉચ્ચારણ અને કેટલીક વસ્તુઓની ઊલટી-સીધી ગુલાંટ. આજના કહેવાતા અધ્યાત્મવાદીઓની આવી નગ્ન તસવીર જોઈને અમારું મસ્તક લજ્જાથી ઝૂકી જાય છે અને રડી પડાય છે. આટલા બધા લોકોનો આટલો શ્રમ, સમય, ધન અને મન જો કદાચ સાચા અધ્યાત્મ માટે યોજાયાં હોત, તો તેઓ સ્વયં ધન્ય બની શક્યા હોત અને પોતાના પ્રકાશથી સમગ્ર વાતાવરણમાં પ્રકાશ ભરી દઈ શક્યા હોત.

જેમણે મહાન બનવું છે, તેણે પહેલું કદમ અહીંથી જ ઉપાડવું પડશે કે પોતાના અંતરાત્માને, પોતાના ભગવાનને અને આદર્શવાદી પરંપરાઓના પરામર્શને પર્યાપ્ત માને. આત્મબળનો અર્થ છે - દિવ્ય પ્રયોજનો માટે આગળ ધપવા આડે આવતા સમસ્ત અવરોધોને કચડી શકનાર પ્રચંડ શૌર્ય અને અતૂટ સાહસ. આપણે આત્મબળનો સંગ્રહ કરવો જોઈએ અને દેવ-માનવની ભૂમિકા સંપાદિત કરવા માટે આગળ ધપવું જોઈએ.

આ આપણી વાસ્તવિક પરીક્ષાનો સમય છે. અજ્ઞાનરૂપી અસુરની સામે લડવા માટે પ્રચૂર સાધનોની આવશ્યકતા રહેશે. જનશક્તિ, બુદ્ધિશક્તિ, ધનશક્તિ જેટલી પણ કામે લગાવવામાં આવે તેટલી ઓછી છે. બહારના માણસો અંધાધૂંધીના કળણમાં આકંઠ ડૂબેલા છે. આ યુગના પોકારને યુગનિર્માણ પરિવાર જ પરિપૂર્ણ કરી શકશે. જેઓને પારિવારિક જવાબદારીઓ નિભાવવા માટે ઓછામાં ઓછો જેટલો સમય ખર્ચવો જરૂરી છે તેઓ તે કાર્યમાં એટલો જ સમય ખર્ચે અને બાકીનો સમય અજ્ઞાનના અસુરો સામે લડવા માટે ખર્ચે. જેમનાં બાળકો મોટાં થઈ ગયાં છે, જેમના ઘરમાં ભરણપોષણ વ્યવસ્થા કરનાર બીજી વ્યક્તિઓ મોજૂદ હોય, તેઓ આ જવાબદારીઓને સંપીને પૂરી કરવાની વ્યવસ્થા ગોઠવે. જેમણે પોતાનાં સંતાનો પ્રત્યેની જવાબદારીઓ પૂરી કરી દીધી છે, તેઓ પૂર્ણતઃ વાનપ્રસ્થ સ્થિતિમાં પ્રવેશ કરે અને પરિવ્રાજક બનીને જનજાગૃતિનો અલખ જગાડે. સ્થળે-સ્થળે નાના-નાના આશ્રમો બનાવવાની આવશ્યકતા નથી. આ સમયે તો આપણે પરિવ્રાજક બનીને ભ્રમણ કરવા ઉપરાંત બીજી કોઈ વાત વિચારવી જ ન જોઈએ.

મહિલા જાગૃતિ આ દેશની પોતાની એક વિશિષ્ટ સમસ્યા છે. એવી મહિલાઓ જે શિક્ષિત, કર્મઠ અને ભાવનાશાળી છે અને જેમના ખભા પર બાળકોને પાળવા-પોષવાની જવાબદારી નથી, તેઓ નારીજાગૃતિના યુગપોકારમાં પોતાની અભિનવ ભૂમિકાનો નિર્વાહ કરી શકે છે. મહિલા સમસ્યા ભારતમાં તો અત્યંત દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિમાં છે જ, કહેવાતા પ્રગતિશીલ દેશોમાં તેનું વિકૃત સ્વરૂપ તો ઓર ભયજનક છે. આ એક આંતરરાષ્ટ્રીય વિશ્વવ્યાપી સમસ્યા છે, જેનું સમાધાન કર્યા વિના મનુષ્ય જાતિનું અડધું અંગ અપંગ બની જશે અને બીજા અંગને માટે સમુન્નત સ્થિતિમાં રહી શકવાનું અસંભવિત બની રહેશે.

વ્યક્તિ અને સમાજ કઈ રીતે વિપરીત પરિસ્થિતિમાં ઘેરાઈ રહ્યાં છે, તે જોઈને ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે. આપણે સાચેસાચ જીવનના દ્વિમાર્ગ પર આવી ઊભા છીએ. આ વિષમ સમયની વેળામાં જાગૃત આત્માઓનું વિશેષ કર્તવ્ય છે. યુગનિર્માણ પરિવારે આ આપત્તિવેળામાં પોતાની વિશેષ ભૂમિકા નિભાવવાની છે. આપણે આપણી વિશિષ્ટ સ્થિતિનો અનુભવ વારંવાર કરવો જોઈએ. ઊંચા આવીને વિચારવું જોઈએ અને એવું કાંઈક કરવું જોઈએ જેનાથી ઊંચા આદર્શોનું પાલન થતું હોય. આ યુગની ગૂંચવાયેલી સમસ્યાઓને ઉકેલવામાં આપણે કશુંક તો કરવું જ પડશે. આપણી જાગૃતિનો પરિચય આપ્યા વિના હવે કામ ચાલી શકવાનું નથી. ચોકીદાર સૂતા રહેશે તો ગુંડાઓના આતંકવાળી આ અંધારભરી રાત્રિમાં કંઈ પણ બની શકે તેમ છે અને એવું પણ બની શકે છે કે જેનું પરિમાર્જન કરવાનો સમય પછી કદીય આવે જ નહિ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સુવર્ણ જયંતી શપથ-સમારોહમાં સંકલ્પની ભાવ-ભૂમિ પહેલેથી જ બનાવો

**અપનો સે અપની બાત**

ગાયત્રી તપોભૂમિનું સુવર્ણ જયંતી વર્ષ શરૂ થયાને ચાર મહિના થઈ રહ્યા છે. એ દરમ્યાન ગાયત્રી મહામંત્રલેખન અભિયાને જે ઝડપે ગતિ પકડી છે, તે જોઈને લાગે છે કે આ વર્ષ એક અદ્વિતીય કીર્તિમાન બનશે. ભારત જ નહીં, વિદેશમાં પણ મંત્રલેખન બુકોની માંગ ખૂબ છે. એવું લાગે છે કે આ મહાપુરૂષાર્થની ભાગીદારીમાં કોઈ પાછળ રહેવા નથી માંગતું. બીજાને અધિક મંત્રલેખન સાધક બનાવવાની સ્વસ્થ પ્રતિસ્પર્ધા અભિનંદનીય છે. આખરે એવું કેમ ન થાય, જ્યારે સ્વયં ગુરુસત્તાની જ સૂક્ષ્મ ચેતના પ્રત્યેક પરિજનને ઢંઢોળી રહી છે તથા પોતાની જીવન સાધના નિખારવા વિવશ કરી રહી છે તો ચોક્કસ આ સંકલ્પ ગતિ પકડશે જ. તપોભૂમિથી વિખરાયેલ બીજરૂપી આ તપ સંપદા આ પચાસમાં વર્ષે વિશ્વના ખૂણે-ખૂણે પહોંચે, બસ એ જ લક્ષ્ય છે.

ગુરુ સત્તાની મૂર્તિ સ્થાપના તથા શપથ મહા દીપયજ્ઞની વેળા આવી પહોંચી છે. ૨૦, ૨૧, ૨૨ ઓક્ટોબર તારીખોમાં આમ તો આ આયોજન મથુરામાં ગાયત્રી તપોભૂમિ તથા તેની આસપાસના ક્ષેત્રમાં સંપન્ન થશે, પરંતુ વાસ્તવમાં આ વિરાટ આયોજન પૂરા ભારત તથા વિશ્વમાં એક સાથે સંપન્ન થશે. રવિવાર ૨૦ ઓક્ટોબરની રાત્રિએ ભારતના પશ્ચિમી ભાગના બધા દેશ દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, ઈંગ્લેન્ડ, યુરોપ તથા કેનેડા, અમેરિકાના બધા પરિજન જ્યારે આને સંપન્ન કરતા હશે ત્યારે ભારતમાં પ્રાતઃકાળ મૂર્તિ સ્થાપનાનો ક્રમ ચાલી રહ્યો હશે. એ રીતે ભારતના પૂર્વ તરફના દેશ જ્યારે આપણે ત્યાં તેને રવિવારે કરતા હશે, ત્યારે તપોભૂમિમાં અખંડ જપનો ક્રમ તથા સંકલ્પ ગોષ્ઠીઓનો ક્રમ ચાલી રહ્યો હશે. વિદેશમાં રવિવારનો દિવસ જ બધાને યોગ્ય રહે છે. તેથી મોટા ભાગના પર્વ તે શનિવાર-રવિવારે મનાવે છે. તેથી સોમવારને શરદ પૂર્ણિમા તથા રવિવારની સંગતિ બંધબેસતી રહેશે. આ રીતે પૂરા ભારતની શક્તિપીઠો, શાખા સંગઠનોના કાર્યાલયો, સ્વાધ્યાય તથા પ્રજ્ઞામંડળો, રચનાત્મક કેન્દ્રો તથા પરિજનોના ઘરોમાં શરદ પૂર્ણિમાની સંધ્યામાં સંકલ્પોનો દીપોત્સવ પર્વ મનાવાશે, બધા ઓછામાં ઓછા ૨૪થી ૨૪૦૦ દીપકોનું પ્રજ્જ્વલન તથા ૨૪ ગાયત્રી મંત્રોની આહુતિ દ્વારા આ અભિયાનની સફળતા તથા તેમાં પોતાની સંકલ્પિત ભાગીદારી માટે પરમ સત્તાને પ્રાર્થના કરશે.

એક સાથે કરાયેલ આ પ્રયોગથી, જેમાં ગાયત્રી તપોભૂમિ, પ્રવચન સ્થળ, અખંડ જ્યોતિ સંસ્થાન, દેશ-વિદેશના બધા પ્રજ્ઞા સંસ્થાન, શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, પ્રજ્ઞામંડળ તથા મહિલા મંડળ બધે દીપ પ્રજ્જ્વલિત થશે, એક પ્રકારે સમૂહ મનના જાગરણનું તથા સામૂહિક સંકલ્પનું સ્વરૂપ બનશે, જેનાથી દિવ્ય વાતાવરણ સર્જાશે તથા વિચારક્રાંતિ અભિયાનને જન-જન સુધી પહોંચાડવાની આપણી સંકલ્પિત યોજના આ **સાધના તથા સંગઠન સશક્તીકરણ વર્ષમાં** સફળ થશે. દીપ પ્રજ્જ્વલનનો સમય બરોબર સાંજે ૮ વાગ્યાનો રાખ્યો છે. આ સમયે બધી જગ્યાએ દીપ પ્રજ્જ્વલિત થશે તથા સંકલ્પિત સાધકો દ્વારા શપથ લેવામાં આવશે.

**ભાગીદારી બધાની હશે–**

ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ત્રણ દિવસના આ કાર્યક્રમમાં ભાગ તો માત્ર સંકલ્પિત પ્રતિબંધોને માનીને આવેલ નક્કી કરાયેલ ૧૦-૧૫ હજાર સાધક જ લેશે, પણ સૂક્ષ્મ જગતમાં ભાગીદારી કરોડો સાધકોની હશે. બધા પરિજન પોત-પોતાની શાખાઓના બહારના વ્યક્તિઓને આમંત્રિત કરી આ મહા દીપયજ્ઞ તથા ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી આયોજનો સાથે સંકળાયેલ ઉદ્દેશ્યો તથા એમાં જન-જનની ભાગીદારી વિષે બતાવે તથા તેમનાથી પણ ભાવનાત્મક આહુતિઓ હોમાવશો. ક્ષેત્રીય કે કેન્દ્રીય સ્તરે જે પણ શપથ સમારોહ થશે. આ દરમ્યાન નિમ્ન લિખિત ભાવને ધ્યાનમાં રાખશો. શપથ પત્ર ગાયત્રી તપોભૂમિ મથુરા તથા શાંતિકુંજ હરિદ્વાર મોકલશો.

**શપથના ભાવ તથા પ્રેરણા**

(૧) ગાયત્રી તપોભૂમિના સંસ્થાપક યુગ ઋષિ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્યજીના યુગ નિર્માણના મહાન સંકલ્પમાં આપણે પણ આપણા પુરૂષાર્થની આહુતિ આપીએ, તેના માટે સ્પષ્ટ સમયબધ્ધ કાર્ય યોજના બનાવીએ.

(૨) આપણે આપણી જીવન સાધનાને વધુ પ્રખર બનાવીએ. યુગ નિર્માણની પ્રક્રિયામાં આપણે પણ એક સાધન બનીએ તેના માટે વ્યક્તિગત જીવનમાં ઓછામાં ઓછી તપશ્ચર્યાનો કેટલો અંશ આપણે ઉતારી શકીએ છીએ, એ વિચારો. જીવન સાધના, ઉપાસના રૂપી વ્યક્તિગત પુરુષાર્થથી કંઈક મહત્ત્વની ચીજ છે. એમાં સ્વયંને કસવામાં આવે છે, પોતાની વૃત્તિઓ પર નિયંત્રણ લગાવાય છે તથા પોતાની ક્ષમતાઓનું સત્પ્રવૃત્તિ સંવર્ધનમાં નિયોજન કરવામાં આવે છે તપની માત્રા વધશે, જપની સંખ્યાથી વધુ તેની શ્રધ્ધા વધશે, તો જ આપણી પાત્રતા નિખરશે. આ તથ્યને સમજીને આપણે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઓછામાં ઓછું લક્ષ્ય પોતાના માટે નિર્ધારિત કરવું, સાથે જ પોતાની સાથે નવસૃજન માટે ઉપયુક્ત વ્યક્તિઓ, વ્યક્તિત્વોના નિર્માણ તથા પોતાના તંત્રની ક્ષમતાના વિકાસની પણ યોજના બનાવો. નવા સાધક બનાવવા તથા જૂનાનો સ્તર વધારી પોતાની જવાબદારી પોતે સંભાળવી. **મંત્રલેખન અભિયાનને આપણે વધુ ગતિશીલ બનાવીએ.**

(૩) સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવા એ ચતુર્વિધ પુરૂષાર્થ ગુરુસત્તાએ આપણને વ્યક્તિત્વ નિર્માણ માટે આપેલ છે. આ ટંકશાળમાંથી જે પ્રતિભાઓ નિખરી રહી છે, તેમને હવે આ વિરાટ દેવ પરિવારમાં એક સૃજનશીલ સંગઠનના રૂપમાં ભેગા કરવા માટે સ્પષ્ટ લક્ષ્ય નિર્ધારીત કરો. સાધકોનું સંગઠન જ ક્રાંતિ લાવે છે. સંગઠનની વિધિ વ્યવસ્થા બનાવવા માટે કેંદ્રથી નિર્દેશ લઈ તેને એક પ્રામાણિક તંત્રના રૂપમાં વિકસિત કરો. નવા ક્ષેત્રોમાં સંગઠન ઉભા કરવા, બનેલા સંગઠનોને વધુ સમર્થ, સશક્ત તથા પ્રામાણિક બનાવવા માટે આપણે પોતાના લક્ષ્ય નિર્ધારીત કરીએ.

(૪) આ વિરાટ દેવ પરિવાર, ગાયત્રી પરિવારના સંયુક્ત પ્રયાસથી હવે પોત-પોતાના ક્ષેત્રની પરિસ્થિતિઓ અનુસાર સાત આંદોલનોને ક્રિયાશીલ બનાવવા માટે એક સ્પષ્ટ દિશાધારા બને. એક કે વધુ આંદોલન એક સાથે ચલાવી શકાય છે. તેના માટે આંદોલન સમૂહોનું નિર્માણ કરો. આંદોલનમાં સુનિશ્ચિત ભાગીદારી તથા તેની કાર્ય યોજનાનું સ્વરૂપ નિર્ધારીત કરો. અત્યાર સુધીની ઉપલબ્ધિઓના આધારે તેને હજી વધુ પ્રખર બનાવવા, પોતાના કાર્યક્ષેત્ર વધારવાનું વિચારો. (સાત આંદોલનોની એકરૂપતા સંબંધી લેખ સપ્ટેમ્બર ૨૦૦૨ની યુગ શક્તિ ગાયત્રી તથા ઓક્ટોબર ૨૦૦૨ની અખંડ જ્યોતિમાં પ્રકાશિત થયો છે તે વાંચશો.) આંદોલનોની સંખ્યાનું કોઈ મહત્ત્વ નથી પરંતુ કાર્ય યોજના સ્પષ્ટ હોવી જોઈએ.

(૫) આ સુવર્ણ જયંતી સમારોહ દરમ્યાન ગુરુદેવ-માતાજીની મૂર્તિ સ્થાપના સમારોહના પાવન પ્રસંગે પોતાની પાંચ વિભૂતિઓને વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણ નિમિત્તે નિયોજિત કરવા માટે નૈતિક, બૌધ્ધિક, સામાજિક ક્રાંતિઓને ફલિત કરવા માટે સંકલ્પિત કરો. એના માટે યુગ નિર્માણ સત્સંકલ્પનું આ સૂત્ર યાદ રાખો. **સમાજમાં સત્પ્રવૃત્તિઓના પુણ્ય પ્રસાર માટે પોતાના સમય પ્રભાવ, જ્ઞાન પુરૂષાર્થ તથા ધનનો એક અંશ નિયમિત રૂપે લગાવતા રહીશું.** આ સૂત્ર અનુસાર આપણી અંગત વિભૂતિઓ છે-સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તથા ધન. આજના આ ભોગવાદી યુગમાં માત્ર ધનનો જ મહિમા વધારે હોય છે. આપણે સમય, પ્રભાવ, જ્ઞાન તથા પુરુષાર્થને ધનથી ઓછું ન સમજીએ અને આ ક્ષેત્રમાં આપણે શું અને કેટલું કરી શકીએ છીએ, એ આ શપથ સમારોહમાં સ્પષ્ટ વિચારીએ.

**સમય** બધાની પાસે યથોચિત માત્રામાં છે. કોઈ સમયની કમીથી નહીં, અસ્ત-વ્યસ્તતા, પ્રમાદ તથા દીર્ઘ સૂત્રતાના શિકાર થવાથી રોગી થતા તથા પોતાનો બચેલો સમય ગુમાવી દઈ મૃત્યુનો શિકાર થાય છે. જો સમયનો સાચો ઉપયોગ કરવામાં આવે તો તેનાથી બહુ કામ થઈ શકે છે. આ આપત્તિકાળની વેળામાં સમયની મહત્તા આપણે પણ સમજીશું, બીજાને પણ સમજાવીશું એવો સંકલ્પ લેશો. **પ્રભાવ** પદનો પણ હોય છે, વ્યક્તિત્વનો પણ, આભા મંડળનો પણ. આ પ્રભાવથી ઘણાં બધાં કાર્ય સત્પ્રવૃત્તિ વિસ્તારના થઈ શકે છે, **જ્ઞાન** ભગવાન દ્વારા અપાયેલ તે ધન છે, જેને વહેંચવું જોઈએ. પોતાના સુખ માટે નહીં. એ સર્વના હિત માટે મળ્યું છે. જેટલું વહેંચીશું, એટલું જ વિસ્તરશે. આપણું અંતઃકરણ પવિત્ર બનશે, તથા આપણા સંસ્કાર રૂપે આ જ જ્ઞાન આપણી સાથે આપણી અનંત યાત્રામાં આત્માનો સાથી બનીને ચાલશે. માત્ર એ જ આ વિભૂતિ હોય છે, જે મૃત્યુ ઉપરાંત આપણી સાથે જાય છે. જ્ઞાનની ઉપાસના પણ કરીશું, ઉપાર્જનનું પણ વિતરણ એ સંકલ્પ લેશો. **પુરૂષાર્થ** સમાજમાં દુર્બળોની રક્ષા કરવા માટે પણ કરવામાં આવે છે તથા એનાથી અગણિત રચનાત્મક પ્રવૃત્તિઓને ગતિ આપી શકાય છે. પુરુષાર્થ મનુષ્યનો દૈવી ગુણ છે. જેનું નિયોજન પરમાર્થમાં ન થવાથી તે નર પશુ બની જાય છે. અકકડ સ્વાર્થી જીવન વિતાવે છે. આ શપથ સમારોહમાં પાંચેય વિભૂતિઓનું લોકહિતમાં નિયોજન કેવી રીતે થાય એની સ્પષ્ટ કાર્ય યોજના બનાવી લો.

**સ્પષ્ટ તથા સુનિશ્ચિત ફળશ્રુતિ**

દરેક કાર્યકર્ત્તા સ્તરના પરિજન ઉપરોક્ત પાંચેય આધારોની ધરી બનાવી ગુરુ સત્તાના વિચારો દ્વારા પતન નિવારણની સેવાને સર્વશ્રેષ્ઠ માની સ્વયંને આ પાવન પર્વ પર સંકલ્પિત કરશે. જે પણ સંકલ્પ આ પાવન પર્વ પર ગાયત્રી તપોભૂમિમાં કે પોત-પોતાના સ્થાનોમાં લેવાશે તે ફળીભૂત થશે. આપણો દેવ પરિવાર વિસ્તૃત થઈ પૂરી ભારત ભૂમિમાં શીઘ્ર ફેલાઈ જશે. સંકલ્પોના આધારે સ્પષ્ટ કાર્ય યોજના આવતા બે મહિનામાં બનશે, જે વસંત પર્વની પૂર્વ વેળાએ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. આ પાવન પર્વ મિશનના ઈતિહાસમાં એક નવો વળાંક લઈને આવ્યો છે. તેનો લાભ લેવાનું કોઈ પણ ચૂકશો નહિ.

આ પત્રિકામાં શપથ-પત્ર પ્રકાશિત કરવામાં આવેલ છે. એને સ્થાનીય સ્તરે છપાવી લેશો અથવા કોઈ આવતા-જતા સાથે ગાયત્રી તપોભૂમિથી મંગાવી લેશો અથવા ઓછી સંખ્યામાં જરૂર હોય તો તેની ઝેરોક્ષ કરાવી લેશો. શરદ પૂર્ણિમાની સાંજે દીપયજ્ઞમાં દેવ મંચ પર આ શપથ-પત્ર સમર્પિત કરશો. ત્યારબાદ એકત્રિત કરી એક કોપી ગાયત્રી તપોભૂમિ તથા એક કોપી શાંતિકુંજ, હરિદ્વાર મોકલશો. ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તપોભૂમિનો

# સુવર્ણ જયંતી શપથ-સમારોહ

તત્વાવધાન

### ગાયત્રી તપોભૂમિ, મથુરા તથા શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાંચલ)

## શપથ-પત્ર

જાગૃત ગાયત્રી તીર્થ, ગાયત્રી તપોભૂમિ, મથુરાના સુવર્ણ જયંતી વર્ષમાં ગુરુ સત્તાની મૂર્તિ સ્થાપના સમારોહના પાવન અવસરે આયોજિત વિરાટ ગાયત્રી મહા દીપયજ્ઞમાં અમે શપથ લઈએ છીએ કે-

(૧) ગાયત્રી તપોભૂમિના સંસ્થાપક યુગઋષિ, વેદમૂર્તિ તપોનિષ્ઠ પં૦ શ્રીરામ શર્મા આચાર્યજીના યુગ નિર્માણના મહાન સંકલ્પમાં અમે પણ પોતાના પુરુષાર્થની આહુતિ આપીશું. કેન્દ્ર દ્વારા નિર્ધારીત કાર્ય યોજના પર પૂરા સંકલ્પ બળ સાથે સ્વયંને સમર્પિત કરીશું.

(૨) પોતાના તપ તથા જપની માત્રા તથા શ્રધ્ધા વધારી પોતાની જીવન સાધનાને નિરંતર પ્રખર બનાવતા રહીશું અને નવસૃજન માટે ઉપયુક્ત વ્યક્તિત્વોનું નિર્માણ તથા તેમની પ્રતિભાઓનું સુનિયોજન કરવાની યોજના વસંત પર્વ ૨૦૦૩ પૂર્વે બનાવીશું. મંત્રલેખન અભિયાનને પૂર્ણ સફળ બનાવવા પ્રયત્ન કરીશું.

(૩) ગુરુસત્તા દ્વારા અપાયેલ સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવાના ચતુર્વિધ પુરૂષાર્થ દ્વારા નવા સાધકોનું નિર્માણ કરીશું અને આ પ્રતિભાશાળી સાધકોનું સમર્થ સંગઠન તૈયાર કરીશું. મિશનની બધી પત્રિકાઓની પાઠક સંખ્યા પાંચ ગણી વધારીશું તથા જ્ઞાનયજ્ઞને વેગ આપીશું.

(૪) સાહસી, કર્મઠ અને ધગશવાળા પરિજનોની યુગ સેનાને સુસંગઠિત કરી મિશનના સાત આંદોલનોમાંથી કોઈ બે આંદોલન પોતાના ક્ષેત્રમાં ચલાવીશું. આ પ્રાણવાનોની રૂચિ તથા સામર્થ્યને અનુરૂપ આંદોલન સમૂહોનું નિર્માણ કરીશું.

(૫) સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તથા ધન એ પાંચ આપણી વ્યક્તિગત વિભૂતિઓ છે. લોકહિતમાં આ વિભૂતિઓનું નિયોજન કરવા માટે એક સ્પષ્ટ કાર્ય યોજના બનાવીશું. તેનો સંકલ્પપૂર્વક અમલ કરવાનો પુરુષાર્થ વસંત પર્વ ૨૦૦૩ના પૂર્વે સંપન્ન કરી લઈશું.

આદ્ય શક્તિ મા ગાયત્રી તથા આરાધ્યા ગુરુ સત્તાની કૃપા તથા અનુદાનો પર અમારો પૂર્ણ વિશ્વાસ છે કે અમે પોતાના સંકલ્પોમાં પાર પડીશું.

**શરદ પૂર્ણિમા ૨૦૦૨**

શપથકર્ત્તાના હસ્તાક્ષર.................................................

પૂરું નામ.................................................................

ગામ, કોલોની, ફળિયું...................................................

પોસ્ટ.......................................................................

જિલ્લા..............................પ્રાંત................................

પિન..................................ફોન.................................



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

બારડોલી–જે. પી. નગરમાં આવેલા ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો. આ મહોત્સવ નિમિત્તે સવારે ૬ કલાકે ધ્યાન, સવારે ૭ કલાકથી ગુરૂપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે અખંડ જાપ તેમજ પૂજનની શરૂઆતથી ગુરૂ પ્રત્યેની શિષ્યની અતૂટ શ્રધ્ધા રાખવા ગુરૂપાદુકા પૂજન-અર્ચન, ગુરૂસ્ત્રોત, પ્રાર્થના, ભજન, કીર્તન, ચંદન કેસરથી પાદુકાઓનું સ્નાનનો કાર્યક્રમ શ્રધ્ધાપૂર્વક સંપન્ન થયો.

નાશિક–ગાયત્રી પરિવાર પંચવટી શાખા તરફથી વ્યસન મુક્તિ અંગે એક વાર્તાલાપનું આયોજન કરેલ હતું. તે માટે જયપુરથી પરિવારના શ્રી બાહાદુરસિંહ અને તેમના સાથીદારો દ્વારા હળવી શૈલીમાં ટુચકાઓ તેમજ બોધપ્રદ ઉદાહરણો સાથે મુદ્દાને અનુરૂપ ગીત ગાયન દ્વારા વિષયની શરૂઆત કરી. વિદ્યાર્થીઓને સારી આદતો માટે ગુટખા, દારૂ, જુગાર જેવા વ્યસનોથી દૂર રહેવા, દેશની સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ કેળવવા, કુટુમ્બ વ્યવસ્થા માટે શ્રધ્ધા રાખવા જેવા અનેક વ્યાપક અને આવશ્યક વિષયો બાબતે એકાદ કલાક જેટલું માર્ગદર્શન આપ્યું. આજના આ યુગને અને સમાજને અનુરૂપ માર્ગદર્શન બાળકોને આપી તેમના ઉજ્જવળ ભવિષ્યની કેડી ચીંધી.

ગોંડલ–ગુરુદેવના વિચારો ઘર-ઘર જન-જન સુધી પહોંચે તે હેતુથી ગુરૂપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે ગોંડલ ગાયત્રી પરિવારના બધા જ ભાઈ-બહેનોના પ્રયાસથી ગુરૂદેવ લિખિત-"અમારૂં વીલ અને વારસો" આધારિત પુસ્તક ઉપર જાહેરમાં પ્રશ્નમંચનું આયોજન ગોંડલ શહેરની મધ્યમાં ટાઉનહોલ ખાતે બપોરે રાખવામાં આવેલ. ટી.વી સીરિયલમાં કૌન બનેગા કરોડપતિની જેમ આ કાર્યક્રમનું નામ "કૌન બનેગા ગુરુદેવના સેનાપતિ" નામ આપી કાર્યક્રમ કર્યો. કુલ જપ ગ્રુપે પ્રશ્ન મંચમાં ભાગ લીધો. યુવાનો, વિદ્યાર્થીઓ, વડીલો, માતાઓ, બહેનોએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો. ૭૦૦થી ૮૦૦ ભાઈ-બહેનોએ આ પ્રશ્ન મંચ કાર્યક્રમને ઉત્સુકતાથી નિહાળ્યો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનારને આ કાર્યક્રમના સ્પોન્સર હીરામૃત સોલાર ગીઝર ઈન્ડસ્ટ્રીઝ ગોંડલ દ્વારા ઈનામ વિતરણ થયું.

રાંદેર–મોરાભાગળ ગાયત્રી શક્તિપીઠમાં ગુરૂપૂર્ણિમા પર્વ નિમિત્તે ૫૦ પાદુકાઓનું મંત્રોચ્ચાર સાથે પૂજન સંપન્ન થયું. આ પર્વનો પરિજનોએ યજ્ઞમાં આહુતિ આપી લાભ લીધો. ગુરૂ પર્વ પ્રસંગે મિશનના વિચારક્રાંતિ અભિયાનને ગતિ આપવા શ્રી જે. ડી. કાજી સાહેબે પ્રેરણા આપી.

અમદાવાદ– ગાયત્રી જ્ઞાનપીઠ જૂનાવાડજ ખાતે જિલ્લાના પરિજનોએ સવારે શ્રધ્ધાપૂર્વક ગુરૂ પૂજનનો કાર્યક્રમ સંપન્ન કર્યો. બપોરે ક્રાંતિકુંજ ખાતે સત્યનારાયણ કથાનું આયોજન પણ શ્રધ્ધાપૂર્વક કરવામાં આવ્યું. વ્યાસપીઠ ઉપરથી પ્રવીણભાઈ પંડયાએ કથાનું રસપાન કરાવ્યું. શ્રી જયંતીભાઈ પટેલ (કાકા) એ ગુરૂપૂર્ણિમા પર્વ અને જ્ઞાનયજ્ઞના મહત્ત્વ અંગે તત્ત્વ જ્ઞાન પ્રસ્તુત કર્યું.

વડોદરા– ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે વડોદરા શહેરના જોન નં-૩ વિસ્તાર સુભાનપુરા-ઈલોરા પાર્ક ગોરવા, ગોત્રી, પંચમૃત, સમતા, કોયલીના સર્વે પરિજનો સંગઠિત થઈને સામૂહિક અખંડ જપ અને દીપ યજ્ઞનું ભવ્ય વિશાળ આયોજન કરેલ. તેમાં હજારની સંખ્યામાં સર્વે ધર્મના ભાઈ-બહેનો એ અખંડ જપ સવારે ૬.૩૦ થી સાંજે ૩.૩૦ અને ૩.૩૦ થી ૫.૩૦ દીપયજ્ઞ માં ભાગ લીધેલ. વ્યાસપીઠ ઉપરથી શ્રીમતી રશ્મીબહેન પટેલે (ડભોઈવાળા) વિશિષ્ઠ શૈલીમાં વિશાળ સમુદાયને ગુરુપૂર્ણિમાનો મહિમા તથા દીપયજ્ઞના માધ્યમથી સમક્રાંતિ અને યુગ પરિવર્તન પ્રક્રિયા અંતર્ગત સહવિસ્તાર રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ ૧૦૦૮ દીપયજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂ. ગુરુદેવનું સાહિત્ય તથા મંત્ર-લેખન નોટબુકનું બ્રહ્મભોજમાં વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે અંશદાન તથા સમયદાન આપવાના સંકલ્પો ધારણ કરવામાં આવ્યા હતા.


ગાંધીધામ (કચ્છ)– ૯ ઓગષ્ટ ૨૦૦૨ના રોજ ગાંધીધામ ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને રાજ્ય પારિતોષિક પુરસ્કૃત શ્રેષ્ઠ શિક્ષક શ્રી બાબુલાલ શ્રીમાળીના સનિષ્ઠ પ્રયાસોથી કંડલા મુક્ત વ્યાપાર ઝોન ક્ષેત્રની ભક્તિનગર સોસા૦ આદીપુર કિશનનગર સોસા૦ એફ.સી.આઈના ઝાંપા પાસે સુંદરપુરિની ઝૂંપડપટ્ટી, લાયન્સકલબ પાસે તથા સુલભટેનામેન્ટસ ખાતે સવારે ૯.૦૦થી સાંજે ૫.૩૦ સુધી વિવિધ ક્ષેત્રોમાં ગાંધીનગર, ગાયત્રી શક્તિપીઠના વરિષ્ટ પરિવ્રાજક શ્રી નાનકદાસજી સાધુની આધ્યાત્મિક ગોષ્ઠીઓની ગાયત્રી ઉપાસના અને વિચારક્રાંતિ અભિયાનના યુગ સાહિત્યનું જ્ઞાનદાન કરવામાં આવ્યું. સમાજના અતિ અભાવગ્રસ્ત, દીન-હીન અને ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારોને દિશા મળે તે દિશાના યત્નો કરી જીવનની શૈલી બદલી વ્યસનો, કુટેવો, બુરાઈઓથી દૂર થવા વિશેષ ઉદ્‌બોધન કરેલ.

●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY
REGD.No. AG/MTR-39 Licened to post without Prepayment. LICENCE-AG/MTR-01







સંસ્થાપક-સંરક્ષક ઋષિયુગ્મ ગાયત્રી તપોભૂમિ મંદિરના પગથિયાં પર (૧૯૭૦-૭૧)




ગાયત્રી તપોભૂમિ મથુરાના અનેક દૃશ્યો.
આ તીર્થની સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ મનાવાઈ રહ્યું છે.
(સ્થાપના ૧૯૫૩ ગાયત્રી જયંતી)

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ યોજના પ્રેસ મથુરામાં મુદ્રિત અને યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ પંડયા, સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.